# જૈન પાઠાવલી

શ્રેણી : ૨૩



શ્રી બૃ. મું. વ. સ્થાનકવાસી જૈન મહાસંઘ સંચાલિત
દર્શન જ્ઞાન ચારિત્ર
માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા
ધાર્મિક શિક્ષણ બોર્ડ


પ્રકાશક :

**શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**

સંચાલિત :

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

# પ્રકાશન દિન


| | | |
|---|---|---|
| વીર સંવત | : | 2552 |
| વિક્રમ સંવત | : | 2082 |
| ઈ.સ | : | March 2026 |
| પ્રત | : | 1000 |
| જ્ઞાનાર્થે | : | 25 ₹ |


## પ્રાપ્તિ સ્થાન


**શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**

**: સંચાલિત :**

**માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ**

આરાધ્યા–૧અર્થ–ગ્રાઉન્ડ ફ્લોર, H–વીંગ, નાયડુ કોલોની,
પંતનગર, ઘાટકોપર (ઇ)– મુંબઈ – ૪૦૦ ૦૭૫

Office : 9702277914
Chaaya Coticha : 9029933775
Alpa Mehta : 9820596646

E-mail : jainshikshanboard@gmail.com
website : www.jainshikshan.org

# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)

**શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના શ્યામ પરિવારના શિષ્યરત્ન**
**પ. પૂ શ્રી ધૈર્ય - સૌમ્ય ગુરુદેવના શિષ્ય પ. પૂ ઉપાધ્યાયજી**
**શ્રી ભવ્ય ગુરુદેવના સુશિષ્ય તપસ્વીરત્ન**
**પ. પૂ શ્રી રાજવિર્યમુનિ મહારાજ સાહેબનું**

## જીવન દર્શન



**દીક્ષા દિન - 1st ફેબ્રુઆરી, 2015**
**(ઉંમર વર્ષ - 63) અને**
**ત્યાર બાદનો તપમય માર્ગ**
**અઠ્ઠાઈ - 62, માસક્ષમણ - 4,**
**16 ભથ્થાં - 3**

**पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणांइ**
**जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च**

**પાછલી ઉંમરે દિક્ષીત થનાર આત્મા પણ તપ, સંયમ,**
**ક્ષમા અને બ્રહ્મચર્યના પાલનથી શિઘ્રાતીશિઘ્ર ઉચ્ચ ગતિને પામે છે.**

## દીક્ષા પૂર્વ જીવન

ગામ રવ (કચ્છ-વાગડ) ના સુશ્રાવક શ્રી કરસનભાઈ દેવરાજભાઈ કારીયાના પુત્રરત્ન શ્રી રાયશીભાઈ, શ્રી થાણા સંઘના પ્રમુખ પદે 7 વર્ષ સુધી સેવાને જીવનમૂલ્ય બનાવી, અનેક ધાર્મિક પ્રવૃત્તિઓનું સફળ નેતૃત્વ કરનાર અને આ સમયમાં 64 પ્રહરી ચૌવિહારા પૌષધ-અઠ્ઠાઈ જેવી તપસ્યાની એ પાવન ક્ષણોમાં અંદરથી સંયમ જીવન માટે ઊંડો ભાવ ઉદ્ભવ્યો.

એવા શ્રી ગુરુભગવંતને કોટી કોટી પ્રણામ

# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)



## માતુશ્રી નીલુબેન રાયશીભાઈ કરસનભાઈ કારીયા

ગામ-રવ (કચ્છ વાગડ) હાલ-થાણા, મુંબઈ

શ્રી થાણા સંઘની પાઠશાળામાં છેલ્લા 40 વર્ષથી
નિ:સ્વાર્થ ભાવથી જ્ઞાનદાતા તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે.

તેમના સેવા કાર્યકાળ દરમિયાન સેંકડો બાળકોમાં જ્ઞાનનું
સિંચન કર્યું  અને અનેક બહેનોને દીક્ષા ગ્રહણ કરવાની પ્રેરણા મળી છે.

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર, લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

## ધાર્મિક શિક્ષણ બોર્ડ

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

# શ્રુતપ્રભાવક



**સ્વ. શ્રી સુરેશભાઈ તથા સ્વ. શ્રી ઉર્મિલાબેન શાહની સ્મૃતિમાં**

**SK પરિવાર , મલાડ ...**

**સૌ. ઉર્વીબેન ચિંતનભાઈ શાહ ચિ. માહી ચિંતનભાઈ શાહ..**

**ચિ. સાન્વી ચિંતનભાઈ શાહ**

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર,

લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

## ધાર્મિક શિક્ષણ બોર્ડ

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Nayadu Colony, Pant Nagar, Ghatkopar (E), Mumbai- 400077

## જ્ઞાનદાન મહાદાન

### જ્ઞાન યોજના

1,00,000/- શ્રુતસ્તંભ

| | | | |
|---|---|---|---|
| 75,000/- | શ્રુતાધાર | 11,000/- | શ્રુતસહયોગી |
| 51,000/- | શ્રુતપ્રભાવક | 5000/- | શ્રુતસહાયક |
| 25,000/- | શ્રુતપ્રેરક | 2,500/- | શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 25 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે. આપશ્રી જ્ઞાનદાન યોજનામાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

### Banking Details for DONATION to Dharmik Sikshan Board

| | |
|---|---|
| A/c Name | : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh |
| Bank Name | : Bank of Baroda |
| A/C No | : 70130100028329 |
| Branch | : Ghatkopar East |
| IFSC Code | : BARBOGHAEAS |

ચેક/ ડ્રાફ્ટ શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા.જૈન મહાસંઘ નામે લખો

# અતીતની અટારીએથી

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યાં છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહીં પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોષમાંથી ક્યારના રવાના થઈ ગયાં છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે, સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે!

પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ?

કદાચ યંત્ર યુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા રહી જાય છે. દરેક વ્યકિત કોઈને કોઈ દુ:ખથી ઘેરાયેલી છે. આ બધાં દુ:ખોથી મુક્ત થવું હોય તો સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માનો ધર્મ અને ધર્મની યથાર્થ સમજણ જ સહાયક થાય છે.

પરિસ્થિતિને જાણીને સમજીને વિચક્ષણ દીર્ઘદ્રષ્ટા વડીલોની આગેવાની લઈને અંદાજે 60 વર્ષ પૂર્વે એટલે કે, 30.07.1961 ના બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના 32 આગમમાંથી પ્રેરણા લઈ આગમ સાગરમાંથી મંથન કરીને સરળ ભાષામાં તેનો બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વનાં સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત જ્ઞાનનો વિકાસ થાય તે માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે પ્રારંભમાં શ્રેણી એકથી સાતના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. આ પાઠ્યક્રમ તૈયાર કરવામાં પૂજ્ય શ્રી સંત-સતીજીઓનો અવિસ્મરણીય સાથ સહકાર મળ્યો.

પછી ક્રમશ: સંઘના વિદ્વાનોએ course નો વિકાસ કર્યો, જેને કારણે આજે એકથી પચ્ચીસ શ્રેણીનો course તૈયાર થઈ ગયો છે અને જ્યારે-જ્યારે જરૂર લાગી ત્યારે નવી આવૃત્તિમાં ફેરફાર પણ કર્યા છે. વર્તમાને ફરીથી આ book ફેરફાર સાથે નવા સ્વરૂપમાં આપણે પ્રકાશિત કરીએ છીએ. આની પાછળનો હેતુ આબાલવૃદ્ધ બધાં આમાં જોડાઈ શકે અને વધુમાં વધુ લોકો પરમાત્માના ધર્મની સન્મુખ થાય, એ જ છે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતાં-કરતાં આજે માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન સાથે સંસ્કાર સંપન્ન ભાવિ પેઢીના નિર્માણ માટે કાર્યશીલ છે.

Course તૈયાર કરવામાં અનેક ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે. અને એ માર્ગદર્શન અનુસાર અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે અભિવાદન કરીએ છીએ.

આ Course ને કારણે આજ સુધીમાં લાખો લોકો પરીક્ષાના માધ્યમથી જૈનત્વના સંસ્કારને પામ્યા અને ભવિષ્યમાં પણ વધુમા વધુ લોકો આ અભ્યાસક્રમમાં જોડાઈને સુસંસ્કારને પામીને પોતાના ભાવિને ઉજ્જવળ બનાવે એ જ અભ્યર્થના.

## ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિ

1. 60 વર્ષોથી જૈનધર્મના જ્ઞાન પ્રસાર અર્થે જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન કરનારી સંસ્થા
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. બાલ પાઠાવલી એવમ એકથી પચ્ચીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન.
8. Technology ના માધ્યમથી online, મૌખિક અને લિખિત પરીક્ષા દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online certificate અને ઇનામ વિતરણ.

આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે
જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# શ્રેણી : ૨૩

# જૈન પાઠાવલી (Level - 23)

| પ્રશ્ન | ગુણ | આગમ નામ | અભ્યાસક્રમ | પાના નં. |
|---|---|---|---|---|
| ૧ | ૨૦ | શ્રી આવશ્યક સૂત્ર | સામાયિક, પ્રતિક્રમણ, સંપૂર્ણ અર્થ સહિત. સામાન્ય પ્રશ્નોત્તરી | ૧ |
| | | શ્રી આવશ્યક સૂત્ર | પ્રતિક્રમણમાં પ્રથમ ત્રણ આવશ્યકની મહત્તા. | |
| ૨ | ૧૦ | શ્રી ઠાણાંગ સૂત્ર સ્થાન ૮, ૯ | (સ્થાન ૮) બોલ-૧૮, ૩૮, ૫૧, ૫૫, ૧૦૬, ૧૦૯ (સ્થાન ૯) બોલ-૧૨, ૨૨, ૩૭, ૫૨ | ૦૯ |
| | ૧૦ | શ્રી સૂયગડાંગ સૂત્ર | શ્રુતસ્કંધ-૧ અધ્યયન ૭, ૮, ૯ પ્રશ્નોત્તર | ૧૮ |
| ૩ | ૧૦ | શ્રી ઉપાસક દશાંગ સૂત્ર | દસ શ્રાવકોનો અધિકાર | ૨૮ |
| | ૧૦ | શ્રી વિપાક સૂત્ર | બીજો, શ્રુતસ્કંધ | ૩૪ |
| ૪ | ૨૦ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | અધ્યયન-૨૨ રહનેમિ, સંપૂર્ણ અધ્યયન ગાથા કંઠસ્થ, ભાવાર્થ સહિત | ૪૩ |
| ૫ | ૧૦ | શ્રી ભગવતી સૂત્ર | શતક-૧૨, ઉ-૯ પાંચ દેવ, | ૫૨ |
| | ૧૦ | જીવોની માર્ગણા ૫૬૩ પ્રશ્નો તથા ઉત્તરો. | માર્ગણા ૧ થી ૨૦૦ સમજણ સાથે. | ૬૯ |

# પ્રતિક્રમણમાં પ્રથમ ત્રણ આવશ્યકની મહત્તા

## પ્રથમ આવશ્યક - સામાયિક

(૧) પ્રતિક્રમણ આત્મવિશુદ્ધિની મહત્ત્વપૂર્ણ સાધના છે. તે સાધનાની પૂર્ણતા માટે શ્રી આવશ્યક સૂત્રમાં છ આવશ્યકનું કથન છે. તેમાં પ્રથમ આવશ્યક સામાયિક છે. જીવના અનાદિકાલીન ભવભ્રમણનું મૂળ કારણ રાગ-દ્વેષ આદિ વિષમભાવો છે. તેથી તીર્થંકરો સંયમ સ્વીકાર કરતી વખતે યાવજ્જીવનની સામાયિકનો સ્વીકાર કરે છે. ત્રિકરણ અને ત્રિયોગે સર્વ પ્રકારની પાપપ્રવૃત્તિનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિત થવા પુરુષાર્થ કરે છે. સાધનાકાલમાં અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગો અને પરીષહોને સમભાવથી સહન કરે છે. આ રીતે સમભાવને જ પુષ્ટ કરતાં જ્યારે વિષમભાવોનો, રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ થાય છે અને અખંડ સમભાવને પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓ વીતરાગદશાને પામી જાય છે. આ રીતે સાધનાનો પ્રારંભ સામાયિકથી થાય છે અને તેની પૂર્ણતા પણ અખંડ સામાયિકમાં જ છે, તેથી તીર્થંકરો ચતુર્વિધસંઘને સામાયિકનો ઉપદેશ આપે છે.

મોક્ષપ્રાપ્તિનાં અમોઘ સાધન રૂપ સામાયિકનું સ્વરૂપ, તેનાં લક્ષણો, અધિકારી, તેની વિધિ, દોષો વગેરે વિષયોનો વિસ્તૃત બોધ સાધક જીવનમાં અનિવાર્ય બની જાય છે.

### સામાયિકનું સ્વરૂપ :

સાધક જીવનની અત્યંત ઉપયોગી સાધના સામાયિક છે, તો સામાયિક શું છે ? શું તે કોઈ વસ્તુ છે, કોઈ વિધિ-વિધાન છે કે કોઈ ચોક્કસ પ્રકારની પરિસ્થિતિ છે ? શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે आया सामाइए, आया सामाइयस्स अट्ठे । - શતક-૧/૯. આત્મા સામાયિક છે અને આત્મા જ

સામાયિકનો અર્થ છે. શ્રી ભગવતી સૂત્રનો પાઠ ઘણો સંક્ષિપ્ત છે પરંતુ તેમાં ચિંતનની વિશાળ સામગ્રી ભરેલી છે.

(૧) રાગ-દ્વેષ, વેર-ઝેર, ક્રોધાદિ કષાયોથી મુક્ત સમભાવની પરિણતિ, તે જ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તે જ સામાયિક છે અને શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવું, તે સામાયિકનો અર્થ (ફળ) છે.

(૨) પ્રભુ મહાવીરે આત્મા માટે 'સમય' શબ્દનો પ્રયોગ કર્યો છે. समये भवं सामायिकं। આત્માના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થવું, તે **સામાયિક** છે. તે ઉપરાંત કાલ દ્રવ્ય માટે પણ 'સમય' શબ્દનો પ્રયોગ થાય છે. આ જગતની દશ્યમાન પ્રત્યેક ચીજ-વસ્તુ ક્ષણિક છે, પરિવર્તનશીલ છે સમય અપરિવર્તનશીલ અને શાશ્વત છે. વ્યવહારમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલ રૂપ કાલના ત્રણ ભેદ થાય છે. ભૂતકાલ વિનષ્ટ છે, ભવિષ્યકાલ અનુત્પન્ન છે, એક સમય રૂપ વર્તમાનકાલ જ વાસ્તવિક છે. કાલદ્રવ્યનો અવિભાજ્ય અંશ, સમય છે, તે અત્યંત સૂક્ષ્મ છે. તેને પામવો, તેનો અનુભવ કરવો, તે સામાયિક છે. જે સમયે આપણે ભૂતકાલના સ્મરણો અને ભવિષ્યની કલ્પનાથી પૂર્ણપણે મુક્ત થઈએ છીએ ત્યારે જ વર્તમાનમાં જીવી શકીએ છીએ. ભૂતકાલના સ્મરણો અને ભવિષ્યની કલ્પનામાં અનેક સંકલ્પ-વિકલ્પો, રાગ-દ્વેષ, વ્યાકુળતા, આર્તધ્યાન અને કર્મબંધન છે. તેથી કેવળ વર્તમાન સમયમાં જ રહેવું તે **સામાયિક** છે.

(૩) સમ્ ઉપસર્ગપૂર્વક ગત્યર્થક इण् ધાતુથી 'સમય' શબ્દ બને છે. सम - એકીભાવપૂર્વક, अय - ગમન. એકીભાવપૂર્વક અર્થાત્ સર્વાંશે બાહ્ય-ભૌતિક ભાવોથી પાછા ફરીને આત્મભાવો તરફ ગમન કરવું, તે 'સમય' છે અને સમયનો ભાવ, તે સામાયિક છે.

(૪) સમ - સમભાવ, આય-લાભ. જે ક્રિયા દ્વારા સમભાવનો લાભ થાય, તે

સામાયિક છે. બાહ્ય દૃષ્ટિનો ત્યાગ કરીને અંતર્દૃષ્ટિને અપનાવીને મનને આત્મનિરીક્ષણમાં જોડવું, વિષમભાવનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિર થવું, આ આત્મસ્વરૂપમાં રમણ કરવું, તે સામાયિકનો ઉચ્ચ આદર્શ છે.

**સામાયિકનો રૂઢાર્થ :**

એકાંત સ્થાનમાં શુદ્ધ આસન પાથરી, શુદ્ધ વસ્ત્ર પહેરી, બે ઘડી-૪૮ મિનિટ પર્યંત 'કરેમિ ભંતે' નામના પ્રતિજ્ઞા પાઠના ઉચ્ચારણપૂર્વક સર્વ પાપપ્રવૃત્તિઓનો ત્યાગ કરી, સ્વાધ્યાય, ધ્યાન, જપ, ધર્મકથા આદિ ધાર્મિક ક્રિયાઓમાં સમય વ્યતીત કરવો, તેનું નામ સામાયિક છે.

**સામાયિકના લક્ષણો :**

સામાયિકના લક્ષણોમાં 'સમતા' જ મુખ્ય છે અને સમતા ભાવ તે આત્માના પરિણામ રૂપ હોવાથી અન્ય લોકો જાણી શકતા નથી. આચાર્યોએ સામાયિકના મુખ્ય ચાર લક્ષણોનું કથન કર્યું છે.

(૧) સર્વ જીવો પ્રતિ સમભાવ (૨) પાંચે ઈન્દ્રિયોનો સંયમ (૩) મૈત્રી આદિ ચાર ભાવના (૪) આર્ત–રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મ ધ્યાનનું ચિંતન કરવું, તે સામાયિક છે.

**સામાયિકના પ્રકાર :**

સામાયિક આત્માની શુદ્ધ પરિણતિ છે, તેથી તેના પ્રકાર થઈ શકતા નથી પરંતુ તેના અધિકારીની અપેક્ષાએ તેના ત્રણ પ્રકાર છે.

(૧) સમ્યક્ત્વ સામાયિક, (૨) શ્રુત સામાયિક, (૩) ચારિત્ર સામાયિક. ચારિત્ર સામાયિકના બે ભેદ છે - (૧) આગાર-ગૃહસ્થોની સામાયિક અને (૨) અણગાર–સાધુઓની સામાયિક.

**(૧) સમ્યક્ત્વ સામાયિક :** જિનવચનમાં દૃઢતમ શ્રદ્ધા રાખવી, તે સમ્યક્ત્વ

સામાયિક છે. મોક્ષમાર્ગનો પ્રારંભ સમ્યગ્દર્શનથી જ થાય છે. સર્વ પાપકારી પ્રવૃત્તિથી મુક્ત થવા માટે, સમજણપૂર્વક સમભાવમાં સ્થિર થવા માટે સમ્યગ્દર્શનનું મહત્ત્વ છે, તેથી સૂત્રકાર સમ્યગ્દર્શનને સામાયિક કહે છે અથવા આત્મસ્વરૂપની અનુભૂતિ, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે અને તે સમભાવરૂપ હોવાથી, સમ્યગ્દર્શન, તે સામાયિક છે.

(૨) **શ્રુત સામાયિક :** કેવલી પ્રરૂપિત આગમોનું અધ્યયન કરવું, શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરવું, તે શ્રુત સામાયિક છે. આચરણની શુદ્ધિ માટે ચારિત્રના પાલન માટે શ્રુતજ્ઞાન જરૂરી છે. સમભાવની સિદ્ધિમાં શ્રુતજ્ઞાન સાધનભૂત છે, તેથી શ્રુતને પણ સામાયિક કહે છે.

(૩) **ચારિત્ર સામાયિક :** સાવદ્યયોગના ત્યાગપૂર્વક નિરવદ્યયોગનું સેવન, સમભાવ સહિતનું આચરણ, તે ચારિત્ર સામાયિક છે. તેના બે ભેદ છે – **(૧) આગાર સામાયિક** – ગૃહસ્થોના સંબંધોનો પૂર્ણપણે ત્યાગ કર્યા વિના, મર્યાદિત કાલ માટે પાપસ્થાનની અનુમોદનાના આગાર સહિત થતી સામાયિકની આરાધના, તે આગાર અર્થાત્ ગૃહસ્થોની સામાયિક છે. તેમાં પાપસ્થાનનો ત્યાગ સર્વાંશે થતો નથી તેમજ યાવજ્જીવન માટે થતો નથી. પરંતુ એક દેશથી થાય છે, તેથી તેને દેશવિરતિ ચારિત્ર પણ કહે છે.

**(૨) અણગાર સામાયિક** – ગૃહસ્થના સંબંધોનો સંપૂર્ણપણે ત્યાગ કરીને, યાવજ્જીવન માટે કોઈ પણ પ્રકારના આગાર વિના થતી સામાયિકની આરાધના, તે અણગાર અર્થાત્ સાધુઓની સામાયિક છે. તેમાં સર્વાંશે પાપસ્થાનનો ત્યાગ થતો હોવાથી તેને સર્વવિરતિ ચારિત્ર કહે છે.

**સામાયિકની મહત્તા :** સામાયિકના સ્વરૂપદર્શનથી જ તેની મહત્તા સહજ રીતે સમજી શકાય છે. સામાયિક, તે શુદ્ધ આત્મસ્થિતિ છે. આધિ, વ્યાધિ અને ઉપાધિથી દુ:ખી જીવોના સર્વ દુ:ખોનો અંત કરવા માટે

સામાયિક એ શ્રેષ્ઠ સાધના છે, તેથી જ તીર્થંકરો, ગણધરો અને પૂર્વાચાર્યોએ નિરપવાદપણે સાધનાના પ્રારંભમાં જ સામાયિકની સાધનાનો સ્વીકાર કર્યો અને તેના દ્વારા આત્મશુદ્ધિ કરવા જગજ્જીવોને ઉપદેશ આપ્યો છે.

તીર્થંકરો સંયમ અંગીકાર કરતી વખતે અખંડ સામાયિકમાં રમણ કરનારા અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને યાવજ્જીવનની સામાયિકનો સ્વીકાર કરે છે અને તેના પ્રભાવે જ તીર્થંકરોને મન:પર્યવજ્ઞાન પ્રગટ થાય છે. અખંડ સામાયિકના ભાવોને અર્થાત્ વીતરાગદશાને પ્રાપ્ત કરે છે ત્યાર પછી જ ઘાતિકર્મોનો પૂર્ણપણે ક્ષય થતાં કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થાય છે. આ રીતે સાધનાનો પ્રારંભ સામાયિકથી અને સાધનાની સિદ્ધિ પણ અખંડ સામાયિકમાં જ છે.

જીવની સંપૂર્ણ શુદ્ધ દેહાતીત એવી સિદ્ધદશામાં પણ સ્વરૂપ રમણતા રૂપ સામાયિક ચારિત્ર હોય છે કારણ કે તે જીવનો સ્વભાવ છે. ભૂતકાલમાં અનંત સિદ્ધ થયા, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે, તે સર્વ સમાયિકની સાધનાથી જ થાય છે.

સામાયિક, તે સ્વરક્ષાથી સર્વરક્ષા સુધી પહોંચાડનારો સેતુ છે. સામાયિકની સાધના દરમ્યાન સાધક સ્વયં રાગ-દ્વેષાદિ કષાયોથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે, તેથી તે પોતાના ભાવપ્રાણની હિંસાથી દૂર રહી સ્વરક્ષા કરે છે તે જ રીતે તે કાલ દરમ્યાન અન્ય સૂક્ષ્મ-સ્થૂલ કોઈ પણ જીવોની હિંસા કરતો નથી. સાધકના અંતરમાં દયા, પરોપકાર, કરૂણા, ક્ષમા, ઉદારતા જેવા અનેક આત્મગુણોનો વિકાસ થાય છે. સામાયિક વિનાની સર્વ સાધના શૂન્ય છે, તેથી જ પૂર્વાચાર્યોએ કહ્યું છે કે

કરોડો જન્મો સુધી નિરંતર ઉગ્ર તપ કરનાર તપસ્વી જે કર્મોને નષ્ટ કરી શકતા નથી, તે કર્મોને સમભાવપૂર્વક સામાયિક કરનાર સાધક માત્ર અડધી

ક્ષણમાં જ નષ્ટ કરી નાંખે છે. આ રીતે સામાયિકની સાધના સાધકના શરીરને સ્વસ્થ, મનને શાંત અને આત્માને ઉજ્જવળ બનાવે છે. સમભાવ રૂપ આત્મપરિણામ જ સાધકની સાધનાનું સર્વસ્વ છે.

**સામાયિકથી થતાં લાભ:** (૧) સામાયિકના કાલ દરમ્યાન સર્વ સાવદ્યયોગના પચ્ચક્ખાણ થઈ જવાથી સાધકને સમગ્ર લોકના અઢારે પાપસ્થાન સંબંધી આવતી રાવી અટકી જાય છે. (૨) સામાયિક સંવરની સાધના હોવાથી આત્મગુણોનો વિકાસ થાય છે. (૩) આઠે કર્મોના અશુભ બંધ અટકી જાય છે અને શુભ કર્મનો બંધ થાય છે. (૪) મૈત્રી આદિ ચારે ભાવનાની પુષ્ટિ થાય છે. (૫) શારીરિક અને માનસિક શાંતિ મળે છે. (૬) સામાયિકમાં બાર પ્રકારના તપની આરાધના થાય છે.

જેનું મૂલ્ય આંકી ન શકાય તેવી અમૂલ્ય સાધના સામાયિક છે. ગ્રંથોમાં કહ્યું છે કે એક શુદ્ધ સામાયિક કરનાર ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ (બાણુ કરોડ, ઓગણસાઠ લાખ, પચીશ હજાર, નવસો પચ્ચીસ) પલ્યોપમનું દેવાયુષ્ય બાંધે છે, તે જીવ નરકાદિ અશુભ ગતિના નદાવા કરે છે, તેથી ભગવાન મહાવીર સ્વામીએ શ્રેણિક રાજાને નરકગતિ નિવારણ માટે પુણિયા શ્રાવકની સામાયિકનું ફળ લાવવાનું કહ્યું હતું. તેનાથી સ્પષ્ટ થાય છે કે સામાયિકની આરાધના નરક ગતિના બંધને અટકાવે છે. સંક્ષેપમાં સામાયિકની સાધનાથી આશ્રવ નિરોધ રૂપ સંવર, પૂર્વકૃત કર્મોની નિર્જરા અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**સામાયિકમાં છ આવશ્યકનો સમાવેશ:** સાધનાના ક્ષેત્રમાં સામાયિક, તે સર્વ શ્રેષ્ઠ સાધના છે, તેમાં સર્વ સાધનાના અંગભૂત છ આવશ્યકનો સમાવેશ થાય છે.

છ આવશ્યકોનું પૂર્ણરૂપે આચરણ તો પ્રતિક્રમણ વખતે થાય છે પરંતુ સર્વપ્રથમ સામાયિક આવશ્યકમાં પણ બાકીના પાંચ આવશ્યકો સમાવિષ્ટ છે, તે આ પ્રમાણે છે - (૧) करेमि सामाइयं માં સામાયિક આવશ્યક, (૨) भंते માં

ચતુર્વિંશતિસ્તવ, (૩) **तस्सभंते** માં ગુરુવંદના, (૪) **पडिक्कमामि** માં પ્રતિક્રમણ, (૫) **अप्पाणं वोसिरामि** માં કાયોત્સર્ગ, (૬) **सावज्जं जोगं पच्चक्खामि** માં પ્રત્યાખ્યાન આવશ્યકની ઝાંખી થાય છે. આ રીતે એક સામાયિકની સમ્યક્ પ્રકારની આરાધના દ્વારા પણ છ એ છ આવશ્યકોનું આચરણ કરીને જીવ પોતાનું આત્મકલ્યાણ કરી શકે છે.

**બીજો આવશ્યક : ચતુર્વિંશતિસ્તવ**

પ્રતિક્રમણના બીજા આવશ્યકનું નામ ચૌવિસંથો-ચતુર્વિંશતિસ્તવ છે. પ્રથમ સામાયિક આવશ્યકની આરાધનાથી સાધક સર્વ પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ સમભાવમાં સ્થિર થવા પુરુષાર્થશીલ બને છે. પરંતુ પૂર્વના સંસ્કારો તેને પુન: પુન: પાપપ્રવૃત્તિમાં ખેંચી જાય છે. તેથી પોતાના લક્ષ્યની સિદ્ધિ માટે તેને શ્રેષ્ઠ આલંબન જરૂરી બને છે. સાધકોને માટે તીર્થંકરો જ શ્રેષ્ઠ આલંબન છે.

જેમ ચિત્રકાર જે ચિત્ર બનાવવું હોય, તેને પોતાના મનમાં બરાબર અંકિત કરે છે અને ત્યાર પછી તેના આધારે પોતાનું કાર્ય કરે છે, તેમ સાધક પણ પોતાના લક્ષ્યભૂત પૂર્ણજ્ઞાની, તીર્થંકર પરમાત્માને અંતર પટ પર સ્થાપિત કરીને સાધનામાર્ગે પુરુષાર્થ કરે છે. તેથી જ પ્રથમ સામાયિક આવશ્યક પછી બીજો આવશ્યક ચૌવિસંથો છે.

સાધક બીજા આવશ્યકમાં લોગસ્સના પાઠથી ૨૪ તીર્થંકરોનું નામસ્મરણ અને ગુણસ્મરણ કરે છે. જેમ 'કમલ' શબ્દનું ઉચ્ચારણ એક ખીલેલા સુગંધી ફૂલનો બોધ કરાવે છે તે જ રીતે તીર્થંકરોના પવિત્ર નામનું ઉચ્ચારણ તીર્થંકરોના ગુણનો બોધ કરાવે છે. પ્રભુના નામમાં અખૂટ શકિત છે. સાધક શ્રદ્ધા અને ભકિતથી હર ક્ષણે પ્રભુનું નામસ્મરણ કરે, તો તે અનેક પાપથી બચી જાય છે, શુભ ભાવોની વૃદ્ધિ થાય છે અને અંતે સ્વયં પ્રભુમય બને છે.

૨૪ તીર્થંકરોની સ્તુતિ કે ભક્તિ કરવાથી દર્શનવિશુદ્ધિ થાય છે,

(શ્રી ઉત્તરા. અધ્ય-૨૯) મિથ્યાત્વ મોહનીય કર્મનો નાશ થાય છે, સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય, તો તે વિશુદ્ધ થાય છે, નિર્મળ થાય છે.

આ રીતે બીજા આવશ્યકની આરાધના સમ્યગ્દર્શનની વિશુદ્ધિ કરે છે અને લક્ષ્યને સન્મુખ કરે છે.

**ત્રીજો આવશ્યક : વંદના**

બીજા આવશ્યકમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી તેનો ભક્તિનો પ્રવાહ ગુરુ તરફ વહે છે. તેથી ત્રીજો આવશ્યક ગુરુવંદનાનો છે. તીર્થંકરોની અનુપસ્થિતિમાં પ્રત્યક્ષ ઉપકારી એવા ગુરુ જ સન્માર્ગનું દર્શન કરાવે છે. ગુરુના અનંત ઉપકારોનું સ્મરણ કરીને સાધક મન-વચન-કાયાથી ગુરુના ચરણોમાં ઝૂકી જાય છે. તે ઉત્કૃષ્ટભાવે વિધિ સહિત બાર આવર્તનપૂર્વક ગુરુને વંદન કરે છે અને ગુરુની થયેલી અશાતનાની ક્ષમાયાચના કરે છે.

વંદન કરવાથી સાધકના અહંભાવનો નાશ થાય છે, નમ્રતા જેવા આત્મગુણો પ્રગટ થાય છે, નીચગોત્ર કર્મ નાશ પામે છે, ઉચ્ચગોત્ર કર્મનો બંધ થાય છે, સૌભાગ્ય અને આજ્ઞાફળની પ્રાપ્તિ થાય છે.

આ રીતે પ્રતિક્રમણના પ્રથમ આવશ્યકથી આશ્રવનિરોધ થાય, પાપપ્રવૃત્તિ રોકાઈ જાય, બીજા આવશ્યકથી સમ્યગ્દર્શનની વિશુદ્ધિ થાય, શ્રદ્ધા દૃઢ અને નિર્મળ થાય છે, ત્રીજા આવશ્યકથી અહંકારનો નાશ થાય છે.

ત્રણે આવશ્યકની આરાધના સાધકને પાપના પ્રાયશ્ચિત રૂપ પ્રતિક્રમણ માટે તૈયાર કરે છે. સંક્ષેપમાં ત્રણ આવશ્યક પ્રતિક્રમણની પૂર્વતૈયારી રૂપ છે.

# ઠાણાંગ સૂત્ર

## સ્થાન - ૮, ૯

### (સ્થાન - ૮)

**બોલ-૧૮ : ગણિસંપદા, ગણિ (આચાર્ય) સંપદાના આઠ પ્રકાર છે.**

સાધુઓના સમુદાયને ગણ અથવા ગચ્છ કહે છે. ગણના અધિપતિ સાધુને ગણિ અથવા ગચ્છાધિપતિ કહે છે. તેમના ગુણો તેમની સંપદા-સંપતિ કહે છે. જેમ સોનુ રૂપુ કે રત્નો ગૃહસ્થોની સંપતિ છે, તેમ આત્મગુણો તે ગણિની સંપતિ છે. આત્મગુણો રૂપ સંપતિથી જ ગણિ શોભે છે. ગણિ એટલે આચાર્ય. આચાર્યને સમગ્ર ગણનું સંચાલન કરવાનું હોય છે તેથી તે સ્વયં જ્ઞાન, દર્શન, આચાર, વિચારથી સમૃદ્ધ હોય, તો જ શિષ્ય પરિવારનો સર્વાંગી વિકાસ કરાવી શકે છે. શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં આઠ સંપદાનું ભેદ-પ્રભેદથી વર્ણન છે. તે આ પ્રમાણે છે .

(૧) **આચારસંપદા:** સંયમ સમૃદ્ધિ અથવા જ્ઞાનચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, આ પંચાચાર રૂપ ચારિત્રનું દઢતાથી પાલન કરતા હોય.

(૨) **શ્રુતસંપદા:** શ્રુત સમૃદ્ધિ. સમગ્ર શાસ્ત્રોના જ્ઞાતા હોય. જ્ઞાન-પ્રચાર અને પ્રસાર કરવામાં સમર્થ હોય, શ્રોતાના પ્રશ્નોનું સમાધાન કરવાની શક્તિથી યુક્ત હોય.

(૩) **શરીરસંપદા:** શારીરિક સૌંદર્ય. એક પણ અંગ લજ્જાસ્પદ ન હોય, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય પૂર્ણ હોય, સંહનન સ્થિર હોય, શરીર સ્વસ્થ હોય.

(૪) **વચનસંપદા:** વચનનું કૌશલ્ય, આદેય, મધુર, સત્ય, સંતોષકારક, સ્પષ્ટ અને માધ્યસ્થ ભાવે વચન બોલનાર હોય.

(૫) **વાચનાસંપદા:** શિષ્યોને મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી શાસ્ત્રો ભણાવવામાં

કુશળ હોય, કયા શિષ્યને કેટલું, કેવું અને ક્યારે અધ્યયન કરાવવું ઉચિત છે, આ સર્વ વાતો જાણતા હોય.

(૬) **મતિસંપદા :** બુદ્ધિ કૌશલ્ય. મતિજ્ઞાનની ઉત્કૃષ્ટતાને મતિ સંપદા કહે છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, ક્ષિપ્રાદિ ભેદ યુક્ત વિશિષ્ટ બુદ્ધિ સંપન્ન હોય.

(૭) **પ્રયોગમતિસંપદા:** વાદ કૌશલ્ય. શાસ્ત્રાર્થના અનુકૂળ-પ્રતિકૂળ સમયના જાણકાર હોય.

(૮) **સંગ્રહપરિજ્ઞાસંપદા:** સંઘ વ્યવસ્થામાં નિપુણ હોય. જ્ઞાન, દર્શન, ચારિત્રના સહયોગી બાહ્ય સાધનોનો ઉપયોગપૂર્વક સંગ્રહ કરનારા હોય.

**બોલ-૩૮ : આઠ સૂક્ષ્મ**

**ભાવાર્થ :** સૂક્ષ્મ જીવના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે : (૧) પ્રાણ સૂક્ષ્મ - કુંથું આદિ જીવ (૨) પનક સૂક્ષ્મ - પંચવર્ણી લીલફૂગ (૩) બીજ સૂક્ષ્મ - રાજગરાના બીજ, ખસખસના દાણા વગેરે સૂક્ષ્મ બીજ (૪) હરિત સૂક્ષ્મ - બીજમાંથી કોટો ફૂટે તે. (૫) પુષ્પ સૂક્ષ્મ - વડ, પીપળ આદિનાં સૂક્ષ્મ પુષ્પ (૬) અંડ સૂક્ષ્મ - માખી, કીડી આદિનાં સૂક્ષ્મ ઈંડા (૭) લયન સૂક્ષ્મ - કીડીનાં દર આદિ (૮) સ્નેહ સૂક્ષ્મ - ઝાકળ, ઠાર, ધુમ્મસ આદિ પાણીના સૂક્ષ્મ જીવ.

આ આઠે પ્રકારના જીવો બાદર હોવા છતાં તેનું શરીર અતિ સૂક્ષ્મ હોવાથી તેને સૂક્ષ્મ કહ્યા છે. પ્રાણ સૂક્ષ્મ જીવો બેઠા હોય ત્યારે દેખાતા નથી પણ હલનચલન કરે તો જ દેખાય છે.

**બોલ-૫૧ : ધર્માસ્તિકાયાદિના મધ્ય પ્રદેશ**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને જીવ, આ ચાર દ્રવ્યના પ્રદેશો સમાન છે. તે ચારે અરૂપી દ્રવ્યોના અસંખ્ય પ્રદેશોમાં મધ્યભાગના આઠ પ્રદેશને રુચક પ્રદેશ કહે છે. જીવના રુચક પ્રદેશમાં સંકોચ-વિસ્તાર થતો નથી પરંતુ શેષ પ્રદેશોમાં સંકોચ વિસ્તાર થાય છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય

દ્રવ્ય લોકવ્યાપી સ્થિત દ્રવ્ય છે અને તેના મધ્યના આઠ રુચક પ્રદેશ પણ સ્થિત જ છે. તે રત્નપ્રભા પૃથ્વીના આકાશખંડના અસંખ્યાતમા ભાગનું ઉલ્લંઘન કર્યા પછી આવે છે. આકાશાસ્તિકાય લોકાલોક વ્યાપક સ્થિત દ્રવ્ય છે.

**બોલ-૫૫ : ગતિના પ્રકાર**

ગતિના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે: (૧) નરક ગતિ, (૨) તિર્યંચગતિ, (૩) મનુષ્ય ગતિ, (૪) દેવ ગતિ, (૫) સિદ્ધ ગતિ, (૬) ગુરુગતિ, (૭) પ્રણોદન ગતિ, (૮) પ્રાગ્ભાર ગતિ.

ઉપરોક્ત સૂત્રમાં આઠ પ્રકારની ગતિનું કથન છે. તેમાં પ્રથમ ચાર પ્રકારની ગતિમાં ગતિ શબ્દનો અર્થ 'આયુષ્ય પૂર્ણ થતાં નારકાદિ ભવમાં જન્મ ધારણ કરવા માટે થતી ગતિ' અર્થાત્ 'ભવાંતર માટેની ગતિ' તે પ્રમાણે થાય છે.

**સિદ્ધ ગતિ :** સર્વ કર્મનો ક્ષય થતાં સિદ્ધક્ષેત્રને પ્રાપ્ત કરવા રૂપ ગતિ.

અંતિમ ત્રણ પ્રકારની ગતિમાં ગતિ શબ્દનો અર્થ 'એક સ્થાનથી બીજા સ્થાનને પ્રાપ્ત કરવું અર્થાત્ સ્થાનાંતર કરવું.' તે પ્રમાણે થાય છે.

**ગુરુ ગતિ :** પરમાણુ આદિની સ્વાભાવિક ગતિને ગુરુ ગતિ કહે છે.

**પ્રણોદન ગતિ :** બીજાની પ્રેરણાથી થતી ગતિને પ્રણોદન ગતિ કહે છે.

**પ્રાગ્ભાર ગતિ:** નૌકામાં ભરેલા ભારથી નીચેની તરફ ગતિ થાય તેમ બીજા દ્રવ્યના ભારથી જે ગતિ થાય તેને પ્રાગ્ભારગતિ કહે છે. શેષ ગતિઓ પ્રસિદ્ધ છે.

**બોલ-૧૦૬ : જાગૃત રહેવા યોગ્ય સ્થાન**

આઠ કર્તવ્યોમાં સાધકે સમ્યક્ ચેષ્ટા કરવી જોઈએ, સમ્યક્ પ્રયત્ન કરવો જોઈએ, સમ્યક્ પરાક્રમ કરવું જોઈએ અને તે આઠ કર્તવ્યોમાં જરા પણ પ્રમાદ કરવો ન જોઈએ. યથા

(૧) અશ્રુત (નહીં સાંભળેલા) ધર્મને સમ્યક્ પ્રકારે સાંભળવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૨) સાંભળેલા ધર્મને મનથી ગ્રહણ કરવા અને સ્મૃતિમાં રાખવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૩) સંયમ દ્વારા નવાં કર્મોનો નિરોધ કરવા ઉદ્યમવંત

રહેવું જોઈએ. (૪) તપશ્ચરણથી જૂનાં કર્મોનો ક્ષય કરવા અને વિશોધન કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૫) અસંગૃહિત પરિજન (શિષ્ય) નો સંગ્રહ કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૬) શૈક્ષ (નવદીક્ષિત) મુનિને આચાર-ગોચરનો સમ્યગ્ બોધ આપવા ઉદ્યમવંત રહેવું જોઈએ.(૭) ગ્લાન સાધુની અગ્લાનભાવે વૈયાવચ્ચ કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૮) સાધર્મિકોમાં પરસ્પર કલહ ઉત્પન્ન થાય તો ''આ મારા સાધર્મિક કઈ રીતે કષાય યુક્ત બોલચાલથી, કલહથી, તું તું અને હું, તું ના વાક્યુદ્ધથી મુક્ત થાય'' એવો વિચાર કરીને, કોઈપણ પ્રકારની આકાંક્ષા કે અપેક્ષાથી રહિત થઈ, કોઈનો પણ પક્ષ લીધા વિના માધ્યસ્થ ભાવને સ્વીકારી તે કલહને ઉપશાંત કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. આઠે સ્થાનમાં જાગૃત રહેનાર સાધકનો સંયમ પરિપક્વ બને છે.

**બોલ-૧૦૯ : કેવળી સમુદ્ઘાતનું કાલમાન**

કેવળ સમુદ્ઘાત - જે આત્માને આયુષ્યને છ મહિના બાકી હોય એ પહેલા કેવળજ્ઞાન થયું હોય એ આત્મા કેવળસમુદ્ઘાત કરતા નથી, પણ છ મહિના બાકી હોય ને કેવળજ્ઞાન થયું હોય તેવા કેવળી આયુષ્યકર્મ અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ હોય અને વેદનીય નામ, ગોત્ર, કર્મની સ્થિતિ વધારે હોય ત્યારે તે કર્મોની સ્થિતિનું આયુષ્યકર્મ સાથે સમીકરણ કરવા (ચારે કર્મની સ્થિતિ સમાન કરવા) સ્વાભાવિક રીતે સમુદ્ઘાત કરે છે. તેને કેવળી સમુદ્ઘાત કહે છે. આ ક્રિયાનું કાળમાન આઠ સમયનું છે.

- **अट्ठ समइए :** આઠ સમયની પ્રક્રિયા. **પ્રથમ સમય** - કેવળી સમુદ્ઘાતના પ્રથમ સમયમાં કેવળી ભગવાનના આત્મપ્રદેશો શરીરમાંથી બહાર નીકળે છે અને ઊર્ધ્વ લોકાન્તથી અધો લોકાન્ત સુધી ફેલાય છે. તેની પહોળાઈ શરીર પ્રમાણ હોય છે. તેથી તેનો આકાર દંડ જેવો થાય છે. તે જ સમયે ૩૦ અશુભ પ્રકૃતિ સત્તામાં છે તે પ્રકૃતિની સ્થિતિના અસંખ્ય ખંડ (ટુકડા) અને રસના

અનંત ખંડ કરી બંનેનો એક એક ભાગ રાખી બાકીના કર્મ દલિકોને ઉદયમાં લઈ આવી ભોગવીને ક્ષય કરે છે. **બીજો સમય** - દંડાકારે ફેલાયેલા તે જ આત્મપ્રદેશો પૂર્વ-પશ્ચિમ લોકાન્ત સુધી ફેલાય છે. તેનો આકાર કપાટ, (બે દિશાના કમાડ, દરવાજા) જેવો થાય છે. બાકીની ૫૪ શુભ પ્રકૃતિ સતામાં છે તેની સ્થિતિના અસંખ્ય અને રસના અનંત ભાગ કરી બંનેના એક-એક ભાગ રાખી બાકીના ભાગના કર્મદલિકોનો ક્ષય કરે છે. **ત્રીજો સમય** - કપાટાકારે ફેલાયેલા તે જ આત્મપ્રદેશો ઉત્તર-દક્ષિણમાં લોકાન્ત સુધી ફેલાય છે. આ સમયે લોકના નિષ્કુટ અને વાતવલય સિવાયના સંપૂર્ણ લોકમાં આત્મપ્રદેશ વ્યાપ્ત બની જાય છે. તેનો (આત્મપ્રદેશોનો) આકાર મંથાન જેવો થાય છે. તે જ સમયે ૮૪ પ્રકૃતિની ૧ ભાગની સ્થિતિના અસંખ્ય ખંડ અને રસના અનંત ખંડ કરી એક ભાગ રાખી શેષનો ક્ષય કરે છે. **ચોથો સમય** - મંથાનાકારે ફેલાયેલા તે જ આત્મપ્રદેશો નિષ્કૂટ (ખૂણાઓ) અને વાતવલયમાં ફેલાતા સંપૂર્ણ લોક વ્યાપ્ત બને છે અને તેની લોક પૂરણાવસ્થા થાય છે. તે જ સમયે જે એક ભાગ શેષ રહ્યો છે તેમાં સ્થિતિના અસંખ્ય અને રસના અનંત ખંડ ટુકડા કરી એક ભાગ રાખી શેષનો ક્ષય કરે છે. **પાંચમો સમય** - ખૂણાઓ અને વલયોમાંથી આત્મપ્રદેશોને સંકોચી પુન:મંથાનાવસ્થાને પ્રાપ્ત થાય છે. ઉપર પ્રમાણે રસઘાત, સ્થિતિઘાત કરે છે. **છઠ્ઠો સમય** - ઉત્તર-દક્ષિણ દિશામાંથી આત્મપ્રદેશોને સંકોચી કપાટાવસ્થાને પ્રાપ્ત કરે છે. તે જ સમયે જે એક ખંડ રહ્યો છે તેમાં સ્થિતિના અસંખ્ય ખંડ અને રસના પણ અસંખ્ય ખંડ કરે છે. અહીં એક ભાગ રાખી શેષનો ક્ષય કરતા નથી, માત્ર અસંખ્ય સમય જે આયુષ્યના બાકી છે તે સમય પ્રમાણે સ્થિતિને રસને ગોઠવી નાંખે છે. **સાતમો સમય** - પૂર્વ-પશ્ચિમ દિશામાંથી આત્મપ્રદેશોને સંકોચી પુન: દંડાવસ્થાને પ્રાપ્ત કરે છે. તે આયુષ્ય કર્મની સાથે જ ચાર અઘાતી કર્મોને ભોગવે છે. **આઠમો સમય** - ઊર્ધ્વ-અધો લોકાન્તથી આત્મપ્રદેશોને સંકોચી

શરીર પ્રમાણાવસ્થામાં આવી જાય છે. આયુષ્ય કર્મની સાથે જ ચાર અઘાતી કર્મોને ભોગવે છે

- કેવળી સમુદ્‌ઘાત વખતે જે અનુભૂતિ થાય તે કેવળી જાણે ને કેવળી દેખે.

આ સમુદ્‌ઘાતના પ્રથમ ચાર સમયમાં કેવળીના આત્મપ્રદેશો ઉત્તરોત્તર ફેલાતા જાય છે અને પછીના ચાર સમયોમાં તે જ ક્રમથી સંકોચિત થતા આઠમા સમયમાં તે મૂળ શરીરમાં પ્રવેશ કરી પૂર્વવત્ શરીરાકારમાં અવસ્થિત થઈ જાય છે. જેમ ઘડી કરેલું ભીનું કપડું સૂકાતા કલાકો વ્યતિત થઇ જાય છે પરંતુ તે જ કપડાને પહોળું કરતાં તે તરત સૂકાઈ જાય છે, તે જ રીતે આત્મપ્રદેશો આખા લોકમાં ફેલાતા કર્મો શીઘ્ર નાશ પામે છે.

આ આઠ સમયમાં નામ, ગોત્ર, વેદનીય કર્મની સ્થિતિ, અનુભાગ અને પ્રદેશોની ક્રમશઃ ઉત્તરોત્તર અસંખ્યાતગુણી નિર્જરા થઈને, તેની સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ થઈ જાય છે. અર્થાત ચારે કર્મોની સ્થિતી સમાન થઈ જાય છે.

**કેવલી સમુદ્‌ઘાતમાં યોગ :** આ આઠ સમયમાં મનયોગકે વચનયોગની પ્રવૃત્તી હોતી નથી તેમાં પ્રથમ અને આઠમાં સમયે ઔદારિક કાયયોગ, બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્ર કાયયોગ અને ત્રીજા, ચોથા, પાંચમાં સમયે માત્ર કાર્મણકાયયોગ હોય છે.

**સમુદ્‌ઘાતમાં પછી યોગની પ્રવૃતિ :** કેવળી ભગવાનનુ અંત:મુહૂર્તનું આયુષ્ય શેષ હોય તેમાં તે ત્રણે યોગની પ્રવૃતિ કરે. સત્ય અને વ્યવહાર મનોયોગદ્વારા તેઓ મન:પર્યવજ્ઞાનીકે અનુત્તરવિમાનવાસી દેવોએ પૂછેલા પ્રશ્નોનો મનથી ઉત્તર આપે, સત્ય અને વ્યવહાર વચનયોગદ્વારા ઉપદેશ આપે અથવા પ્રશ્નોના ઉત્તર આપે. ઔદારિક કાયયોગ દ્વારા ગમનાગમન આદિ સંયમ સમાચારી સબંધી પ્રવૃત્તિઓ કરે છે. તે સયોગી જિન યોગ-નિરોધની ક્રિયા કરતાં અયોગી બની ચૌદમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે અને 'અ, ઈ, ઉ, ઋ, લૃ' આ પાંચ લઘુ અક્ષરોના પ્રમાણકાળમાં શેષ ચારે અઘાતિ કર્મોની એક સાથે નિર્જરા કરે છે અને મુક્તિ પામે છે.

✷ આકૃતિ માટે જૂઓ પેજ નં. ૨૭

✷ (સ્થાન - ૯)

**બોલ-૧૨ : રોગોત્પત્તિનાં કારણો**

નવ સ્થાનથી રોગની ઉત્પત્તિ થાય છે, તે આ પ્રમાણે છે: (૧) વધુ ભોજન કરવાથી (૨) એક આસને લાંબો સમય બેસવાથી (૩) વધારે સૂવાથી (૪) વધારે જાગવાથી (૫) મળની (વડીનીતની) બાધા રોકવાથી (૬) પેશાબની બાધા રોકવાથી (૭) વધુ ચાલવાથી (૮) ભોજનની પ્રતિકૂળતાથી (૯) ઈન્દ્રિયવિષયોનું અતિસેવન કરવાથી અર્થાત્ અતિશ્રમ, અતિપ્રેક્ષણ, અતિ કામસેવન વગેરે કારણો સર્વ રોગાત્પત્તિ સર્જક છે.

સાધકે નિરોગી રહેવા માટે આહાર, પાણીમાં નિયમિતતા અને સંયમ રાખવો, બેસવાની, સૂવાની, ચાલવાની આદિ શારીરિક પ્રવૃત્તિઓ વિવેકપૂર્વક કરવી, મળ-મૂત્ર આદિ કુદરતી હાજતોને રોકવી નહીં, પાંચે ઈન્દ્રિયોના વિષયોમાંથી કોઈ પણ વિષયમાં અંધ થવું નહીં.

**બોલ-૨૨ : વિગયના પ્રકાર**

જે પદાર્થ શરીર અને મનમાં વિકાર ઉત્પન્ન કરે તેને વિગય કહે છે.
વિગયના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે: (૧) દૂધ, (૨) દહીં, (૩) નવનીત (માખણ), (૪) ઘી, (૫) તેલ, (૬) ગોળ, (૭) મધ, (૮) મદ્ય (દારૂ), (૯) માંસ.

**બોલ-૩૭ : આયુષ્ય પરિણામ**

**આયુષ્ય પરિણામ:** આયુષ્ય તે એક કર્મ વિશેષ છે. તે કર્મોદય જીવને તે તે ભવમાં રોકી રાખે છે. પરિણામ એટલે સ્વભાવ, શક્તિ, ધર્મ. આયુષ્ય પરિણામ એટલે આયુષ્યનો સ્વભાવ, આયુષ્યની શક્તિ.

આગામી ભવનું આયુષ્ય બંધાય તે સાથે તે આયુષ્યના સ્વભાવ અને શક્તિથી ગતિ વગેરે પરિણામ નિશ્ચિત થાય છે. દેવ આયુષ્યનો બંધ થાય તો તે

આયુષ્યનો સ્વભાવ છે કે તે દેવગતિ પ્રાપ્ત કરે છે. દેવાયુનો બંધ થયો હોય તો સ્વભાવથી જ દેવ પ્રાયોગ્ય કર્મોનો વિશેષ સંગ્રહ થાય છે. માટે તે ગતિ, સ્થિતિ આદિને આયુષ્ય પરિણામ કહ્યા છે.

**આયુ પરિણામના (આયુ સ્વભાવના), નવ પ્રકાર છે. તે આ પ્રમાણે છે :**

(૧) **ગતિ પરિણામ :** જીવને દેવાદિ ગતિ પ્રાપ્ત કરાવવાનો આયુષ્યનો સ્વભાવ. જે ગતિમાં જવું હોય તે ગતિમાં પહોંચાડી દેનારું આયુષ્ય કર્મ તે ગતિ પરિણામ કહેવાય.

(૨) **ગતિ બંધન પરિણામ :** આગામી ભવની નિશ્ચિત ગતિને યોગ્ય કર્મબંધ કરાવવાનો આયુષ્યનો સ્વભાવ. જેમ-નરકાયુના સ્વભાવથી જ નારકી, મનુષ્ય અથવા તિર્યંચ ગતિનામકર્મનો બંધ કરે છે. કારણ કે નારકો મરીને નરક કે દેવગતિમાં જતા નથી.

(૩) **સ્થિતિ પરિણામ :** ભવ સંબંધિત અંતર્મુહૂર્તથી લઈને ૩૩ સાગરોપમ સુધીની સ્થિતિના યથાયોગ્ય સ્થાને લઈ જનારું આયુષ્ય કર્મ તે સ્થિતિ પરિણામ કહેવાય.

(૪) **સ્થિતિબંધ પરિણામ :** આયુષ્ય કર્મની જે શક્તિથી જીવ આગામી ભવનું પ્રતિનિયત સ્થિતિનું આયુષ્ય કર્મ બાંધે છે અર્થાત્ યોગ્ય સ્થિતિ બંધ કરાવવાનો આયુષ્યનો સ્વભાવ છે. જેમ કે કોઈ તિર્યંચ પચેંદ્રિયનો જીવ જો દેવાયુનો બંધ કરે તો તે વધારે માં વધારે ૧૮ સાગરોપમનું આયુષ્ય બાંધે અને નરકના આયુષ્યનો બંધ કરે તો ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધી શકે છે.

(૫) **ઊર્ધ્વ ગૌરવ પરિણામ :** જે આયુષ્યથી જીવની ગમન શક્તિ ઊર્ધ્વ દિશા તરફ થાય, તે ઊર્ધ્વ ગૌરવ પરિણામ. અહીં ગૌરવનો અર્થ છે ગમન.

(૬) **અધો ગૌરવ પરિણામ :** જે આયુષ્ય શક્તિથી જીવ નીચી દિશા તરફ જાય.

(૭) **તિર્યગ્ગૌરવ પરિણામ :** જે આયુષ્ય શક્તિથી જીવ પૂર્વાદિ દિશાઓમાં જાય.

(૮) **દીર્ઘ ગૌરવ પરિણામ :** જે આયુષ્ય શક્તિથી જીવ ઘણા દૂર સુધી જાય. એક લોકાન્તથી બીજા લોકાન્ત સુધી ગમન કરે.

(૯) **હ્રસ્વ ગૌરવ પરિણામ :** જે આયુષ્ય શક્તિથી જીવને થોડે દૂર સુધી જ જવાની શક્તિ પ્રાપ્ત થાય.

**બોલ-૫૨ : તીર્થંકર નામકર્મ બાંધનારા જીવો**

ભગવાન મહાવીર સ્વામીના તીર્થમાં, ભગવાનની ઉપસ્થિતિમાં નવ જીવોએ તીર્થંકર નામકર્મનો બંધ કર્યો છે, તેઓનો પરિચય આ પ્રમાણે છે

(૧) **શ્રેણિક :** તેઓ મગધદેશના રાજા હતા. તે આગામી ચોવીસીમાં, આવતી ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં પદ્મનાભ (મહાપદ્મ) નામના પ્રથમ તીર્થંકર થશે.

(૨) **સુપાર્શ્વ:** તેઓ ભગવાન મહાવીરના કાકા હતા. તેઓ આવતી ચોવીસીમાં '**સૂર**' નામે બીજા તીર્થંકર થશે.

(૩) **ઉદાયી :** તે શ્રેણિકના પૌત્ર અને કોણિકના પુત્ર હતા. તે ઉદાયી રાજા આવતી ચોવીસીમાં '**સુપાર્શ્વ**' નામે ત્રીજા તીર્થંકર થશે.

(૪) **પોટ્ટિલ અણગારનો** જીવ '**સ્વયંપ્રભ**' નામના ચોથા તીર્થંકર થશે.

(૫) **દૃઢાયુનો જીવ** '**સર્વાનુભૂતિ**' નામના પાંચમા તીર્થંકર થશે.

(૬) **શંખ :** આવતી ચોવીસીમાં ઉદય નામના સાતમા તીર્થંકર થશે.

(૭) **શતક :** શતક આવતી ચોવીસીમાં શતકીર્તિ નામના દસમા તીર્થંકર થશે.

(૮) **સુલસા :** દઢ શ્રદ્ધાશીલ સુલસા આગામી ચોવીસીમાં '**નિર્મમ**' નામના સોળમા તીર્થંકર થશે.

(૯) **રેવતી :** રેવતી શ્રાવિકા આગામી ચોવીસીમાં ચિત્રગુપ્ત નામના સત્તરમાં તીર્થંકર થશે.

# શ્રી સૂયગડાંગ સૂત્ર

## અધ્યયન-૭ કુશીલ પરિભાષા

આ અધ્યયનનું નામ 'કુશીલ પરિભાષા' છે. તેમાં ૩૦ ગાથા છે.

'શીલ' શબ્દના સ્વભાવ, ચારિત્ર, આચાર-વિચાર, બ્રહ્મચર્ય વગેરે અનેક અર્થ થાય છે.

આ અધ્યયનમાં 'શીલ' શબ્દ 'આચાર-વિચાર' અર્થમાં પ્રયુક્ત છે. જેનું શીલ-આચાર વિચાર પ્રશંશનીય, અનુમોદનીય, અહિંસા, સંયમ અને તપને અનુરૂપ છે, તે સુશીલ છે અને જેનું શીલ-આચાર-વિચાર જુગુપ્સનીય કે નિંદનીય છે, હિંસા અને અસંયમભાવો યુક્ત છે તે કુશીલ છે.

શાસ્ત્રકારે આ અધ્યયનમાં મુખ્યતયા સાધુની કુશીલતા અને સુશીલતાની પરિભાષા સમજાવી છે.

કુશીલ - જે વ્યક્તિ સર્વ સંગ પરિત્યાગ કરીને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આ પંચ મહાવ્રતનો સ્વીકાર કરે છે, શ્રમણધર્મમાં ઉપસ્થિત થાય છે, સર્વ પ્રકારના દુરાચાર રૂપ કુશીલતાનો ત્યાગ કરીને સુશીલતાના માર્ગે પુરુષાર્થ કરે છે, તેવા સુશીલ સાધુ ક્યારેક મોહનીય કર્મના ઉદયને આધીન થઈને છદ્મસ્થદશાને વશ થઈને પોતાના માર્ગથી ચલિત થાય છે અને તેના આચાર-વિચાર પરિવર્તિત થઈ જાય છે, તે કુશીલપણાને પામે છે.

તેવા કુશીલ સાધુ પોતાના દૈહિક સુખ માટે ભાન ભૂલી જાય છે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આદિ સ્થાવર જીવો અને ત્રસ જીવોની હિંસા કરે છે, કરાવે છે અને તેની અનુમોદના કરે છે. નિર્દોષ આહારના સ્થાને સદોષ આહારથી પોતાની રસલોલુપતાનું પોષણ કરે છે. રસેન્દ્રિયના પોષણ માટે આહારની આસકિતથી દીન બનીને ભાટચારણની જેમ ગૃહસ્થોની પ્રશંસા કરે છે. તે ચોખામાં આસક્ત ડુક્કરની જેમ ભટકયા કરે છે. એક ઈન્દ્રિયની આસકિત

તેને પાંચે ઈન્દ્રિયના વિષયમાં આસક્ત બનાવે છે, તેવા સાધુ પોતાનું સાધુપણુ ભૂલી જાય છે. તેનું સાધુપણુ નિ :સાર થઈ જાય છે.

કેટલાક અન્યતીર્થિકો, પાખંડીઓ પોતાની કુશીલવૃત્તિનું પોષણ કરવા મોક્ષ માટે વિવિધ માન્યતાઓનો પ્રચાર કરે છે. તેમાં કેટલાક જલસ્નાનથી સિદ્ધિ માને છે, કેટલાક હોમ-હવનથી મુકિત માને છે. તેમના મંતવ્ય અનુસાર જલથી જેમ મળની શુદ્ધિ થાય તેમ જીવના પાપકર્મની પણ શુદ્ધિ થાય છે. અગ્નિથી કચરાનું દહન થાય તેમ કર્મોનું પણ દહન થાય છે, આ પ્રકારની માન્યતાથી તેઓ પૃથ્વી, પાણી, અગ્નિ આદિ જીવોની બેફામ હિંસા કરે છે. કેટલાક કંદ-મૂળ-પાન આદિ ખાવાથી પોતાની શુદ્ધિને સ્વીકારે છે. તેમની વૈચારિક કુશીલતા, તેમના આચારને કુશીલ બનાવે છે. તેઓ અનંત જીવોની હિંસા કરે છે.

**કુશીલતાનું પરિણામ:** કર્મબંધના સિદ્ધાંતાનુસાર જીવ કોઈ પણ કારણે દુરાચારનું સેવન કરે, તેને દુષ્કર્મનો બંધ અવશ્ય થાય છે અને તેના દુષ્ફળ તેને ભોગવવા જ પડે છે, તે જીવો પોતાના ભવભ્રમણને વધારે છે. જન્મ-જરા-મૃત્યુના અનંત દુ :ખોને ભોગવે છે.

જેઓ સ્વર્ગના સુખ માટે કે મોક્ષ માટે હિંસક પ્રવૃત્તિ કરે છે, તેઓ કેવળ પોતાના અજ્ઞાનનું જ પોષણ કરે છે, તેઓની ભ્રાંતિ તેમના ભવિષ્યને અંધકારમય બનાવે છે.

**સુશીલ:** જેઓ કુશીલતાના દુષ્પરિણામને જાણીને સદાય સદાચારનું સેવન કરે છે. પરમાત્માની આજ્ઞાનુસાર નિર્દોષ આહારથી દેહનું પોષણ કરે છે. ઉપસર્ગો કે પરીષહોને સમભાવે સહન કરે છે. શ્રમણધર્મમાં દ્રઢતમ રહે છે, તે સુશીલ છે.

તેઓ કુશીલની કોઈ પણ માન્યતાનો સ્વીકાર કરતા નથી. તેઓ સમજે છે કે જો જલસ્થાનથી શુદ્ધિ થતી હોત તો,

(૧) પાણીના જીવોની કે જલચર જીવોની કે માછીમારોની શુદ્ધિ તુરંત થવી જોઈએ, પરંતુ થતી નથી.

(૨) પાણીથી બાહ્યમળની શુદ્ધિ પણ પૂર્ણપણે થતી નથી, તો આંતરિક મળની કે દુર્ભાવોની શુદ્ધિ કઈ રીતે થઈ શકે ? આ એક અજ્ઞાન છે.

(૩) પાણીથી જેમ પાપ ધોવાઈ જાય છે, તેમ પુણ્યકર્મ પણ ધોવાઈ જાય, તેવી સંભાવના છે, તેથી તે કથન પણ યથાસંગત નથી.

તે જ રીતે અગ્નિ પાપકર્મને બાળી નાંખે છે તે પ્રમાણે કહેવું તે પણ યોગ્ય નથી કારણ કે સતત અગ્નિનો સ્પર્શ કરનાર કોલસા બનાવનાર કે કુંભાર, લુહાર, સોની કંદોઈ કે અગ્નિહોત્રી બ્રાહ્મણ વગેરે શીઘ્ર મોક્ષને પામી જાય પરંતુ તેમ થતું નથી.

સુશીલ સાધકો સ્પષ્ટપણે સમજે છે કે ભાવવિશુદ્ધિ વિના કર્મક્ષય થતો નથી. હિંસાજનક કોઈ પણ ક્રિયાકાંડો કે સદ્‌ભાવ વિનાની સાધના મોક્ષનું સાધન બની શકતી નથી. તેથી જે સુશીલ છે, તે

(૧) સહુ પ્રથમ કુશીલના સંગનો ત્યાગ કરે.

(૨) આહારની આસકિત કે સ્વાદ લોલુપતાનો ત્યાગ કરે. નિર્દોષ આહાર ગ્રહણ કરે.

(૩) સુખશીલવૃત્તિનો ત્યાગ કરે. શરીરના મમત્ત્વને છોડી દે.

(૪) સર્વ જીવોને આત્મસમાન જાણીને અહિંસા ધર્મનું યથાર્થ પાલન કરે.

(૫) પાંચે ઈન્દ્રિયોને સંયમમાં રાખે.

(૬) ઉપસર્ગ કે પરીષહોમાં શૂરવીર યોદ્ધાની જેમ અડગ રહે.

(૭) સર્વત્ર સમાધિભાવ અને અંતે સમાધિમરણની સાધના કરે.

(૮) આત્મભાવમાં સ્થિર થવા બ્રહ્મચર્યનું પૂર્ણત : પાલન કરે.

(૯) પરમાત્માના પ્રત્યેક વચન પર પૂર્ણશ્રદ્ધા રાખી મોક્ષના માર્ગે પુરુષાર્થ કરે.

જે સાધક જીવનના અંત સમય સુધી મક્કમપણે સુશીલ રહે છે, તે ક્રમશ : કર્મોનો નાશ કરે છે અને તેની જન્મ-મરણની પરંપરાનો અંત થાય છે, સર્વ દુ :ખોનો નાશ થાય છે.

**અપેક્ષિત પ્રશ્નો :**

(૧) કુશીલ કોને કહેવાય ?

(૨) સુશીલ કોને કહેવાય ?

(૩) વૈચારિક કુશીલ વ્યક્તિ કેવી માન્યતા ધરાવે છે ?

(૪) જલથી શુદ્ધિ કેમ થતી નથી ?

(૫) જીવ કુશીલ શા માટે બને છે ?

## અધ્યયન-૮ વીર્ય

આ અધ્યયનનું નામ 'વીર્ય' છે. તેમાં ૨૬ ગાથા છે.

વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ કે ક્ષયથી આત્માની જે શકિત પ્રગટ થાય, તેને વીર્ય કહે છે, વીર્યના વપરાશના આધારે તેના અનેક ભેદ થાય છે.

**(૧) વીર્યના મુખ્ય પાંચ ભેદ છે :**

(૧) મનોવીર્ય, (૨) વચનવીર્ય, (૩) કાયવીર્ય, (૪) ઈન્દ્રિયવીર્ય અને (૫) આધ્યાત્મિક વીર્ય.

જીવ પોતાની જે શકિતથી મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને મન રૂપે પરિણત કરે તે શકિતને મનોવીર્ય કહે છે.

તે રીતે વચનવીર્ય વગેરેનો ભાવ સમજવો.

**આધ્યાત્મિક વીર્ય :**

આત્માની આંતરિત શકિત કે સાત્ત્વિક બળને આધ્યાત્મિક વીર્ય કહે છે. આધ્યાત્મિક વીર્યથી જ જીવ આત્મસાધનામાં પુરુષાર્થશીલ બને છે.

**(૨) વીર્યના ત્રણ ભેદ છે :**

(૧) બાલવીર્ય, (૨) પંડિતવીર્ય અને (૩) બાલ પંડિતવીર્ય.

**બાલવીર્ય :**

હિંસાદિ પાપ પ્રવૃત્તિથી અવિરત જીવોના વીર્યને બાલવીર્ય કહે છે અથવા

જે શકિતનો વપરાશ પાપ પ્રવૃત્તિમાં જ થાય છે તે બાલવીર્ય છે.

**પંડિતવીર્ય :**

હિંસાદિ પાપપ્રવૃત્તિથી વિરત, સંયમી સાધુના વીર્યને પંડિતવીર્ય કહે છે અથવા જે શકિતનો વપરાશ તપ-સંયમની સાધનામાં થાય, તે પંડિત વીર્ય છે.

**બાલપંડિતવીર્ય :**

સંયમાસંયમી દેશવિરતિ શ્રાવકના વીર્યને બાલપંડિતવીર્ય કહે છે. અથવા જે શકિતનો વપરાશ આંશિક સંયમમાં અને આંશિક અસંયમ ભાવમાં થાય, તે બાલપંડિતવીર્ય છે.

શાસ્ત્રકારે પ્રસ્તુત અધ્યયનમાં વીર્યના ભેદનું કથન અન્ય પ્રકારે કર્યું છે.

**(૩) વીર્યના બે ભેદ છે :**

(૧) સકર્મવીર્ય અને (૨) અકર્મવીર્ય.

**સકર્મવીર્ય :**

જે વીર્ય કે શકિત કર્મબંધનું કારણ બને, તે સકર્મ વીર્ય છે. पमायं कम्ममाहंसु । પ્રમાદ - આત્મભાવોનું વિસ્મરણ જ કર્મબંધનું મુખ્ય કારણ છે, તેથી પ્રમાદ જ સકર્મવીર્ય છે. બાલ જીવોનું સકર્મવીર્ય હોય છે.

**અકર્મવીર્ય :**

જે વીર્ય કે શકિત કર્મબંધનું કારણ નથી અથવા જે વીર્ય કે શકિત સંવર કે નિર્જરાનું કારણ બને, તે અકર્મવીર્ય છે. अप्पमायं तहाऽवरं । અપ્રમાદ ભાવ અર્થાત્ આત્મજાગૃતિ જ સંવર અને નિર્જરાનું મુખ્ય કારણ છે. તેથી અપ્રમાદ જ અકર્મવીર્ય છે. પંડિતજીવોનું અકર્મવીર્ય છે.

**સકર્મવીર્ય દ્વારા થતી પ્રવૃત્તિ :**

જ્યારે વ્યક્તિ આત્મભાન ભૂલી જાય છે, ત્યારે મદ, વિષય, કષાય, નિદ્રા, વિકથા, આ પાંચ પ્રકારે પ્રમાદનું સેવન કરી પોતાની તમામ શકિતને અસંયમ કે પાપના માર્ગે વાપરે છે, તે જીવો પોતાના સ્વાર્થ માટે, આ લોક કે

પરલોકના સુખ માટે તલવારાદિ શસ્ત્રવિદ્યા અથવા મારણ મંત્રોને શીખીને અનેક જીવોની હિંસા કરે, અસત્ય, માયા કપટ, ચોરી આદિ અઢારે પાપનું સેવન કરીને વેરની પરંપરાને વધારે છે, રાગ-દ્વેષાદિ કષાય ભાવોને પુષ્ટ કરી અનંત સંસારને વધારે છે.

**અકર્મવીર્ય દ્વારા થતી પ્રવૃત્તિ :**

આત્મજાગૃત વ્યકિત પોતાની તમામ શકિતને અપ્રમત્ત ભાવે આત્મસાધના કે અંતરશુદ્ધિના માર્ગે વાપરે છે. તેઓ હિંસાદિ પાપસ્થાનોથી વિરામ પામી અહિંસા, સંયમ અને તપની આરાધના કરે છે, બાલવીર્ય કે સકર્મવીર્યના પરિણામને જાણીને, સમજીને પ્રમાદ ભાવનો ત્યાગ કરે છે, શરીરની આસકિતને છોડી દે છે, તેઓ શરીરની અને સંબંધોની અનિત્યતાનું ચિંતન કરીને દેહરાગ અને સ્વજનોના રાગને ઘટાડે છે. દેહરાગ જ અનંત પાપ પ્રવૃત્તિનું કારણ છે. તેમ સમજીને દેહની પુષ્ટિનો ભાવ છોડી સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં પોતાની શકિતને વાપરે છે. જેમ કાચબો પોતાની સુરક્ષા માટે અંગોપાંગને સંકોચે છે, તેમ સાધક પણ પોતાની ઈન્દ્રિયો અને મન, વચન, કાયાને ગોપવીને રાખે છે. તે અલ્પ આહાર, અલ્પ ભાષણ, અલ્પ નિદ્રા લે છે, અલ્પ ઉપકરણોથી સંયમ જીવન વ્યતીત કરે છે.

અપ્રમાદી સાધક જ્યારે પોતાના આયુષ્યનો અંત સમય જણાય અથવા કોઈ મારણાંતિક ઉપસર્ગ આવે, ત્યારે ભક્ત પરિજ્ઞા, ઈંગિતમરણ કે પાદપોપગમ રૂપ અનશનનો સ્વીકાર કરીને સમાધિમરણને પામે છે, કષાયોની ઉપશાંતિથી તે સાધક પોતાના ભવભ્રમણને ઘટાડે છે.

સંક્ષેપમાં સકર્મવીર્ય સંસારવર્ધક છે. અકર્મવીર્ય સંસારનાશક અને આત્મસુખદાયક છે. પરમાત્માના ભાવોને સમજીને જે પોતાની શકિતને સવળે માર્ગે વાપરે છે, તે પોતાના જીવનને સફળ બનાવે છે.

**અપેક્ષિત પ્રશ્નો :**

(૧) વીર્ય એટલે શું ? તેના ભેદ-પ્રભેદ જણાવો.

(૨) આધ્યાત્મિક વીર્ય કોને કહેવાય ?

(૩) પ્રમાદ અને અપ્રમાદનો ભાવ કયા વીર્યમાં થાય છે ?

(૪) આત્માનું પોષણ કયા વીર્યથી થાય છે ?

(૫) દેહરાગ કઈ રીતે છૂટે ?

## અધ્યયન-૯ ધર્મ

આ અધ્યયનનું નામ 'ધર્મ' છે. તેમાં ૩૬ ગાથા છે.

'ધર્મ' શબ્દ વિવિધ અર્થોમાં પ્રચલિત છે. ધર્મ એટલે કર્તવ્ય, કુશળ અનુષ્ઠાન, સદાચાર, સત્કૃત્યો, સ્વભાવ. ધર્મનું લક્ષણ બતાવતા આચાર્ય ભગવંતે કહ્યું છે કે દુર્ગતિમાં પડતા જીવોને શુભસ્થાને ધારી રાખે, સ્થિર કરે, તેને ધર્મ કહે છે.

ધર્મનો બે ભેદ છે. દ્રવ્યધર્મ અને ભાવધર્મ, ગામ, નગર, કુળ આદિ સંબંધિત ગૃહસ્થોના નિયમો, મર્યાદાઓ, કર્તવ્યો વગેરે કુળધર્મ, ગ્રામધર્મ વગેરે દ્રવ્યધર્મ છે. અન્નપુણ્ય વગેરે નવ પ્રકારનાં પુણ્ય પણ દ્રવ્યધર્મ છે.

વસ્તુનો સ્વભાવ તે વસ્તુનો ધર્મ છે. આત્માનો સ્વભાવ તે આત્મધર્મ છે. આત્મધર્મને પામવા સમ્યગ દર્શન, જ્ઞાન, ચારિત્રની સાધના-આરાધના કરવી તે આત્મધર્મ છે, તે જ ભાવધર્મ છે. આત્માનો સ્વભાવ કેવળજ્ઞાન અને કેવળદર્શન છે. રાગ-દ્વેષજનક કર્તા-ભોકતાભાવને છોડીને જ્ઞાતા-દષ્ટા ભાવ કેળવવો, તે આત્મધર્મ છે.

આ અધ્યયનમાં આત્મધર્મમાં સ્થિર થવા માટે મુખ્ય કારણ રૂપ સંયમ ધર્મનું અને સંયમાચારનું વિસ્તૃત વર્ણન કર્યું છે. શાસ્ત્રકારે પ્રારંભમાં સંસારી જીવોની દુ:ખજનક સ્થિતિ અને તેનાથી મુક્ત થવા સંયમધર્મની શ્રેષ્ઠતા પ્રદર્શિત

કરી છે.

**ચાર કારણે સંસારી જીવો દુ:ખ ભોગવી રહ્યાં છે :**

(૧) સંસારી જીવો પોતાના સુખ માટે અન્ય જીવોની હિંસા કરે છે, અન્ય જીવોને દુ:ખ કે પરિતાપ પહોંચાડે છે. અન્ય જીવો સાથે વેરાનુબંધ કરે છે, પરિણામે તે જીવો સુખના સ્થાને દુ:ખ પામે છે.

(૨) વિષયજન્ય સુખ કે ભોગ અન્ય જીવોની હિંસા વિના મળતું નથી. હિંસા અને ભોગ એક સિક્કાની બે બાજુ છે. પરિણામે ભોગની ઈચ્છા રાખનાર સંસારીઓ દુ:ખથી મુક્ત થઈ શકતા નથી.

(૩) સંસાર સ્વાર્થથી ભરેલો છે. વ્યક્તિ પાપકર્મ કરીને ધનસંપતિ ભેગી કરે, અચાનક મૃત્યુ થતાં સંપતિ સાથે જતી નથી. સંપતિને સ્વજનો વહેંચી લે છે અને પાપકર્મ સાથે લઈને જીવ પરલોકમાં જાય છે. તે પાપકર્મના ફળ તેને એકલા જ ભોગવવા પડે છે.

(૪) પાપકર્મથી પીડિત વ્યકિતને સ્વજનો બચાવી શક્તા નથી. અનુકૂળ સ્વજનો કે પોતે ભેગી કરેલી સંપત્તિ અશરણભૂત છે.

આ રીતે સંસાર દુ:ખમય છે, દુ:ખજનક છે અને દુ:ખદાયક છે.

સંસારની આ પ્રકારની પરિસ્થિતિથી મુક્ત થવા માટે સંસારનો ત્યાગ કરીને સંયમધર્મનો સ્વીકાર કરવો તે જ શ્રેષ્ઠ છે.

**સંયમધર્મ :**

આત્મભાવોમાં સ્થિર થવાના એક માત્ર લક્ષ્યથી દેહરાગ તથા સમસ્ત સંસારનો ત્યાગ કરી પંચ મહાવ્રતનું પાલન કરવું, પાંચે ઈન્દ્રિયોને નિયંત્રિત કરવી, સંયમિત કરવી, તે સંયમધર્મ છે.

સંયમી સાધક પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયના જીવોને આત્મસમાન જાણીને તેની પૂર્ણપણે દયા પાળે. સંયમધર્મનો અહિંસા સાથે ગાઢ સંબંધ છે. સંયમ અહિંસા રૂપ છે અને અહિંસાનું પાલન તે જ સંયમ

છે. તેથી જ સંયમીઓના અનેક નિયમો અહિંસાધર્મને પુષ્ટ કરવા માટે છે.

તેથી સાધુ સ્વયં ભોજન બનાવતા નથી, પોતાના માટે બનાવેલું ભોજન લેતા નથી. બજારમાંથી ખરીદતા નથી. ગૃહસ્થના વસ્ત્ર કે પાત્ર વાપરતા નથી. સચેત આહાર કરતા નથી. સાધુ સ્વયં પ્રાસુક - જીવ રહિત, અચેત અને એષણીય - સાધુચર્યાના નિયમાનુસાર નિર્દોષ આહાર - પાણી, વસ્ત્ર, પાત્ર, સ્થાન આદિ જીવન જરૂરિયાતની તમામ વસ્તુની યાચના કરીને ગ્રહણ કરે છે.

સંયમી સાધુઓની અહિંસા કેવળ કાયયોગથી જ નથી પરંતુ તેની ભાષા પણ અહિંસક જ હોય છે. તેથી સાધુ કોઈને દુઃખ કે પીડા થાય, માનસિક સંતાપ થાય, અન્યને પાપપ્રવૃત્તિમાં પ્રેરિત કરે તેવી ભાષાનો પ્રયોગ ન કરે. સાધુ માર્મિક ભાષા ન બોલે, તે ઉપરાંત કર્કશ કે કઠોર, ભાષા ન બોલે, બે વ્યકિતના સંબંધો તૂટે, કે વેર-વિરોધ વધે તેવી ભાષા પણ ન બોલે. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા ભાષાસમિતિ પૂર્વક હિત - મિત અને પરિમિત ભાષાનો પ્રયોગ કરે. સાધુ હંમેશા સત્ય અને વ્યવહાર ભાષા બોલે, ગમે તે પરિસ્થિતિમાં અસત્ય કે મિશ્રભાષા ન બોલે.

સાધુ પંચ મહાવ્રતનું પાલન કરે છે, પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં અનાસકત રહે, આરંભ સમારંભથી સર્વથા દૂર રહે, આત્મસાધનામાં બાધક બને તેવા ગૃહસ્થના સંગનો, ગૃહસ્થ સાથેના વ્યવહારનો, કારણવિના ગૃહસ્થના ઘેર જવા-આવવાનો કે બેસવાનો ત્યાગ કરે. ગૃહસ્થ ભકતો દ્વારા મળતી સુખ સુવિધામાં ગૃદ્ધ ન બને, કામભોગની અભિલાષા ન કરે. ગુરુવર્યોના સાંનિધ્યમાં રહીને પરમાત્માની આજ્ઞાનું યથાર્થ રીતે પાલન કરવામાં અપ્રમત્ત રહે.

આ રીતે વ્રત - નિયમોનું પાલન કરતાં કરતાં સાધકની બહિર્મુખી વૃત્તિ અંતર્મુખી બને છે, તે ક્રમશઃ વિભાવોથી દૂર થઈને આત્મસ્વભાવ રૂપ ધર્મમાં સ્થિત થાય છે, અંતે અખંડ આત્મભાવમાં સ્થિર થઈ નિર્વાણ પદને પામે છે.

આ રીતે શાસ્ત્રકારે આ અધ્યયનમાં આત્મધર્મને પ્રાપ્ત કરવાના ઉપાયોનું

કથન કરીને સંક્ષેપમાં દુ:ખ મુકિતનો માર્ગ પ્રદર્શિત કર્યો છે.

**અપેક્ષિત પ્રશ્નો :**

(૧) ધર્મ એટલે શું ?

(૨) સંયમધર્મ એટલે શું ?


(૩) સંસાર કેવો છે ?

(૪) સંયમીઓનું લક્ષ્ય શું હોય છે ?

(૫) સાધુ કઈ ભાષા બોલે છે અને કઈ ભાષા બોલતા નથી ?

(૬) આત્મધર્મ શું છે ?

## કેવળી સમુદ્‌ઘાતનું સ્વરૂપ



# શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

**પ્રસ્તાવના**

અંગસૂત્રોમાં ઉપાસકદશાંગ સૂત્ર એક માત્ર એવું સૂત્ર છે જેમાં સંપૂર્ણ રીતે શ્રમણોપાસક અથવા શ્રાવક જીવનની ચર્ચા છે. ભગવાન મહાવીર સ્વામીના સમકાલીન આનંદ, કામદેવ, ચુલનીપિતા આદિ દસ મુખ્ય શ્રાવકોના જીવનનું તાદશ ચિત્ર આપેલ છે. તેમણે ગૃહસ્થ જીવનના પ્રત્યેક વ્યવહારોને નિભાવતા બાર વ્રતનું પાલન કર્યું હતું. એટલું જ નહીં, જ્યારે ગૃહસ્થ જીવનની જવાબદારી પૂર્ણ થઈ ગઈ, ત્યારે દરેક શ્રાવકો છેલ્લાં છ વર્ષ નિરંતર પોષધ શાળામાં રહી નિવૃત્તિમય ધર્મસાધના કરી, અગિયાર શ્રાવક પ્રતિમાઓની આરાધના કરી અને તેઓ પ્રથમ દેવલોકમાં ગયા. દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સર્વ કર્મોનો ક્ષય કરીને સિધ્ધ ગતિને પ્રાપ્ત કરશે.

જૈન ધર્મમાં સાધનાની દૃષ્ટિથી શ્રમણધર્મ અને શ્રમણોપાસક ધર્મ એમ બે પ્રકારે ધર્મ બતાવ્યા છે. 'શ્રમણ' શબ્દ સર્વત્યાગી સંયમીના અર્થમાં પ્રયુક્ત છે. તેમની વ્રત આરાધનામાં વિકલ્પને કોઈ સ્થાન હોતું નથી. તેઓ સર્વ સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્રિકરણ-ત્રિયોગે જીવન પર્યંત ત્યાગ કરે છે. મહાવ્રતોની સાધનાની અપેક્ષાએ જેમાં સાધક પોતાની શક્તિ પ્રમાણે, મર્યાદા પ્રમાણે વ્રત સ્વીકારે છે, એવા સાધક માટે જૈન શાસ્ત્રોમાં શ્રમણોપાસક શબ્દ વપરાય છે.

શ્રમણોપાસક શબ્દમાં શ્રમણ + ઉપાસક આ બે શબ્દ છે. ઉપાસકનો શાબ્દિક અર્થ આ પ્રમાણે થાય છે ,ઉપ = નજીક રહીને ઉપાસના કરનારા. અર્થાત્ જે શ્રમણોના સાંનિધ્યમાં રહીને તેમની પર્યુપાસના કરે, તે શ્રમણોપાસક છે. તેઓ શ્રમણ પાસેથી સદ્જ્ઞાન તથા વ્રત ધારણ ગ્રહણ કરે છે. તેમના મહાવ્રતમય જીવનથી પ્રેરિત થઈને ઉપાસનાના માર્ગે આરૂઢ થાય છે, તે શ્રમણોપાસક છે.

શ્રમણોપાસક માટે એક બીજો શબ્દ શ્રાવક પણ વપરાય છે, આ શબ્દ

'શ્રુ' ધાતુથી બનેલો છે. જે શ્રમણનો ઉપદેશ સાંભળી વ્રત આદિ ગ્રહણ કરે છે તે શ્રાવક કહેવાય અથવા જેનામાં શ્રદ્ધા, વિવેક અને આંશિક ક્રિયા, આ ત્રણે ગુણનો સમન્વય હોય તેને શ્રાવક કહે છે.

**શ્રાવક વ્રતની સમજણ :**

જૈનધર્મની વિશેષતા અને વિશાળતા એ છે કે શ્રાવકોના વ્રત ગ્રહણ કરવાનો ક્રમ પણ મનોવૈજ્ઞાનિક છે. તેઓ અહિંસા, સત્ય, અચૌર્ય આદિ વ્રતનો સ્વીકાર પોતાના આત્મબળ અને શકિત અનુસાર કેટલાંક આગારોની સાથે કરે છે, તેથી તેને અણુવ્રત કહ્યાં છે એટલું જ નહિ શ્રાવકોનાં વ્રતોમાં આગારોનું પણ કોઈ એક રૂપ નથી. એક જ અહિંસાવ્રત આરાધકો દ્વારા અનેક પ્રકારના આગાર સાથે ગ્રહણ કરી શકાય છે, દરેક વ્યક્તિઓની ક્ષમતા, સામર્થ્ય અલગ-અલગ હોય છે.પ્રત્યેક વ્યક્તિના ઉત્સાહ, આત્મબળ સરખા હોતા નથી. તેથી જ વ્રત અને તેના આગાર રાખવામાં વ્યક્તિની પોતાની સ્વતંત્રતા રહેલી હોય છે. જેથી ઓછી કે અધિક દરેક પ્રકારની શક્તિ ધરાવતી, સાધના માટે ઉત્સુક વ્યક્તિઓ સાધનાના માર્ગમાં પ્રવેશ કરી શકે છે. ત્યાર પછી સાધક પોતાની શક્તિને ક્રમશ: વધારતા, સાધનાના માર્ગમાં વિકાસ કરતા જાય છે. આગારોને ઘટાડતા જાય છે. તેમ કરતાં કરતાં તે શ્રમણોપાસકની ભૂમિકામાં શ્રમણભૂત (શ્રમણ જેવો) બની શકે છે. આ ક્રમિક વિકાસનો માર્ગ એક ઊંડા મનોવૈજ્ઞાનિક તથ્યને ઉજાગર કરે છે. ખરેખર ! ગૃહસ્થની સાધનામાં જૈનધર્મની આ પધ્ધતિ નિ:સંદેહ બેજોડ છે.

ઉપાસકદશાંગ સૂત્રથી મળતી તે સમયની સામાજિક સ્થિતિ :-

દસે દસ શ્રાવકોની પાસે ગોધન ઘણું હતું. તેના પરથી ફલિત થાય છે કે તે સમયમાં ભારતમાં ગોપાલનની પ્રવૃત્તિ વિશેષ રૂપે હતી, એટલું જ નહિ જનજીવનમાં ગાય અને બળદનું મહત્ત્વ વિશેષરૂપે રહેલું હતું.

લોકોનું જીવન ઘણું વ્યવસ્થિત હતું. દરેક કાર્યમાં આગવી વિધિ અને વ્યવસ્થા ક્રમ રહેલો હતો. જેમ કે ભગવાન મહાવીરના દર્શન માટે શિવાનંદા

વગેરેનો જવાનો પ્રસંગ આવે છે ત્યારે ત્યાં ધાર્મિક ઉત્તમરથનો ઉલ્લેખ છે, કે જેનો ઉપયોગ ધાર્મિક કાર્યો માટે જ થતો હતો.

આનંદ શ્રાવકે બાર વ્રત ધારણ કરતી વખતે ખાદ્ય, પેય, ભોગ-ઉપભોગ વગેરેની જે મર્યાદા કરી, તેનાથી તે સમયની રહેણી કરણી જાણી શકાય છે. શતપાક-સહસ્રપાક તેલના ઉલ્લેખથી જાણી શકાય છે કે તે સમયે આયુર્વેદ ઘણું વિકસિત હશે, તેમ જ ખાનપાન, સહજ, સરળ અને પથ્યકારી હોવાની જાણકારી મળે છે.

લોકોમાં આભૂષણો ધારણ કરવાની રુચિ પણ હતી. એટલું જ નહિ રથમાં જોડાતાં બળદોને પણ સોના-ચાંદીના આભૂષણોથી સુશોભિત કરતા હતા.

પ્રસ્તુત ગ્રંથમાં વર્ણિત દસ શ્રાવકોમાંથી નવ શ્રાવકોને એક એક પત્ની હતી. જ્યારે મહાશતકને તેર પત્ની હતી. તેનાથી ખ્યાલ આવે છે કે તે સમયમાં બહુ પત્ની પ્રથાનો રિવાજ પણ ક્યાંક ક્યાંક હતો. કન્યાઓના લગ્ન પ્રસંગે પિતૃપક્ષ તરફથી સ્થાવર જંગમ સંપત્તિ આપવાનો રિવાજ પણ હતો.

પ્રત્યેક નગર બહાર ઉદ્યાન રહેતા. આવા ઉદ્યાન સાર્વજનિક ઉપયોગ માટે વપરાતા. ત્યાં વિશાળ સભાભવનો રહેતા હતા. જેમાં સાધુ સંતો રહી શક્તા. તેવી જ રીતે શ્રાવકો વિશેષ ઉપાસના માટે પૌષધશાળાનો ઉપયોગ કરતા. તે ઉપરાંત ધર્મોપાસના માટે વાટિકાના રૂપમાં પોતાનું વ્યક્તિગત સ્થાન રાખતા.

ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતના અતિચારોની અંતર્ગત પંદર કર્માદાનનું વર્ણન છે. જે શ્રાવક માટે અનાચરણીય છે. તેમાં જે કામનો નિષેધ છે, તેનાથી તે સમયના પ્રચલિત વ્યવસાય, વ્યાપારનો બોધ થાય છે. તે સમયમાં દાસ-પ્રથાનું ચલણ હતું. પ્રાણીઓની ક્રયવિક્રયની સાથે સાથે દાસ-દાસીઓના ક્રયવિક્રયનો ધંધો પણ સામેલ હતો.

આમ ઉપાસકદશાંગ સૂત્રમાં આપેલ દશ શ્રાવકના કથાનકના માધ્યમથી શ્રાવકોની ધાર્મિક ભાવના, સામાજિક રીત રિવાજ આદિ પરિસ્થિતિની માહિતી

મળે છે.

ગૃહસ્થોને જીવન જીવવાની કળા શીખવતું, ભોગમાંથી ત્યાગ માર્ગે જવાની દિશા બતાવતું, બત્રીસ આગમોમાં શ્રાવક માટે દીવાદાંડી સમ એક અનન્ય આગમ શ્રી ઉપાશક દશાંગ સૂત્ર છે.

પ્રસ્તુત આગમમાં વર્ણવેલ દશ શ્રાવકોના જીવન સંબંધી વિષય સંકલનનો, મુખ્ય માહિતી દર્શાવતું કોષ્ટક આપેલ છે, તેમાં સંક્ષિપ્તમાં દરેક શ્રાવકના નામ, ગામનું નામ, સંપત્તિ, ગતિ આદિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દશેય શ્રાવકોના વિષયમાં ઘણી બધી સમાનતા રહેલી છે. છતાં અવધિજ્ઞાનના વિષયમાં અંતર રહેલું છે.

**અવધિજ્ઞાન :**

આનંદ અને મહાશતક આ બંને શ્રાવકને અવધિજ્ઞાન થયું છે.

**આનંદ શ્રાવકનો અવધિજ્ઞાનનો વિષય :**

ઊર્ધ્વ દિશામાં સૌધર્મ દેવલોક સુધી, અધો દિશામાં પ્રથમ નરકના લોલુપ નામના નરકાવાસ સુધી, ઉત્તરદિશામાં હિમવાન પર્વત સુધી અને શેષ ત્રિદિશામાં લવણ સમુદ્રમાં ૫૦૦-૫૦૦ યોજન સુધી જાણતા હતા.

**મહાશતક શ્રાવકનો અવધિજ્ઞાનનો વિષય :**

ઊર્ધ્વ દિશામાં સૌધર્મ દેવલોક સુધી, અધો દિશામાં પ્રથમ નરકના લોલુપ નામના નરકાવાસ સુધી, ઉત્તર દિશામાં હિમવાન પર્વત સુધી અને શેષ ત્રિદિશામાં (પૂર્વ, પશ્ચિમ, દક્ષિણમાં) **૧૦૦૦ યોજન સુધીના લવણ સમુદ્રના ક્ષેત્રને જાણતા હતા.**

## પરિશિષ્ટ ૧૦ અધ્યયનનોની મુખ્ય માહિતીઓનું કોષ્ટક

| ક્રમ | શ્રાવકનું નામ | પત્ની | ગામ | ક્યા ઉદ્યાનમાં પ્રભુ પધાર્યા | સંપત્તિ | ગોધન | ઉપસર્ગ | ઉપસર્ગથી ચલિત થયા કે નહીં ? | વિશિષ્ટ ઘટના | પરલોકગમન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આનંદ | શિવાનંદા | વાણિજ્ય | દ્યુતિપલાશ | ૧૨ ક્રોડ સુવર્ણમુદ્રા | ચાર ગોકુળ | × | × | અવધિજ્ઞાનના વિસ્તાર વિષયક ગૌતમ સ્વામીનો સંશય, પ્રભુ દ્વારા સમાધાન | પ્રથમ દેવલોક અરુણ વિમાન |
| ૨ | કામદેવ | ભદ્રા | ચંપાનગરી | પૂર્ણભદ્ર | ૧૮ ક્રોડ સુવર્ણમુદ્રા | છ ગોકુળ | દેવકૃત | ચલિત થયા નથી. | પિશાચ, હાથી અને સર્પના રૂપમાં દેવોપસર્ગ. કામદેવની અંત સુધી દૃઢતા. | પ્રથમ દેવલોક અરુણાભ વિમાન |
| ૩ | ચુલનીપિતા | શ્યામા | કાશી (વારાણસી) | કોષ્ટક | ૨૪ ક્રોડ સુવર્ણમુદ્રા | આઠ ગોકુળ | દેવકૃત | અંતે ચલિત થયા. | દેવ દ્વારા ક્રમશઃ ત્રણ પુત્રવધ, અંતે માતૃવધની ધમકીથી વ્રતભંગ અને માતાની પ્રેરણાથી પ્રાયશ્ચિત સ્વીકાર | પ્રથમ દેવલોક અરુણપ્રભ વિમાન |
| ૪ | સુરાદેવ | ધન્યા | વારાણસી | કોષ્ટક | ૧૮ ક્રોડ સુવર્ણમુદ્રા | છ ગોકુળ | દેવકૃત | ચલિત થયા. | દેવ દ્વારા ક્રમશઃ ત્રણ પુત્રવધ. અંતે સોળ મહારોગ ઉત્પન્ન કરવાની ધમકીથી વ્રતભંગ. પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત સ્વીકાર | પ્રથમ દેવલોક અરુણકાંત વિમાન |
| ૫ | ચુલ્લશતક | બહુલા | આલંભિકા | શંખવન | ૧૮ ક્રોડ સુવર્ણમુદ્રા | છ ગોકુળ | દેવકૃત | ચલિત થયા. | દેવ દ્વારા ક્રમશઃ ત્રણ પુત્રવધ. અંતે સર્વ સંપત્તિને વેરવિખેર કરવાની ધમકીથી વ્રતભંગ. પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત સ્વીકાર | પ્રથમ દેવલોક અરુણ શ્રેષ્ઠ વિમાન |
| ૬ | કુંડકૌલિક | પુષા | કાંપિલપુર | સહસામ્રવન | ૧૮ ક્રોડ સુવર્ણમુદ્રા | છ ગોકુળ | × | × | દેવ દ્વારા વીંટી અને ઉત્તરીય વસ્ત્ર લઈ જવાં. ગોશાલક મતની પ્રશંસા. શ્રાવક દ્વારા તેનું ખંડન અને દેવનું મૌનપણે ગમન | પ્રથમ દેવલોક અરુણધ્વજ વિમાન |

## પરિશિષ્ટ

## ૧૦ અધ્યયનનોની મુખ્ય માહિતીઓનું કોષ્ટક

| ક્રમ | શ્રાવકનું નામ | પત્ની | ગામ | ક્યા ઉદ્યાનમાં પ્રભુ પધાર્યા | સંપત્તિ | ગોધન | ઉપસર્ગ | ઉપસર્ગથી ચલિત થયા કે નહીં ? | વિશિષ્ટ ઘટના | પરલોકગમન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | સકડાલપુત્ર | અગ્નિમિત્રા | પોલાસપુર | સહસામ્રવન | ૩ ક્રોડ સુવર્ણમુદ્રા | એક ગોકુળ | દેવકૃત | ચલિત થયા. | ગોશાલકના નિયતિવાદની શ્રદ્ધા ધરાવનાર પરંતુ પ્રભુના સમાગમે સદ્‌બોધની પ્રાપ્તિ. આરાધના સમયે દેવ દ્વારા ત્રણ પુત્રવધ અંતે પત્નીવધની ધમકીથી વ્રતભંગ. પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત સ્વીકાર | પ્રથમ દેવલોક અરુણભૂત વિમાન |
| ૮ | મહાશતક | રેવતી પ્રમુખ તેર પત્ની | રાજગૃહ | ગુણશીલ | ૨૪ ક્રોડ કાંસ્યપાત્ર પરિમિત સુવર્ણમુદ્રા | આઠ ગોકુળ | પત્નીકૃત | ચલિત થયા નથી. | અદમ્ય કામવાસનાથી પીડિત રેવતીનો કામોદ્દીપક વ્યવહાર. મહાશતકની નિશ્ચલતા, અંતિમ આરાધનામાં અવધિજ્ઞાનની પ્રાપ્તિ. રેવતિના ભાવિ નરકગમન વિષયક સત્ય કથન પરંતુ અનિષ્ટ ભાષણ રૂપ દોષ સેવન. પ્રભુના આદેશથી, ગૌતમ સ્વામીની પ્રેરણાથી પ્રાયશ્ચિત સ્વીકાર | પ્રથમ દેવલોક અરુણાવતંસક વિમાન |
| ૯ | નંદિનીપિતા | અશ્વિની | શ્રાવસ્તી | કોષ્ટક | ૧૨ ક્રોડ સુવર્ણમુદ્રા | ચાર ગોકુળ | × | × | સરળ અને સહજપણે વ્રતારાધના | પ્રથમ દેવલોક અરુણગવ વિમાન |
| ૧૦ | સાલિહીપિતા | ફાલ્ગુની | શ્રાવસ્તી | કોષ્ટક | ૧૨ ક્રોડ સુવર્ણમુદ્રા | ચાર ગોકુળ | × | × | સરળ અને સહજપણે વ્રતારાધના | પ્રથમ દેવલોક અરુણકીલ વિમાન |

**દશે શ્રાવકોએ ૧૨ વ્રત અને ૧૧ પ્રતિમાઓનું પાલન કર્યું. ૨૦ વર્ષ સુધી શ્રાવક-ધર્મનું પાલન કર્યું. તેમાં જ છેલ્લા છવર્ષ ગૃહસ્થ પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લઈને આત્મસાધના કરી. અંતે એક માસનો સંથારો કરીને સમાધિમરણ-પ્રથમ દેવલોક ગમન-ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરી મુક્તિ-ગમન કરશે.**

# વિપાક સૂત્ર - સુબાહુ કુમાર

## બીજો શ્રુતસ્કંધ-અધ્યયન-૧લું

બાર અંગ સૂત્રમાં વિપાક સૂત્રનું અગિયારમું સ્થાન છે. વિપાક એટલે શુભાશુભ કર્મ પરિણામ અને તેનું કથા રૂપમાં પ્રતિપાદન કરનાર સૂત્ર તે વિપાક સૂત્ર .

કર્મ સિધ્ધાંત જૈન દર્શનનો એક મુખ્ય સિધ્ધાંત છે. તે સિધ્ધાંતનું પ્રસ્તુત આગમમાં ઉદાહરણોના માધ્યમ દ્વારા સરળ રીતે પ્રતિપાદન કરેલ છે.

સાંસારિક જીવ જે વિવિધ પ્રકારના કર્મોના બંધન કરે છે. તેને વિપાકની દૃષ્ટિએ બે ભાગમાં વિભક્ત કરેલ છે. જેમકે અશુભ અને શુભ. અશુભ પ્રકૃત્તિઓને પાપ પ્રકૃતિ કહેલ છે, જેનું ફળ-વિપાક જીવને માટે અનિષ્ટ, અપ્રિય અને દુ:ખરૂપ હોય છે. શુભ પ્રકૃતિ અર્થાત્ પુણ્ય પ્રકૃતિઓનું ફળ-વિપાક તેનાથી વિપરીત ઈષ્ટ, કાંત, પ્રિય અને સાંસારિક સુખને આપનાર છે. બન્ને પ્રકારના ફળ-વિપાકને સરળ સરસ અને સુગમરૂપે સમજવા માટે વિપાક સૂત્રની રચના થઈ છે.

વિપાક સૂત્રમાં દુ:ખ વિપાકમાં દસ અધ્યયન અને સંક્ષિપ્તમાં સુખ વિપાકના બીજા દસ અધ્યયન એમ કુલ મળીને વીસ અધ્યયનોનો સમાવેશ બે શ્રુતસ્કંધમાં કરવામાં આવેલ છે.

દુ:ખવિપાકના કથાનાયક મૃગાપુત્ર આદિ અને સુખવિપાકમાં વર્ણન કરાયેલ સુબાહુકુમાર આદિ બંને પ્રકારના કથાનાયકોની ચરમ સ્થિતિ-અંત એક સમાન છે. તો પણ મોક્ષે જાય તે પહેલાંના તેના સંસાર પરિભ્રમણનું જે ચિત્ર છે તે વિશેષ વિચારણીય છે. પાપાચારી મૃગાપુત્ર આદિને અતિ દુ:ખમય દુર્ગતિઓમાંથી દીર્ઘકાળ સુધી પસાર થવું પડશે. અનેકવાર નરકમાં, એકેન્દ્રિયમાં આદિ ત્રાસજનક યોનિઓમાં દુસ્સહ વેદના ભોગવવી પડશે. ત્યાર પછી ક્યાંક તે

માનવભવ પામી સિધ્ધિને મેળવશે.

સુખવિપાકના કથાનાયક સુબાહુકુમાર આદિને પણ અસંખ્ય કાળ સુધી સંસારમાં રહેવું પડશે. પરંતુ તેના દીર્ઘકાળનો અધિકાંશ ભાગ સ્વર્ગીય સુખોના ઉપભોગમાં અથવા સુખમય માનવ ભવમાં જ વ્યતીત થશે.

પુણ્યકર્મના ફળ સ્વરૂપ સુખવિપાક અને પાપચારના ફળ સ્વરૂપ દુ:ખવિપાક, આ બંનેની તુલના કરવાથી ખ્યાલ આવે છે કે પાપ અને પુણ્ય બંને બંધન રૂપે હોવા છતાં પણ બંનેના ફળમાં અંધકાર અને પ્રકાશ જેટલું અંતર છે.

વિપાકસૂત્રના બીજા શ્રુતસ્કંધમાં પુણ્યશાળી પુરુષોનું વર્ણન કરેલ છે. (૧) પ્રથમ અધ્યયનમાં સુબાહુ કુમારનું વર્ણન કરેલ છે. શેષ અધ્યયનોમાં નવ પુણ્યશાળી આત્માઓનું વર્ણન છે. જેમકે (૨) ભદ્રનંદી (૩) સુજાત (૪) સુવાસવ (૫) જિનદાસ (૬) ધનપતિ (૭) મહાબલ (૮) ભદ્રનંદી (૯) મહચંદ્ર અને (૧૦) વરદત્ત. દરેકમાં નામ આદિની ભિન્નતા હોવા છતાં પણ મુખ્ય તત્ત્વ સમાન છે. તેમ છતાં પહેલાં, બીજા, ત્રીજા અને દસમા અધ્યયનમાં પંદર ભવો પછી મોક્ષે જવાનું વર્ણન છે. જ્યારે શેષ છ અધ્યયનમાં તે જ ભવમાં મોક્ષે જવાનું વર્ણન છે. આ પ્રકારનું અંતર હોવાનું કારણ સમજાતું નથી. તત્ત્વ કેવળી ગમ્ય કહી શકાય.

**પ્રથમ અધ્યયન : સુબાહુકુમાર**

તે કાળે તે સમયે હસ્તિશીર્ષ નામે એક મોટું નગર હતું. તે નગર ભવનાદિ વૈભવથી યુક્ત, સુરક્ષિત તેમ જ ધન-ધાન્યથી પરિપૂર્ણ હતું. તે નગરની બહાર ઈશાનખૂણામાં પુષ્પકરંડક નામનું એક રમણીય ઉદ્યાન આવેલું હતું. ત્યાં કૃતવનમાલપ્રિય નામના યક્ષનું યક્ષાયતન પણ હતું.

તે નગરમાં અદીનશત્રુ નામે રાજા રાજ્ય કરતા હતા. રાજાના અંત:પુરમાં મુખ્ય ધારિણી રાણી સહિત હજાર રાણીઓ હતી. ધારિણી રાણીને સુબાહુકુમાર નામનો પુત્ર હતો. તેણે પુરુષોની બોતેર કળાઓમાં કુશળતા પ્રાપ્ત

કરી લીધી હતી. યૌવનવય થતાં માતા પિતાએ સુબાહુકુમારના વિવાહ પુષ્પચૂલા આદિ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે એક દિવસમાં કરાવ્યા. તેમ જ પાંચસો-પાંચસો મહેલ આદિ વસ્તુઓનું પ્રીતિદાન આપવામાં આવ્યું. ત્યાં સુબાહુકુમાર સુખપૂર્વક રહેવા લાગ્યા.

**સુબાહુકુમારનું ધર્મશ્રવણ :**

એકવાર ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં શ્રમણ પ્રભુ મહાવીર હસ્તિશીર્ષ નગરમાં પધાર્યા. ત્યારે નગરજનોની સાથે રાજા અદીનશત્રુ, સુબાહુકુમાર આદિ પ્રભુની દેશના સાંભળવા ગયા. ધર્મોપદેશ સાંભળી રાજા તેમ જ નગરજનો પાછા વળ્યા.

**ગૃહસ્થધર્મનો સ્વીકાર :**

ત્યારબાદ સુબાહુકુમારે ભગવાનને વંદન નમસ્કાર કરીને કહ્યું, હે ભગવંત્ ! હું નિર્ગ્રંથ પ્રવચન-વીતરાગ ધર્મની શ્રધ્ધા કરું છું, પ્રતીતિ કરું છું, રુચિ કરું છું. આપની પાસે રાજા, રાજકુમાર, શેઠ, સેનાપતિ વગેરે મુંડિત બની પાંચ મહાવ્રત અંગીકાર કરી અણગાર બન્યા છે, તેમને ધન્ય છે. હું તેમની જેમ સંયમ ગ્રહણ કરી શકતો નથી. પરંતુ હું બાર પ્રકારના ગૃહસ્થ ધર્મને હું અંગીકાર કરવા ઈચ્છું છું.

ભગવાને કહ્યું, “જેમ તમને સુખ ઉપજે તેમ કરો, પરંતુ તેમાં વિલંબ ન કરો.” ત્યારે સુબાહુકુમારે પ્રભુ પાસેથી પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો અને ઘરે પાછા ફર્યા.

**ગૌતમ સ્વામીની સુબાહુકુમાર વિષયક જિજ્ઞાસા :**

સુબાહુકુમારના વૈભવ અને સૌમ્યતાથી ગૌતમ સ્વામી આકર્ષાયા. તેમણે ભગવાનને પૂછ્યું કે, “સુબાહુકુમાર ઈષ્ટ, શાંત, કાંત, પ્રિય, મનોજ્ઞ, સૌમ્ય, સૌભાગ્યશાળી લાગે છે, વળી સુબાહુકુમાર સાધુજનોને પણ ઈષ્ટ, પ્રિય, આનંદકારી અને મનોહર લાગે છે, તો હે ભગવન્ ! તેમણે આવી અપૂર્વ માનવીય

ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી ? પૂર્વભવમાં તેમણે શું કર્યું હતું ? તેમના નામ, ગોત્ર આદિ શું હતા ? કોણ હતાં ? તેમણે કયા ગુણ ઉપલબ્ધ કર્યા હતા ? કોની પાસે ધર્મ શ્રવણ કરીને તેનું અનુપાલન કર્યું હતું ? કે જેના કારણે સુબાહુકુમારે આવી ઋદ્ધિ મેળવી છે ?"

**ભગવાન દ્વારા સમાધાન :**

ત્યારે ભગવાને સુબાહુકુમારનો પૂર્વભવ બતાવ્યો. હે ગૌતમ ! તે સમયે આ જંબૂદ્વીપમાં ભારતવર્ષમાં હસ્તિનાપુર નામનું નગર હતું. તે નગર અતિ સમૃધ્ધ અને સુરક્ષિત હતું. ત્યાં સુમુખ નામના એક ધનાઢ્ય ગાથાપતિ રહેતા હતા.

એકવાર તે નગરમાં પાંચસો શ્રમણોથી પરિવૃત્ત ધર્મઘોષ નામના સ્થવિર ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં પધાર્યા. તેઓ અણગાર ધર્મને અનુકૂળ સ્થાનને ગ્રહણ કરી નગરના સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં રહેવા લાગ્યા. સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

ત્યારે ધર્મઘોષ સ્થવિરના અંતેવાસી શિષ્ય સુદત્ત નામના અણગાર નિરંતર માસખમણ તપ કરતાં થકા વિચરતા હતા. એકદા સુદત્ત નામના અણગાર માસખમણના પારણાં માટે ગુરુની આજ્ઞા લઈને નગરમાં ગોચરી અર્થે પધાર્યા. ભિક્ષાર્થે ભ્રમણ કરતાં સુમુખ ગાથાપતિના ઘરે આવ્યા.

સુમુખ ગાથાપતિએ સુદત્ત અણગારને આવતાં જોયા, જોઈને અત્યંત આનંદિત બની પ્રસન્ન થયા. આસન ઉપરથી ઊઠી, પગમાંથી પાદુકાઓ કાઢી, મુખે ઉત્તરાસંગ રાખી, સાત આઠ પગલાં સામે જઈ, હાથ જોડી ત્રણ આવર્તન આપી વંદન-નમસ્કાર કર્યા અને મુનિરાજને જ્યાં તેમનું રસોઈ ઘર હતું ત્યાં લાવ્યા.

**'આજે હું મુનિરાજને પર્યાપ્ત આહારદાન આપીશ.'** આવો શુભ સંકલ્પ કર્યો. આહારદાન સમયે અને ત્યાર પછી પણ અત્યંત ખુશ થયા. પોતાને કૃતકૃત્ય માનતા હર્ષવિભોર બન્યા.

ત્યારે તે સુમુખ ગાથાપતિએ શુધ્ધ દ્રવ્ય (નિર્દોષ આહારદાન) થી અને દાયક શુધ્ધ (ગોચરીના નિયમ યોગ્ય પવિત્ર દાતા), લેનાર શુધ્ધ (મહાતપસ્વી શ્રમણ એવી ત્રિવિધિ શુધ્ધિ) તેમજ ત્રિકરણ શુધ્ધિથી અર્થાત્ મન, વચન અને કાયાથી સ્વાભાવિક ઉદારતા, સરળતા અને નિર્દોષતાથી સુદત્ત અણગારને પ્રતિલાભ્યા. જેને કારણે જન્મ મરણની પરંપરાને અતિ અલ્પ કરી મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો. તેમ જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ.

તેમના ઘરમાં પાંચ દિવ્ય પ્રગટ થયા. (૧) સુવર્ણવૃષ્ટિ (૨) પુષ્પવૃષ્ટિ (૩) ધ્વજા (૪) દેવદુંદુભિ અને (૫) અહો દાનં - મહાદાનની આકાશમાં દિવ્યવાણી. આ વાત આખા નગરમાં ફેલાઈ ગઈ. સર્વત્ર સુમુખ ગાથાપતિના નામનો જય જયકાર થવા લાગ્યો.

ત્યાર પછી તે ગાથાપતિ સેંકડો વર્ષોનું આયુષ્ય ભોગવીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને આ હસ્તિશીર્ષ નગરમાં મહારાજા અદીનશત્રુની ધારિણી રાણીના કુક્ષિમાં સુબાહુકુમાર પુત્રરૂપે ઉત્પન્ન થયા. સુપાત્રદાનના સર્વાંગ સુંદર સંયોગથી આ પ્રકારની ઋધ્ધિ સંપદાને પ્રાપ્ત કરી છે. જેથી જોતાં જ બધાંને પ્રિયકર લાગે છે.

આ પ્રમાણે સાંભળીને ગૌતમ સ્વામીએ ફરી પાછો પ્રશ્ન પૂછ્યો, "હે ભંતે ! સુબાહુકુમાર આપશ્રીના ચરણોમાં મુંડિત થઈને ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને અણગાર બનશે ? સંયમ ગ્રહણ કરશે ?"

ભગવાને કહ્યું, ''કેટલોક સમય શ્રાવક વ્રતનું પાલન કરશે. ત્યારબાદ સંયમ ગ્રહણ કરશે.'' ત્યારબાદ કોઈ અન્ય સમયે હસ્તિશીર્ષનગરથી વિહાર કરીને શ્રમણ પ્રભુ મહાવીર અન્ય દેશોમાં વિચરવા લાગ્યા.

આ બાજુ સુબાહુકુમાર શ્રમણોપાસક શ્રાવક થઈ ગયા. જીવ અજીવ વગેરે તત્ત્વના જાણકાર થયા. આહારાદિ દાનથી લાભને પ્રાપ્ત કરતાં સમય વ્યતીત કરવા લાગ્યા.

કોઈ એક વખત પૌષધશાળામાં સુબાહુકુમાર અઠ્ઠમ સહિત પૌષધરૂપ ધાર્મિક અનુષ્ઠાનનું યથાવિધિ પાલન કરી રહ્યાં હતા. ત્યારે રાત્રિના સમયે ધર્મ જાગરાણ માટે જાગતાં સુબાહુકુમારના મનમાં સંકલ્પ ઊઠયો કે, તે ક્ષેત્ર ધન્ય છે જ્યાં ભગવાન વિચરી રહ્યાં છે, તે ભવ્ય જીવો ધન્ય છે કે ભગવાનની પાસે સંયમ અથવા શ્રાવક વ્રત સ્વીકાર કરી રહ્યાં છે. તે રાજા, ઈશ્વરાદિ પણ ધન્ય છે કે જેઓ પ્રભુ મહાવીરની ધર્મ દેશના સાંભળે છે. જો પ્રભુ મહાવીર સ્વામી અનુક્રમે વિચરતાં વિચરતાં અહીં પધારે તો હું અવશ્ય સંયમ ગ્રહણ કરીશ.

સુબાહુકુમારના મનોગત ભાવોને જાણી ભગવાન વિચરણ કરતાં કરતાં હસ્તિશીર્ષ નગરમાં પધાર્યા. ત્યારે સુબાહુકુમાર પ્રભુના વંદનાર્થે નીકળ્યા. પ્રભુની દેશના સાંભળી વૈરાગ્યભાવ ઉત્પન્ન થતાં સુબાહુકુમાર માતા-પિતાની આજ્ઞા લઈને દીક્ષિત થયા. અગિયાર અંગ કંઠસ્થ કર્યા. વિવિધ તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતાં ઘણાં વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કરીને અંતે એક મહિનાની સંલેખના કરી કાળધર્મ પામ્યા.

સુબાહુ અણગાર ક્રમશઃ સાત મનુષ્યના ભવોમાં સંયમની આરાધના કરશે અને વચ્ચે પહેલા, ત્રીજા, પાંચમા, સાતમા, નવમા, અગિયારમા દેવલોક તેમ જ સર્વાર્થસિધ્ધ વિમાન, આમ સાત દેવના ભવ કરશે. ત્યાર પછી ચૌદમા એટલે કે આ ભવ સાથે પંદરમા ભવમાં સંયમ તપની આરાધના કરી મોક્ષે જશે.

**દુલ્લહાઓ મુહાદાઈ, મુહા જીવી વિ દુલ્લહા।**
**મુહાદાઈ મુહાજીવી, દો વિ ગચ્છન્તિ સુગ્ગઈ ।।**

શ્રી દશવૈકાલિક સૂત્ર અધ્ય - ૫/૧/૧૦૦

ભાવાર્થ : નિ:સ્વાર્થ ભાવે ભિક્ષા આપનાર દાતા અને કેવળ સંયમના નિર્વાહ માટે પ્રભુની આજ્ઞાથી નિર્દોષ ભિક્ષા લેનાર શ્રમણ નિર્ગ્રંથ, તે બંને દુર્લભ છે.

તેવા ભિક્ષાદાતા અને ભિક્ષા ગ્રહણ કરનાર બંને નિશ્ચિત રૂપે સદ્ગતિને પ્રાપ્ત કરે છે.

**સુબાહુ કુમાર વર્ણન સંપૂર્ણ**

**પરિશિષ્ટ**

## સુખવિપાક સૂત્ર

| નામ | નગરી | માતા-પિતા | વિવાહ | પૂર્વભવ | આહારદાન કોને આપ્યુ ? |
|---|---|---|---|---|---|
| ૧. સુબાહુકુમાર | હસ્તિશીર્ષ | ધારિણી દેવી<br>અદીનશત્રુ રાજા | પુષ્પચૂલા પ્રમુખ<br>૫૦૦ રાજકન્યા | સુમુખ<br>ગાથાપતિ | સુદત્ત અણગારને |
| ૨. ભદ્રનંદીકુમાર | ઋષભપુર | સરસ્વતી દેવી<br>ધનાવહ રાજા | શ્રીદેવી પ્રમુખ<br>૫૦૦ રાજકન્યા | વિજયકુમાર | યુગબાહુ તીર્થંકરને |
| ૩. સુજાતકુમાર | વીરપુર | શ્રીદેવી રાણી<br>મિત્ર રાજા | બાલશ્રી પ્રમુખ<br>૫૦૦ રાજકન્યા | ઋષભદત્ત<br>ગાથાપતિ | પુષ્પદત્ત અણગારને |
| ૪. સુવાસવકુમાર | વિજયપુર | કૃષ્ણાદેવી<br>વાસવદત્ત રાજા | ભદ્રા પ્રમુખ<br>૫૦૦ રાજકન્યા | ધનપાલ રાજા | વૈશ્રમણભદ્ર અણગારને |
| ૫. જિનદાસકુમાર | સૌગંધિકા | અર્હદત્તાદેવી<br>મહાચંદ્રરાજકુમાર | - | મેઘરથ રાજા | સુધર્મા અણગારને |
| ૬. ધનપતિ કુમાર | કનકપુર | શ્રીદેવી રાણી<br>વૈશ્રમણ રાજા | શ્રીદેવી પ્રમુખ<br>૫૦૦ રાજકન્યા | મિત્રનામક રાજા | સંભૂતિવિજય અણગારને |

| નામ | નગરી | માતા-પિતા | વિવાહ | પૂર્વભવ | આહારદાન કોને આપ્યુ ? |
|---|---|---|---|---|---|
| ૭. મહાબલકુમાર | મહાપુર | સુભદ્રાદેવી રાણી બલરાજા | રક્તવતી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | નાગદત્ત ગૃહપતિ | ઈન્દ્રદત્ત અણગારને |
| ૮. ભદ્રનંદીકુમાર | સુઘોષનગર | તપ્તવતી રાણી અર્જુન રાજા | શ્રીદેવી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | ધર્મઘોષ ગાથાપતિ | ધર્મસિંહ અણગારને |
| ૯. મહાચંદ્રકુમાર | ચંપાનગરી | રક્તવતી રાણી દત્તરાજા | શ્રીકાંતા પ્રમુખ ૫૦૦ રાજકન્યા | જિતશત્રુ રાજા | ધર્મવીર્ય અણગારને |
| ૧૦. વરદત્તકુમાર | સાકેત | શ્રીકાંતારાણી મિત્રનંદી રાજા | વીરસેના પ્રમુખ ૫૦૦ રાજકન્યા | વિમલવાહન રાજા | ધર્મરૂચી અણગારને |

સુબાહુકુમાર વગેરે દશે ચરિત્રનાયકો રૂપસંપન્ન, ગુણસંપન્ન અને પુણ્યવાન હતા. ભગવાન મહાવીરના સમાગમે ધર્મશ્રદ્ધા અને શ્રાવકવ્રતનો સ્વીકાર કર્યો, કેટલાક વર્ષો સુધી શ્રાવકધર્મનું પાલન કર્યા પછી પોતાના નગરમાં પ્રભુ પધારવાનો સંકલ્પ પૂર્ણ થતાં સંયમ સ્વીકાર. ૧૧અંગ શાસ્ત્રનું અધ્યયન, વિવિધ તપ સાધના, અંતે એક માસની સંલેખના સહિત સમાધિમરણ. વૈમાનિક દેવગતિ. ત્યાર પછી મનુષ્યગતિ અને વૈમાનિક દેવગતિમાં જન્મ-મરણ કરતાં પંદરમાં ભવે મોક્ષ પ્રાપ્તિ.

# અધ્યયન-૨૨: રથનેમિ

**સોરિયપુરંમિ નયરે, આસિ રાયા મહિઢ્ઢિએ।**
**વસુદેવેતિ નામેણં, રાયલક્ખણસંજુએ।। ૧।।**

**ભાવાર્થ:** શૌર્યપુર નામના નગરમાં મહારિદ્ધિશાળી અને રાજાના લક્ષણથી યુક્ત મહાસમૃદ્ધ વસુદેવ નામના રાજા રાજ્ય કરતાં હતા.

**તસ્સ ભજ્જા દુવે આસી, રોહિણી દેવઈ તહા।**
**તાસિં દોણ્હં દુવે પુત્તા, ઈટ્ઠા રામકેસવા ।। ૨।।**

**ભાવાર્થ:** એ રાજાને રોહિણી અને દેવકી નામની બે સ્ત્રીઓ હતી. એ બંને સ્ત્રીઓને સર્વને પ્રિય એવા રામ (બલદેવ) અને કેશવ (કૃષ્ણ) નામના બે પુત્ર હતા.

**સોરિયપુરંમિ નયરે, આસિ રાયા મહિઢ્ઢિએ।**
**સમુદ્દવિજએ નામં, રાયલક્ખણસંજુએ ।। ૩।।**

**ભાવાર્થ:** શૌર્યપુર નગરમાં સમુદ્રવિજય નામના મહારિદ્ધિવાન રાજા રાજ્યલક્ષાણ યુક્ત હતા.

**તસ્સ ભજ્જા સિવા નામ, તીસે પુત્તો મહાયસો।**
**ભગવં અરિટ્ઠનેમિ ત્તિ, લોગનાહે દમીસરે ।। ૪।।**

**ભાવાર્થ:** તે સમુદ્રવિજય નામના રાજાને શિવા નામની પત્ની હતી. એમના પુત્ર મહાયશસ્વી, પરમ જિતેન્દ્રિય, ત્રિલોકીનાથ ભગવાન અરિષ્ટનેમિ હતા.

**સો અરિટ્ઠનેમિનામો ય . લક્ખણસ્સરસંજુઓ।**
**અટ્ઠસહસ્સલક્ખણધરો, ગોયમો કાલગચ્છવી ।। ૫।।**

**ભાવાર્થ:** આ અરિષ્ટનેમિ લક્ષાણ અને સ્વરથી યુક્ત એક હજાર આઠ લક્ષાણના ધારક, ગૌતમ ગોત્રિક અને શ્યામ વર્ણવાળા હતા.

**વજ્જરિસહસંઘયણો, સમચઉરંસો ઝસોયરો।**
**તસ્સ રાઈમઈ કન્નં, ભજ્જં જાયઈ કેસવો ।। ૬।।**

**ભાવાર્થ:** આ અરિષ્ટનેમિ વજ઼ઋષભનારાચ સંઘયણ, સમચતુસ્ત્ર સંસ્થાન અને મત્સ્ય સમાન ઉદરવાળા હતા. રાજેમતીને તેમની પત્ની બનાવવાને માટે શ્રી કૃષ્ણે માગણી કરી.

**અહ સા રાયવરકન્ના, સુસીલા ચારુપેહિણી।**
**સવ્વલક્ખણસંપન્ના, વિજ્જુસોયામણિપ્પભા ।। ૭।।**

**ભાવાર્થ:** આ શ્રેષ્ઠ રાજકન્યા સુશીલ, ચારુદષ્ટિવાળી, સુંદર દષ્ટિવાળી, સર્વ લક્ષણ સંપન્ન અને તેના શરીરની પ્રભા (કાંતિ) ચમકતી વીજળીની સમાન હતી.

**અહાહ જણઓ તીસે, વાસુદેવં મહિડ્ઢિયં।**
**ઈહાગચ્છઉ કુમારો, જા સે કન્નં દદામિ હં ।। ૮।।**

**ભાવાર્થ:** યાચના કર્યા પછી આ રાજેમતીના પિતાએ મહર્દ્ધિક શ્રી કૃષ્ણ વાસુદેવને કહ્યું કે જો નેમિકુમાર અહીં પધારે તો હું આ કન્યા તેને આપું.

**સવ્વોસહીહિં ન્હવિઓ, કયકોઉયમંગલો।**
**દિવ્વજુયલપરિહિઓ, આભરણેહિં વિભૂસિઓ ।। ૯।।**

**ભાવાર્થ:** શ્રી અરિષ્ટનેમિને સર્વ ઔષધિઓથી મિશ્રિત જલથી સ્નાન કરાવ્યું. કૌતુકમંગલ કર્યા, દિવ્ય વસ્ત્રયુગલ પહેરાવ્યા અને ઘરેણાંથી વિભૂષિત કર્યા.

**મત્તં ચ ગન્ધહત્થિં, વાસુદેવસ્સ જેટ્ઠગં।**
**આરૂઢો સોહએ અહિયં, સિરે ચૂડામણી જહા ।। ૧૦।।**

**ભાવાર્થ:** જેમ માથા ઉપર ચૂડામણિ-મુકુટ શોભે છે, તેમ વાસુદેવના સૌથી મોટા મદયુક્ત અને સર્વશ્રેષ્ઠ ગંધહસ્તી ઉપર ચઢેલા નેમિકુમાર અત્યંત શોભિત લાગે છે.

**અહ ઊસિએણ છત્તેણ, ચામરાહિ ય સોહિએ।**
**દસારચક્કેણ ય સો, સવ્વઓ પરિવારિઓ ।। ૧૧।।**

**ભાવાર્થ:** મસ્તક પર ધારણ કરેલ ઊંચા છત્ર અને ચામરોથી સુશોભિત તથા દશાર્હચક્રથી બધી બાજુ ઘેરાયેલા હતા.

**ચઉરંગિણીએ સેનાએ, રઈયાએ જહક્કમં ।**
**તુરિયાણ સન્નિનાએણ, દિવ્વેણ ગગણં ફુસે ।। ૧૨ ।।**

**ભાવાર્થ:** ક્રમાનુસાર રચેલી ચતુરંગિણી સેના તથા વાજિંત્રોના દિવ્ય નાદથી આકાશ ગુંજવા લાગ્યું.

**એયારિસાએ ઈડ્ઢીએ, જુત્તીએ ઉત્તમાઈ ય ।**
**નિયગાઓ ભવણાઓ, નિજ્જાઓ વણ્હિ પુંગવો ।। ૧૩ ।।**

**ભાવાર્થ:** આવી રીતે ઉત્તમ રિદ્ધિ અને ઉત્તમ તેજથી યુક્ત થઈને વૃષ્ણિપુંગવ નેમિકુમાર પોતાના મહેલમાંથી નીકળ્યા.

**અહ સો તત્થ નિજ્જન્તો, દિસ્સ પાણે ભયદ્દુએ ।**
**વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધા સુદુક્ખિએ ।। ૧૪ ।।**

**ભાવાર્થ:** હવે શ્રી નેમિકુમારે ત્યાંથી નીકળતાં મંડપની સમીપમાં પહોંચતા વાડામાં અને પિંજરામાં પુરાયેલાં ભયભીત તથા દુ:ખીત પ્રાણીઓને જોયાં.

**જીવિયન્તં તુ સંપત્તે, મંસટ્ઠા ભક્ખિયવ્વએ ।**
**પાસિત્તા સે મહાપન્ને, સારહિં ઈણમબ્બવી ।। ૧૫ ।।**

**ભાવાર્થ:** માંસ ભક્ષણને માટે જીવનના અંતને પ્રાપ્ત થનારાં તે પ્રાણીઓને જોઈને તે મહાપ્રાજ્ઞ નેમિકુમારે સારથીને નીચે પ્રમાણે પૂછ્યું :

**કસ્સ અટ્ઠા ઈમે પાણા, એએ સવ્વે સુહેસિણો ।**
**વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધા ય અચ્છહિ ? ।। ૧૬ ।।**

**ભાવાર્થ:** અરિષ્ટનેમિ એ પૂછ્યું કે - આ બધાં સુખાર્થી પ્રાણી કયા પ્રયોજનને માટે વાડામાં અને પાંજરામાં પૂરવામાં આવ્યા છે ?

**અહ સારહી તઓ ભણઈ, એએ ભદ્દા ઉ પાણિણો ।**
**તુજ્ઝ વિવાહકજ્જંમિ, ભોયાવેઉં બહું જણં ।। ૧૭ ।।**

**ભાવાર્થ:** ત્યારે સારથી એ કહ્યું કે આ નિર્દોષ ભદ્ર પ્રાણીઓ તમારા વિવાહ કાર્યમાં બહુજન જાનૈયાના ભોજનને માટે છે.

**સોઊણ તસ્સ વયણં, બહુપાણિવિણાસણં ।**
**ચિન્તેઈ સે મહાપન્ને, સાણુક્કોસે જિએહિ ઉ ।।૧૮।।**

**ભાવાર્થ :** ઘણાં પ્રાણીઓના વિનાશથી સંબંધિત સારથીના વચનને સાંભળીને જીવો ઉપર અનુકંપા ધરાવનાર મહાપ્રાજ્ઞ નેમિકુમાર ચિંતવવા લાગ્યા.

**જઈ મજ્ઝ કારણા એએ, હમ્મન્તિ સુબહૂ જિયા ।**
**ન મે એયં તુ નિસ્સેસં, પરલોગે ભવિસ્સઈ ।। ૧૯।।**

**ભાવાર્થ :** જો મારા કારણથી એ ઘણા જીવો (પ્રાણીઓ) હણાશે તો આ કાર્યથી પરલોકમાં મારું કલ્યાણ થશે નહિ.

**સો કુંડલાણ જુયલં, સુત્તગં ચ મહાયસો ।**
**આભરણાણિ ય સવ્વાણિ, સારહિસ્સ પણામએ ।। ૨૦।।**

**ભાવાર્થ :** એ મહાયશસ્વી નેમિકુમારે કુંડલની જોડી, કંદોરો તથા બધાં આભરણો સારથીને આપી દીધાં.

**મણપરિણામો ય કઓ, દેવા ય જહોઈયં સમોઈન્ના ।**
**સવ્વિઢ્ઢિએ સપરિસા, નિક્ખમણં તસ્સ કાઉં જે ।। ૨૧।।**

**ભાવાર્થ :** ભગવાનના મનમાં દીક્ષાના પરિણામ થવાથી યથોચિત સમયે દેવતાઓ પોતાની સર્વ રિદ્ધિ અને પરિષદની સાથે નિષ્ક્રમણ મહોત્સવ કરવા આવ્યા.

**દેવ મણુસ્સપરિવુડો, સિવિયારયણં તઓ સમારૂઢો ।**
**નિક્ખમિય બારગાઓ, રેવયયમ્મિ ટ્ઠિઓ ભગવં ।। ૨૨।।**

**ભાવાર્થ :** દેવ અને મનુષ્યોથી વીંટાયેલા ભગવાન શિબિકારત્ન ઉપર આરૂઢ થઈને દ્વારકાથી નીકળ્યા અને રૈવતક પર્વત પધાર્યા.

**ઉજ્જાણં સંપત્તો ઓઈણ્ણો, ઉત્તમાઓ સીયાઓ ।**
**સાહસ્સીએ પરિવુડો, અહ નિક્ખમઈ ઉ ચિત્તાહિં ।। ૨૩।।**

**ભાવાર્થ :** ત્યાં (સહસ્ત્રામ્રવન) ઉદ્યાનમાં પહોંચીને ઉત્તમ શિબિકાથી ઊતરીને એક હજાર પુરુષોની સાથે ચિત્રાનક્ષત્રના યોગમાં નેમિકુમારે દીક્ષા અંગીકાર કરી.

**અહ સો સુગંધગંધિએ, તુરિયં મઉયકુંચિએ।**
**સયમેવ લુંચઈ કેસે, પંચમુટ્ઠિહિં, સમાહિઓ ।। ૨૪।।**

**ભાવાર્થ:** પછી સમાધિસંપન્ન ભગવાને સુગંધીથી સુવાસિત કોમલ ગુચ્છાદાર કેશોનો સ્વયમેવ શીઘ્ર પંચમુષ્ટિ લોચ કર્યો.

**વાસુદેવો ય ણં ભણઈ, લુત્તકેસં જિઈન્દિયં।**
**ઈચ્છિયમણોરહં તુરિયં, પાવસુ તં દમીસરા ।। ૨૫।।**

**ભાવાર્થ:** લુંચિત કેશયુક્ત જિતેન્દ્રિય ભગવાનને વાસુદેવ વગેરે કહેવા લાગ્યા કે હે દમીશ્વર પ્રભુ ! આપ શીઘ્ર ઈચ્છિત મનોરથને (મુક્તિને) પ્રાપ્ત કરો.

**નાણેણં દંસણેણં ચ, ચરિત્તેણ તવેણ ય।**
**ખન્તીએ મુત્તીએ ચેવ, વડ્ઢમાણો ભવાહિ ય ।। ૨૬।।**

**ભાવાર્થ:** જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ક્ષમા, નિર્લોભતાથી હંમેશાં વર્ધમાન થાઓ. (આગળ વધો)

**એવં તે રામકેસવા, દસારા ય બહૂ જણા।**
**અરિટ્ઠનેમિં વન્દિત્તા, અભિગયા બારગાપુરિં ।। ૨૭।।**

**ભાવાર્થ:** આમ એ કેશવ અને દશાર્હ આદિ અનેક મનુષ્યો ભગવાન અરિષ્ટનેમિને વંદન કરીને દ્વારિકા નગરીમાં પાછા ફર્યા.

**સોઊણ રાયકન્ના, પવ્વજ્જં સા જિણસ્સ ઉ।**
**નીહાસા ય નિરાણન્દા, સોગેણ ઉ સમુચ્છિયા ।। ૨૮।।**

**ભાવાર્થ:** એ રાજકન્યા ભગવાનની પ્રવ્રજ્યા-દીક્ષા સુણીને હાસ્ય અને આનંદથી રહિત થઈ ને શોકથી મૂર્ચ્છિત થઈ .

**રાઈમઈ વિચિન્તેઈ, ધિરત્થુ મમ જીવિયં।**
**જા હં તેણ પરિચ્ચત્તા, સેયં પવ્વઈઉં મમ ।। ૨૯।।**

**ભાવાર્થ:** રાજેમતી ચિંતવે છે કે મારા જીવનને ધિક્કાર હો. જે હું એમના દ્વારા પરિત્યક્તા થઈ , હવે મારા માટે પ્રવ્રજ્યા શ્રેષ્ઠ છે.

**અહ સા ભમરસન્નિભે, કુચ્ચફણગપ્પસાહિએ ।**
**સયમેવ લુંચઈ કેસે, ધિઈમન્તા વવસ્સિયા ।। ૩૦ ।।**

**ભાવાર્થ :** ત્યારપછી આ ધૈર્યવાળી, સંયમાર્થે તૈયાર થયેલી રાજેમતીએ પોતાના ભ્રમર જેવા કાળા, કુર્ચ અને કાંસકીથી સજેલા (દાંતિયાથી ઓળેલા) કેશનો સ્વયં લોચ કર્યો.

**વાસુદેવો ય ણં ભણઈ, લુત્તકેસં જિઈન્દિયં ।**
**સંસારસાગરં ઘોરં, તર કન્ને લહું લહું ।। ૩૧ ।।**

**ભાવાર્થ :** વાસુદેવ વગેરે એ લુંચિત કેશવાળી જિતેન્દ્રિય રાજેમતીને કહેવા લાગ્યા : હે કન્યા ! તું આ દુ:સાર ઘોર સંસાર સમુદ્રને જલદીથી તરી જા.

**સા પવ્વઈયા સન્તી, પવ્વાવેસી તહિં બહું ।**
**સંયણ પરિયણં ચેવ, સીલવન્તા બહુસ્સુયા ।। ૩૨ ।।**

**ભાવાર્થ :** પ્રવ્રજિત થયા પછી શીલવતી, રાજેમતીએ બહુશ્રુતા થઈને તે દ્વારિકાનગરીમાં ઘણી સ્વજન પરિજનોની સ્ત્રીઓને દીક્ષા આપી.

**ગિરિં રેવતયં જન્તી, વાસેણુલ્લા ઉ અન્તરા ।**
**વાસન્તે અંધયારંમિ, અન્તો લયણસ્સ સા ઠિયા ।। ૩૩ ।।**

**ભાવાર્થ :** સાધ્વી રાજેમતી નેમપ્રભુના દર્શનાર્થે એકવાર રૈવતક પર્વત ઉપર જતી વખતે વર્ષાથી ભીંજાઈ, અંધારું થઈ ગયું હતું. વર્ષાથી બચવા માટે એક અંધારી ગુફામાં તે રોકાઈ.

**ચીવરાઈં વિસારન્તી, જહાજાયત્તિ પાસિયા ।**
**રહનેમી ભગ્ગચિત્તો, પચ્છા દિટ્ઠો ય તીઈ વિ ।। ૩૪ ।।**

**ભાવાર્થ :** રાજેમતીને, વસ્ત્ર સુકવતી વખતે નગ્ન રૂપે જોઈને રથનેમિ ભગ્ન ચિત્ત થઈ ગયા. રાજેમતીએ પણ એને જોયા.

**ભીયા ય સા તહિ દટ્ઠું, એગન્તે સંજયં તયં ।**
**બાહાહિં કાઉ સંગોપ્ફં, વેવમાણિ નિસીયઈ ।। ૩૫ ।।**

ભાવાર્થ - ત્યાં તે ગુફામાં એકાંતમાં સંયતિને જોઈને તે ભયભીત થઈ ગઈ. ભયથી

ધ્રૂજતી રાજેમતી પોતાના બંને હાથથી વક્ષસ્થળને ગોપવીને બેસી ગઈ.

**અહ સો વિ રાયપુત્તો, સમુદ્દવિજયંગઓ।**
**ભીયં પવેવિયં દટ્ઠું, ઈમં વક્કં ઉદાહરે ।। ૩૬ ।।**

**ભાવાર્થ:** સમુદ્રવિજયના પુત્ર રથનેમિ, ભયથી કંપાયમાન એવી રાજેમતીને જોઈને નીચે મુજબ કહેવા લાગ્યા :

**રહનેમી અહં ભદ્દે, સુરુવે ચારુભાસિણી।**
**મમં ભયાહિ સુયણુ, ન તે પીલા ભવિસ્સઈ ।। ૩૭ ।।**

હે ભદ્રે ! હે સુંદરી ! હું રહનેમિ છું, હે મધુરભાષિણી ! તું મને પતિ સ્વરૂપે સ્વીકાર. હે સુતનુ ! એમ કરવાથી તને કોઈ પ્રકારની પીડા થશે નહીં.

**એહિ તા ભુંજિમો ભોએ, માણુસ્સં ખુ સુદુલ્લહં।**
**ભુત્તભોગી તઓ પચ્છા, જિણમગ્ગં ચરિસ્સમો ।। ૩૮ ।।**

**ભાવાર્થ:** તમે અહીં આવો, મનુષ્ય જન્મ મળવો ખરેખર દુર્લભ છે, માટે આપણે બંને ભોગ ભોગવીએ. ભોગ ભોગવ્યા પછી જિનમાર્ગને-ચારિત્રધર્મને ફરીથી અનુસરીશું.

**દટ્ઠૂણ રહનેમિં તં, ભગ્ગુજ્જોય-પરાજિયં।**
**રાઈમઈ અસંભન્તા, અપ્પાણં સંવરે તહિં ।। ૩૯ ।।**

**ભાવાર્થ:** ભગ્નચિત્ત સંયમ પ્રતિ નિરુત્સાહ અને સ્ત્રી પરિષહથી પરાજિત રહનેમિને જોઈને રાજેમતી નિર્ભિક બની અને તેણે પોતાનું શરીર ઢાંક્યું.

**અહ સા રાયવરકન્ના, સુટ્ઠિયા નિયમવ્વએ।**
**જાઈ કુલં ચ સીલં ચ, રક્ખમાણી તયં વએ ।। ૪૦ ।।**

**ભાવાર્થ:** પછી પોતાના નિયમો અને વ્રતોમાં સુસ્થિત-અચલ તે શ્રેષ્ઠ રાજકન્યા પોતાનાં જાતિ, કુલ અને શીલની રક્ષા કરતી રહનેમિને કહેવા લાગી :

**જઈસિ રૂવેણ વેસમણો, લલિએણ નલકૂબરો।**
**તહા વિ તે ન ઈચ્છામિ, જઈસિ સક્ખં પુરન્દરો ।। ૪૧ ।।**

**ભાવાર્થ:** જો તું રૂપમાં વૈશ્રમણ અને લલિતકલાઓમાં નળ કુબેર સમાન તથા

સાક્ષાત્ ઈન્દ્ર હો તો પણ હું તને ઈચ્છતી નથી.

**પક્ખન્દે જલિયં જોઈ, ધૂમકેઉં દુરાસયં।**

**નેચ્છન્તિ વન્તયં ભોત્તું, કુલે જાયા અગન્ધણે ।। ૪૨।।**

**ભાવાર્થ:** અગંધન કુલમાં ઉત્પન્ન થયેલા સાપ જાજ્વલ્યમાન અગ્નિમાં પડવું પસંદ કરશે, પણ વમન કરેલું વિષ ફરી પીવાને ઈચ્છાતા નથી.

**ધિરત્થુ તે ડજસોકામી, જો તં જીવિયકારણા।**

**વન્તં ઈચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે ।। ૪૩।।**

**ભાવાર્થ:** હે અપયશના કામી! તને ધિક્કાર છે. જો તું અસંયમી જીવન માટે વમન કરેલા ભોગોને ઈચ્છે છે, એના કરતાં તો બહેતર છે કે તું મરી જા.

**અહં ચ ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવણ્હિણો।**

**મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓ ચર ।। ૪૪।।**

**ભાવાર્થ:** હું ભોગરાજ (ઉગ્રસેન) ની પુત્રી છું. તું અંધકવિષ્ણુ (સમુદ્રવિજય) નો પુત્ર છે. આપણે ગંધન કુલના સર્પ સમાન ન થવું જોઈએ. એટલા માટે તમે નિશ્ચલ થઈને સંયમ પાલન કરો.

**જઈ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારિઓ।**

**વાયાવિદ્ધુવ્વ હડો, અટ્ઠિઅપ્પા ભવિસ્સસિ ।। ૪૫।।**

**ભાવાર્થ:** જો તું વૈષયિક ભાવ રાખીશ તો જ્યાં જ્યાં તું સ્ત્રીઓને જોઈશ ત્યાં પવનથી ચલિત હડ નામની વનસ્પતિની જેમ તું અસ્થિર આત્મા થઈ જઈશ.

**ગોવાલો ભંડવાલો વા, જહા તદ્દવ્વણિસ્સરો।**

**એવં અણિસ્સરો તં પિ, સામણ્ણસ્સ ભવિસ્સસિ ।। ૪૬।।**

**ભાવાર્થ:** જેવી રીતે ગોવાળ ગાયોનો સ્વામી નથી અને ભંડારી ભંડારનો સ્વામી નથી, તેમ ફક્ત વેષધારી અને સંયમ રહિત એવો તું પણ સંયમી રહીશ નહિ.

**તીસે સો વયણં સોચ્ચા, સંજયાએ સુભાસિયં।**

**અંકુસેણ જહા નાગો, ધમ્મે સંપડિવાઈઓ ।। ૪૭।।**

**ભાવાર્થ:** જેમ અંકુશથી હાથી વશ થઈ જાય છે. તેમ સાધ્વી રાજેમતીના

સુભાષિત વચનોને સાંભળીને રથનેમિ સંયમ ધર્મમાં સ્થિર થયો.

**કોહં માણં નિગિણ્હિત્તા, માયં લોભં ચ સવ્વઓ ।**

**ઈન્દિયાઇં વસે કાઉં, અપ્પાણં ઉવસંહરે ।। ૪૮ ।।**

**ભાવાર્થ:** રહનેમિએ ક્રોધ, માન, માયા અને લોભને જીતીને પાંચે ઈન્દ્રિયોને વશમાં લઈને આત્માને પ્રમાદથી હઠાવીને ધર્મમાં સ્થિર કર્યો.

**મણગુત્તો વયગુત્તો, કાયગુત્તો જિઈન્દિઓ ।**

**સામણ્ણં નિચ્ચલં ફાસે, જાવજ્જીવં દઢવ્વઓ ।। ૪૯ ।।**

**ભાવાર્થ:** રહનેમિ મન, વચન, કાયાથી ગુપ્ત, જિતેન્દ્રિય અને નિશ્ચલતાથી દઢવ્રતી થયા. તેમણે જીવનપર્યંત નિશ્ચલભાવથી શ્રમણધર્મ પાળ્યો.

**ઉગ્ગં તવં ચરિત્તાણં, જાયા દોણ્ણિ વિ કેવલી ।**

**સવ્વં કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં પત્તા અણુત્તરં ।। ૫૦ ।।**


**ભાવાર્થ:** ઉગ્ર તપને સેવીને બંને કેવલજ્ઞાની થયાં. સર્વ કર્મ ખપાવીને અનુત્તર સિદ્ધિને વર્યા.

**એવં કરેન્તિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા ।**

**વિણિયટ્ટન્તિ ભોગેસુ, જહા સો પુરિસોત્તમો ।। ૫૧ ।। ત્તિ બેમિ**

**ભાવાર્થ:** પુરુષોત્તમ રથનેમિ જેમ ભોગોથી નિવૃત્ત થઈ ગયા તેમ તત્ત્વજ્ઞાની વિચક્ષણ પંડિતજનો પણ ભોગથી નિવૃત્ત થાય છે.




साध्वी राजीमति को देखकर मुनि रथनेमि
पूर्व स्नेहवश काम विह्वल हो उठे
साध्वी राजीमति द्वारा मुनि रथनेमि को प्रतिबोध
7

# પાંચ દેવ

## ભગવતી સૂત્ર - શતક ૧૨, ઉ.- ૯

**ગાથા : નામ ગુણ ઉવવાએ, ઠીઈ વીયુ ચવણ સંચિઠણા ।**
**અંતર અપ્પા બહુયં ચ, નવ ભેએ દેવ દારાએ ।।**

**નવ દ્વારનાં નામ :** ૧. નામદ્વાર, ૨. ગુણદ્વાર, ૩. ઉવવાયદ્વાર, ૪. સ્થિતિદ્વાર, ૫. ઋદ્ધિ તથા વિકુર્વણાદ્વાર, ૬. ચવણદ્વાર, ૭. સંચિઠ્ઠણાદ્વાર, ૮. અંતરદ્વાર, ૯. અલ્પ બહુત્વદ્વાર – આ નવ દ્વાર, પાંચ દેવ પર ઉતારે છે.

**દેવ :** જે ઐશ્વર્યવાન હોય તેને દેવ કહે છે. જે ભૌતિક જગતનું ઐશ્વર્ય ભોગવે છે અથવા ભવિષ્યમાં ભોગવવાના છે, તેમ જ જે આત્મજગતનું ઐશ્વર્ય ભોગવી રહ્યાં છે અથવા તે માર્ગે પુરુષાર્થશીલ છે તેને દેવ કહે છે, આ સર્વ અપેક્ષાએ દેવના પાંચ પ્રકાર છે.

**૧. નામદ્વાર :** પાંચ દેવ : ૧. ભવિય દ્રવ્યદેવ, ૨. નરદેવ, ૩. ધર્મદેવ, ૪. દેવાધિદેવ, ૫. ભાવદેવ.

**૨. ગુણદ્વાર :**

**(૧) ભવિય દ્રવ્યદેવ :** ભવિષ્યકાલમાં જે દેવ પર્યાયને પ્રાપ્ત કરવાના છે પરંતુ વર્તમાનમાં દેવના ગુણોથી શૂન્ય હોય તે ભવિય દ્રવ્યદેવ છે. આ ભવ પૂર્ણ કરીને ભવિષ્યમાં જે દેવગતિમાં ઉત્પન્ન થવાના છે તેવા પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ મનુષ્યને ભવિય દ્રવ્યદેવ કહે છે.

**(૨) નરદેવ :** મનુષ્યમાં જે દેવ તુલ્ય ઐશ્વર્યવાન છે, તેવા છ ખંડના અધિપતિ ચક્રવર્તીને નરદેવ કહે છે.

**ચક્રવર્તીની રિદ્ધિનું વર્ણન :**

(૧) છ ખંડના સ્વામી, (૨) ૯ નિધિ, (૩) ૧૪ રત્ન, (૪) ૨૦૦૦ આત્મરક્ષક

દેવ, ૧૪ હજાર ૧૪ રત્નના દેવ, એમ કુલ ૧૬ હજાર દેવો સેવા કરે, (૫) ૩૨,૦૦૦ મુકુટબંધ રાજા, (૬) ૬૪,૦૦૦ રાણીઓ (સ્ત્રીરત્ન, પટરાણી-સહિત), (૭) ૮૪ લાખ હાથી, (૮) ૮૪ લાખ ઘોડા, (૯) ૮૪ લાખ રથ, (૧૦) ૯૬ ક્રોડ ગામ - ૯૬ ક્રોડ પાયદળ, (૧૧) ૧૬ હજાર રાજધાની, (૧૨) ૧૬ હજાર દ્વીપ, (૧૩) ૧૬ હજાર રત્નની ખાણ, (૧૪) ૨૦ હજાર સોના ચાંદીના ભંડાર, (૧૫) ૩ ક્રોડ ગોકુળ (૧ ગોકુળ-૧૦ હજાર ગાય), (૧૬) ૧૪ હજાર મહામંત્રી, (૧૮) ૧૬ હજાર મ્લેચ્છ રાજા સેવક, (૧૮) ૩૬૦ રસોઈયા, (૧૯) ૮૦૦ પંડિતો, (૨૦) બેંતાલીસ માળવાળા ૬૪ હજાર મહેલો. આ ઉપરાંત દ્રોણમુખ, બાગ, પાટણ, દાસદાસીઓ નૃત્યકાર, અંગરક્ષકો, વૈદ્યો વગેરે ઘણી સંખ્યામાં હોય છે.

**નવનિધિ :** તે મહાનિધિ પેટીની જેમ ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી ૮ યોજન ઊંચી ૮ પૈડાવાળી જ્યાં સમુદ્ર સાથે ગંગા નદી મળે છે ત્યાં તે છે. ત્યાંથી નીકળી ચક્રવર્તીના પગમાં જમીન નીચે આવીને રહે છે.

નવનિધિ દેવાધિષ્ઠિત છે. તેના અધિષ્ઠાયક દેવોના નિવાસ તે નિધિમાં જ હોય છે.

| | | |
|---|---|---|
| ૧) | નૈસર્પનિધિ | ગામ, નગર, મકાન, દુકાન વગેરેના સ્થાપનની સમગ્ર વિધિ અર્થાત્ વાસ્તુશાસ્ત્ર સંબંધી સર્વ જ્ઞાન તેમાં તથા તતસંબંધી કેટલીક સામગ્રીઓનો સંગ્રહા હોય છે. |
| ૨) | પાંડુકનિધિ | ધાન્ય, ગોળ, સાકર, નાળિયેર આદિ ફળો વગેરેની ઉત્પાદન વિધિનું જ્ઞાન તથા તે તે પદાર્થોનો નો સંગ્રહ તેમાં હોય છે. |
| ૩) | પિંગલનિધિ | સ્ત્રી, પુરૂષના તથા હાથી ઘોડા વગેરે પશુઓના આભૂષણોની ઉત્પાદનવિધિ તથા તે આભૂષણોનો સંગ્રહ તેમાં હોય છે. |
| ૪) | સર્વ રત્નનિધિ | ચક્રવર્તીના ૧૪ રત્નો તથા અન્ય રત્નોની ઉત્પતિ તથા |

# ચક્રવર્તીના ૧૪ રત્ન



# ભૂમિગત નવનિધી મંજૂષા અને નિધિગત વસ્તુઓ



તેના ઉપયોગ સંબંધી જાણકારી અને તેનો સંગ્રહ તેમાં હોય છે.

૫) મહાપદ્મનિધિ — વસ્ત્રોની ઉત્પતિ, તેને રંગવા, ધોવા વગેરે વિધિનું જ્ઞાન અને તેનો સંગ્રહ તેમાં હોય છે.

૬) કાલનિધિ — અષ્ટાંગ નિમિત્ત, જ્યોતિષશાસ્ત્ર વગેરે તથા કુંભકારાદિ સો શિલ્પનું જ્ઞાન, ખેતી-વાડી આદિકર્મોનું જ્ઞાન તેમ જ તતસંબંધી વિવિધ સાધનો તેમાં હોય છે.

૭) મહાકાલનિધિ — સર્વ ધાતુની ઉત્પતિ, તેની ખાણ સંબંધી જાણકારી તથા સોનું, રૂપુ, લોઢુ, મણિ, મોતી વગેરે પદાર્થોનો સંગ્રહ તેમાં હોય છે.

૮) માણવકનિધિ — સર્વ પ્રકારના શસ્ત્રો, ચક્રવ્યૂહાદિ યુદ્ધનીતિ, ચારે પ્રકારની દંડનીતિ વગેરે વિષયોનું જ્ઞાન તથા તત્સંબંધી કેટલોક પદાર્થોનો સંગ્રહ હોય છે.

૯) શંખનિધિ — નટ-નાટયવિધિ, કાવ્યવિધિ, વાજિંત્રવિધિ વગેરે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આ ચાર પુરુષાર્થ વિષયક જાણકારી તથા તે પદાર્થોનોસંગ્રહ તેમાં હોય છે.

## (૩) ધર્મદેવ :

જેઓ શ્રુત અને ચારિત્રધર્મની આરાધના દ્વારા અધ્યાત્મ જગતના ઐશ્વર્યને પામવા પુરુષાર્થશીલ છે, તેવા પંચમહાવ્રતધારી સંતો અને સતીજીઓને ધર્મદેવ કહે છે.

**ધર્મદેવ** = સાધુ સાધ્વી ૨૭ ગુણયુક્ત હોય છે. (૧ થી ૫) પંચ મહાવ્રતનું પાલન કરે. (૬ થી ૧૦) પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ કરે. (૧૧ થી ૧૪) ચાર કષાયનો નિગ્રહ કરે. (૧૫ થી ૧૭) ત્રણ ગુપ્તિ ૧૮, ભાવસત્ય ૧૯, કરણસત્ય ૨૦ જોગસત્ય ૨૧, સમ્યગ્જ્ઞાન ૨૨, સમ્યગ્ દર્શન ૨૩, સમ્યક્ ચારિત્રની

આરાધના ૨૪, ક્ષમાવંત ૨૫, વૈરાગ્યવંત ૨૬, બાવીસ પરીષહને સહન કરે. ૨૭, મારણાંતિક કષ્ટને સહન કરે.

**(૪) દેવાધિદેવ :** પારમાર્થિક ઐશ્વર્ય જેનામાં પ્રગટ થયું છે, જે દેવોથી પણ અધિક શ્રેષ્ઠ છે. તેવા દેવો દ્વારા પણ વંદનીય, પૂજનીય તીર્થંકર ભગવાનને દેવાધિદેવ કહે છે.

તેઓ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત તપ, અનંત ધૈર્ય અને અનંત વીર્ય આ છ ગુણ તથા ૩૪ અતિશય યુક્ત, ૩૫ પ્રકારની સત્યવચન વાણીના ગુણ યુક્ત ૧૦૦૮ ઉત્તમ લક્ષણના ધારક, ૧૮ દોષ રહિત, ૧૨ ગુણ સહિત, કેવળજ્ઞાની, કેવળ દર્શની, યથાખ્યાત ચારિત્રના ધારક, ક્ષાયિક સમકિત, શુકલધ્યાન, શુકલલેશ્યા, શુભ ધ્યાન, શુભ યોગ, ૬૪ ઈન્દ્રોના પૂજનીક, વંદનિક, અર્ચનિક છે. પંડિતવીર્ય આદિ અનંત ગુણે કરી સહિત છે.

**દેવાધિદેવના બાર ગુણ :**

**અશોક વૃક્ષ સુરપુષ્પ વૃષ્ટિ, દિવ્યધ્વનિશ્ચામરમાસનં ચ ।**
**ભામંડલં દુંદૂભિરાતપત્ર, સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણાં ।।**

**(૧) અશોક વૃક્ષ** – જ્યાં જ્યાં ભગવંત ઊભા રહે, બેસે, સમોસરે ત્યાં ત્યાં દશ બોલ સહિત તે ભગવંતથી બાર ગુણો ઊંચું અશોકવૃક્ષ થઈ જાય, તે પ્રભુને છાંયો કરે. **(૨) દિવ્ય પુષ્પોની વૃષ્ટિ** – ભગવંત જ્યાં જ્યાં સમોસરે ત્યાં ત્યાં પાંચવર્ણા અચેત ફૂલની વૃષ્ટિ થાય, તે ઢીંચણ પ્રમાણે ઢગલા થાય. **(૩) દિવ્ય ધ્વનિ** – તીર્થંકર પરમાત્માની વાણી એક યોજન સુધી વિસ્તારને પામે અર્થાત્ એક યોજનમાં ફેલાય છે અને સહુનાં મનનો સંશય હરે. **(૪) ચામર**– ભગવંતને ચોવીસ જોડ ચામર વીંઝાય. **(૫) મણિજડિત સ્ફટિકનું સિંહાસન** – સ્ફટિક રત્નમય પાદપીઠસહિત સિંહાસન સ્વામીની આગળ થાય. **(૬) ભામંડલ** – અંબોડાને ઠેકાણે તેજમંડળ બિરાજે, દશેદિશાના અંધકાર ટળે. **(૭) દેવ દુંદુભિ** – આકાશમાં સાડાબાર ક્રોડ ગેબી વાજાં વાગે. **(૮) છત્ર**– ભગવંતની ઉપર ત્રણ

છત્ર ઉપરાઉપરી બિરાજે. **(૯) અનંત જ્ઞાન અતિશય. (૧૦) અનંત અર્ચા**- પૂજા અતિશય - પરમપૂજ્યપણું. **(૧૧) અનંત વચન અતિશય, (૧૨) અનંત અપાયાગમ અતિશય,** તે સર્વ દોષરહિતપણું. (૧ થી ૮ અતિશય છે અને ૯ થી ૧૨ ગુણ છે.)

દેવાધિદેવ અઢાર દોષરહિત હોય, અઢાર દોષ આપ્રમાણે છે તે ૧. અજ્ઞાન, ૨. ક્રોધ, ૩. મદ, ૪. માન, ૫. માયા, ૬. લોભ, ૭. રતિ, ૮. અરતિ, ૯. નિદ્રા, ૧૦. શોક, ૧૧. અસત્ય, ૧૨. ચોરી, ૧૩. મત્સર, ૧૪. ભય, ૧૫. પ્રાણીવધ, ૧૬. પ્રેમ, ૧૭. ક્રીડા પ્રસંગ, ૧૮. હાસ્ય. તેને દેવાધિદેવ કહીએ.

**(૫) ભાવદેવ :** વર્તમાને જે દેવગતિ આદિ નામકર્મનો અનુભવ કરી રહ્યા છે. ચારે જાતિના દેવલોકની દિવ્યતાને અનુભવે છે તે ભાવદેવ છે.

## ૩. ઉવવાયદ્વાર

(૧) ભવિય દ્રવ્યદેવની આગત ૨૮૪ બોલની. ૧૭૯ની લટ, ૭ નારકી, સર્વાર્થસિદ્ધ વિમાનના દેવને છોડી ૯૮ દેવનાં પર્યાપ્તા, કુલ મળીને ૨૮૪ બોલના જીવો ભવિય દ્રવ્યદેવ પણે ઉત્પન્ન થાય છે.

(૨) નરદેવની આગત ૮૨ બોલની. પ્રથમ નરક, ૧૦ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી, ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુ. વિમાનનાં પર્યાપ્તા મળીને ૮૨ બોલના જીવો નરદેવપણે ઉત્પન્ન થાય છે.

(૩) ધર્મદેવની આગત ૨૭૫ બોલની. ૧૭૧ ની લટ (તેઉ, વાઉના ૮ ભેદ વર્જીને), ૯૯ દેવ, પાંચ નરકના પર્યાપ્તા, કુલ મળી ૨૭૫ બોલના જીવો ધર્મદેવ પણે ઉત્પન્ન થાય છે.

(૪) દેવાધિદેવની આગત ૩૮ ભેદની : ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન, પ્રથમ ત્રણ નરક એ ૩૮ ના પર્યાપ્તા જીવો દેવાધિદેવ

પણે ઉત્પન્ન થાય.

(૫) ભાવદેવની આગત ૧૧૧ ભેદની. ૧૦૧ સંજ્ઞી મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે. એ સર્વ ૧૧૧ ના પર્યાપ્તા જીવો ભાવદેવ પણે ઉત્પન્ન થાય.

**સમજણ:**

**ભવિયદ્રવ્યદેવની આગત:** ૨૮૪ ભેદની છે. ૮૬ જુગલિયા અને સર્વાર્થ-સિધ્ધના દેવ મરીને ભવિય દ્રવ્યદેવ થતા નથી કારણકે જુગલિયા મરીને દેવ થાય છે અને સર્વાર્થસિધ્ધના દેવ મરીને મનુષ્ય થઈને મોક્ષે જાય છે. તેથી ૭ નરકના + ૪૮ તિર્યંચના + ૧૩૧ મનુષ્યના + ૯૮ દેવના = ૨૮૪ ભેદની આગત છે.

**નરદેવની આગત** - ૧ નરક + ૮૧ દેવ (૧૫ પરમાધામી + ૩ કિલ્વિષિ છોડીને) = ૮૨ ભેદની આગત છે. મનુષ્ય કે તિર્યંચ ગતિમાંથી આવેલા જીવ ચક્રવર્તી કે તીર્થંકર થઈ શક્તા નથી.

**ધર્મદેવની આગત:** ૨૭૫ ભેદની. ચારે ગતિના જીવ મરીને ધર્મદેવ બની શકે છે. ૧ થી ૫ નરક + તેઉ, વાઉના આઠ ભેદ છોડીને ૪૦ ભેદ તિર્યંચના + અને યુગલિકના ભેદ છોડીને ૧૩૧ ભેદ મનુષ્ય અને + ૯૯ ભેદ દેવના.

૫ + ૪૦ + ૧૩૧ + ૯૯ = ૨૭૫ ભેદની. છઠ્ઠી નરકનો આવેલા જીવ દીક્ષા લઈ શક્તા નથી. તેઉ-વાયુકાયના જીવ મરીને મનુષ્ય થતા નથી, યુગલિકો મરીને અવશ્ય દેવગતિમાં જાય છે.

**દેવધિદેવની આગત:** ૧ થી ૩ નરક અને ૩૫ વૈમાનિક = ૩૮ ભેદની છે. ચોથી નરકનો આવેલો જીવ કેવળી થાય પરંતુ તીર્થંકર ન થાય. પાંચમી, છઠ્ઠી નરકનો આવેલો જીવ મનુષ્ય થાય પરંતુ કેવળી ન થાય. ૭ મી નરકનો આવેલો મનુષ્ય ન થાય. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષિ દેવો મરીને મનુષ્ય થઈ શકે દીક્ષા લઈ

શકે પરંતુ તીર્થંકર થઈ શકે નહીં. મનુષ્ય કે તિર્યંચ ગતિમાંથી આવેલા જીવ તીર્થંકર થઈ શકતા નથી.

**ભાવદેવની આગત :** મનુષ્ય અને તિર્યંચગતિના જીવ મરીને ભાવદેવ બની શકે છે. ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને ૫ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને ૧૦૧ ગર્ભજ મનુષ્યના પર્યાપ્તા એમ ૧૧૧ ભેદની છે. નારકી કે દેવ મરીને દેવગતિમાં જન્મ ધારણ કરતા નથી. પંચેન્દ્રિય અને પર્યાપ્તા જીવો જ નરક કે દેવલોકમાં ઉત્પન્ન થઈ શકે છે.

## ૪. સ્થિતિદ્વાર (ભવસ્થિતિ)

૧. ભવિય દ્રવ્યદેવની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ત્રણ પલ્ય.

૨. નરદેવની જ. સાતસો વર્ષ ઉ. ચોરાસી લાખ પૂર્વ વર્ષ.

૩. ધર્મદેવની જ. અંતર્મુહૂર્ત ઉ. દેશે ઊણી પૂર્વક્રોડ વર્ષ.

૪. દેવાધિદેવની જ. ૭૨ વર્ષ ઉ. ૮૪ લાખ પૂર્વ વર્ષ.

૫. ભાવદેવની જ. દશ હજાર વર્ષ ઉ. ૩૩ સાગરોપમ.

**સમજણ :**

ભવિય દ્રવ્યદેવની સ્થિતિ-જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યની છે. દેવભવના આયુબંધ પછી જ તેને ભવિય દ્રવ્યદેવ કહે છે. કોઈ પણ જીવ પોતાના આયુષ્યના અંતિમ અંતર્મુહૂર્તમાં જ દેવાયુનો બંધ કરે તો તેની જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ ઘટિત થાય છે. યુગલિકોની અપેક્ષાએ ત્રણ પલ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ઘટિત થાય છે. યુગલિકો પોતાના આયુષ્યના અંતિમ છ માસ શેષ રહે, ત્યારે જ દેવાયુનો બંધ કરે છે પરંતુ યુગલિકોની દેવગતિ નિશ્ચિત હોવાથી સંપૂર્ણ ત્રણ પલ્યની સ્થિતિનુંકથન કર્યું છે.

**નરદેવની સ્થિતિ :** જઘન્ય ૭૦૦ વર્ષ બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તીની સ્થિતિ અપેક્ષાએ, ઉત્કૃષ્ટ ૮૪ લાખ પૂર્વની સ્થિતિ પ્રથમ ભરત ચક્રવર્તી અપેક્ષાએ છે.

**ધર્મદેવની સ્થિતિ :** અંતર્મુહૂર્તનું આયુષ્ય શેષ રહે ત્યારે કોઈ મનુષ્ય ચારિત્ર

અંગીકાર કરે, તે અપેક્ષાએ જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. ક્રોડપૂર્વના આયુષ્યવાળા મનુષ્ય સાતિરેક આઠ વર્ષ પછી ચારિત્ર અંગીકાર કરે, તો ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન પૂર્વક્રોડ વર્ષની થાય છે. ક્રોડપૂર્વ અધિક આયુષ્યવાળા મનુષ્ય યુગલિક મનુષ્યો હોય છે, તે ચારિત્ર સ્વીકાર કરી શક્તા નથી.

**દેવાધિદેવની સ્થિતિ:** જઘન્ય ૭૨ વર્ષ ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરની અપેક્ષાએ તથા ઉત્કૃષ્ટ ૮૪ લાખ પૂર્વની સ્થિતિ પ્રથમ તીર્થંકર પ્રભુ ઋષભદેવ અપેક્ષાએ છે.

**ભાવદેવની સ્થિતિ:** જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ (ભવનપતિ અને વાણવ્યંતર દેવોની અપેક્ષાએ) ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ (અનુત્તર વિમાનના દેવની અપેક્ષાએ)

## ૫. ઋદ્ધિ તથા વિકુર્વણા દ્વાર

ભવિય દ્રવ્યદેવ તથા ધર્મદેવમાં કેટલાક જીવોને વૈક્રિયલબ્ધિ હોય અને કેટલાકને ન હોય, તથા નરદેવ અને ભાવદેવને તો વૈક્રિયલબ્ધિ હોય જ. એ ચારે જાતિના દેવ વૈક્રિયરૂપ કરે તો જ. ૧, ૨, ૩ ઉ. સંખ્યાતા રૂપ કરે. શક્તિ તો અસંખ્યાતા રૂપ કરવાની છે, પણ કરે નહીં. દેવાધિદેવની શક્તિ અનંત વૈક્રિય રૂપ કરવાની છે, પણ એક પણ વૈક્રિયરૂપ કરે નહીં. તેઓ કોઈપણ લબ્ધિનો પ્રયોગ કરતા નથી. સિવાય કે ચક્રવર્તી થવાના હોય તો રૂપ કરે.

**સમજણ:**

**વિકુર્વણા દ્વાર:** જે ભવિય દ્રવ્યદેવ (મનુષ્ય, તિર્યંચ) અને ધર્મદેવ લબ્ધિ સંપન્ન હોય, તો તે વિકુર્વણા કરી શકે છે. નરદેવ તો વૈક્રિય લબ્ધિ સંપન્ન હોય છે. તેઓ એક કે અનેક, સમાન કે અસમાન, સંબધ્ધ કે અસંબધ્ધ આદિ રૂપોની વિકુર્વણા કરી શકે છે. ભાવદેવ વૈક્રિય લબ્ધિ સંપન્ન જ હોય છે. તે પોતાના સામર્થ્ય અનુસાર વિકુર્વણા કરે છે. દેવાધિદેવ અનંત શકિતના ધારક છે

પરંતુ વીતરાગી હોવાથી છાદ્મસ્થિક સમુદ્ઘાત કરતા નથી તેમ જ કોઈપણ લબ્ધિનો પ્રયોગ કરતાં નથી.

## ૬. ચવણદ્વાર

(૧) ભવિય દ્રવ્યદેવ ની ગતિ ૧૯૮ ભેદની.તે જીવો ચ્યવીને - મૃત્યુ પામીને ૧૯૮ ભેદના દેવ થાય.

(૨) નરદેવની ગતિ ૧૪ ભેદની.૭ નરકના અપર્યાપ્તા ને પર્યાપ્તા. ચક્રવર્તી મરીને અવશ્ય નરકમાં જ જાય છે.

(૩) ધર્મદેવની ગતિ ૭૦ ભેદની, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૯ લોકાંતિક, ૫ અનુત્તર વિમાન, એ ૩૫ ભેદ વૈમાનિકના અપર્યાપ્તા ને પર્યાપ્તા એમ ૭૦ ભેદમાં જાય અથવા મોક્ષમાં જાય.

(૪) દેવાધિદેવ - મોક્ષમાં જાય.

(૫) ભાવદેવની ગતિ ૪૬ ભેદની - ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ, બાદર પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ૨૩ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૪૬ ભેદમાં જાય.

**સમજાણ :**

ચવણ (ગતિ) દ્વાર - (૧) ભવિય દ્રવ્યદેવની ગતિ દેવની છે. તે જીવ ભવિષ્યમાં દેવભવને પ્રાપ્ત કરવાના સ્વભાવવાળો જ છે. તે ચારેય જાતિના દેવમાં ઉત્પન્ન થાય છે. (૨) નરદેવ - ચક્રવર્તીની ગત નરકની છે. તે ભોગ વિલાસમાં અતિ આસક્ત છે, છતાં તે ચક્રવર્તી પદ છોડી સંયમ અંગીકાર કરે તો ધર્મદેવ પદ પામે છે. ધર્મદેવ પદની પ્રાપ્તિ પછી મૃત્યુ પામે તો વૈમાનિક જાતિના દેવ થાય છે. અથવા સિધ્ધગતિને પણ પામે છે. (૩) ધર્મદેવ - સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના દ્વારા સિધ્ધ થાય છે અને કર્મો શેષ રહે તો વૈમાનિક દેવ બને છે. (૪) દેવાધિદેવ - અવશ્ય મોક્ષે જાય છે. (૫) ભાવદેવ - દેવ મરીને નરક કે દેવલોકમાં

જતા નથી. દેવ મરીને મનુષ્યને તિર્યંચ ગતિ પામે છે.

## ૭. સંચિટ્ઠણાદ્વાર (કાયસ્થિતિ)

સંચિટ્ઠણા એટલે દેવની દેવપણે રહેવાની કાલમર્યાદા. ભવિય દ્રવ્યદેવ આદિ પાંચે દેવોનો તે તે દેવપણામાં રહેવાનો કાળ એક જ ભવ છે. તે દેવો તે તે દેવપણું છોડીને ફરી પાછા તે દેવપણે જન્મતા નથી. માટે... તે તે દેવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એટલે કે સ્થિતિ અને સંચિટ્ઠણા સરખા છે.

(૧) ભવિય દ્રવ્યદેવની સંચિટ્ઠણા જ. અંતર્મુહૂર્ત ઉ. ૩ પલ્યોપમની.

(૨) નરદેવની જ. ૭૦૦ વર્ષ ઉ. ૮૪ લાખ પૂર્વ વર્ષની.

(૩) ધર્મદેવની પરિણામ આશ્રી એક સમય, પ્રવર્તન આશ્રી જ. અંતર્મુહૂર્ત ઉ. દેશે ઊણી પૂર્વક્રોડ વર્ષની.

(૪) દેવાધિદેવની જ. ૭૨ વર્ષ ઉ. ૮૪ લાખ પૂર્વની.

(૫) ભાવદેવની જ. દશ હજાર વર્ષ ઉ. ૩૩ સાગરોપમની.

**સમજણ :**

ધર્મદેવની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે કારણ કે ગુણસ્થાનની પ્રાપ્તિમાં અંતર્મુહૂર્તનો સમય વ્યતીત થાય છે. પરંતુ તે ગુણસ્થાનની પ્રાપ્તિ પછી તેની સંસ્થિતિ પરિણામની અપેક્ષાએ એક સમયની છે, યથા-કોઈ ધર્મદેવ, અસંયમ ભાવને પ્રાપ્ત કરીને અંતે એક સમય માત્ર ધર્મદેવના ભાવને પ્રાપ્ત કરે અને તુરંત મૃત્યુ થાય,તો ધર્મદેવની કાયસ્થિતિ પરિણામની અપેક્ષા એ એક સમય હોઈ શકે છે.

## ૮. અંતરદ્વાર

(૧) ભવિય દ્રવ્યદેવનું આંતરું પડે, તો જ. દશ હજાર વર્ષ અને અંતર્મુહૂર્ત અધિક ઉ. અનંતકાળનું. (૨) નરદેવનું અંતર જ. એક સાગરોપમ ઝાઝેરું ઉ. અર્ધપુદ્‌ગલ પરાવર્તન દેશે ઊણું. (૩) ધર્મદેવનું અંતર જ. બે પલ્ય ઝાઝેરું ઉ.

અર્ધપુદ્ગલ પરાવર્તન દેશે ઊણું. (૪) દેવાધિદેવનું આંતરું નથી. (૫) ભાવદેવનું અંતર જ. અંતર્મુહૂર્ત ઉ. અનંતાકાળનું.

**સમજણ:**

**અંતર દ્વાર :** દેવપણાના ભાવને છોડયા પછી પુન: કેટલા કાલ પછી તે જ દેવપણાના ભાવને પ્રાપ્ત કરે છે ? તે કાલમાનને અંતર કહે છે.

**(૧) ભવિય દ્રવ્યદેવ :** દેવભવનું આયુષ્ય બાંધ્યા પછી જીવ ભવિય દ્રવ્યદેવ કહેવાય છે. આ અપેક્ષાએ તેનું જઘન્ય અંતર પણ દસ હજાર વર્ષ અને અંતર્મુહૂર્ત અધિક કહ્યું છે. દેવભવના આયુષ્ય બંધ પછી તેના મૃત્યુ પર્યંત તે ભવિય દ્રવ્યદેવ કહેવાય છે. તે આયુષ્ય પૂર્ણ કરી દેવપણે ઉત્પન્ન થાય, ત્યારે ભાવદેવ બને છે. દેવભવની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષની છે. તે સ્થિતિને પૂર્ણ કરી તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય અને ત્યાં અંતર્મુહૂર્ત પછી તે ફરી દેવાયુનો બંધ કર,તો ભવિય દ્રવ્યદેવનું અંતર જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને અંતર્મુહૂર્ત અધિક થાય છે.

તેનું ઉત્કૃષ્ટ અંતર અનંતકાલનું છે. તે મરીને દેવ થાય અને ત્યાંથી ચ્યવીને વનસ્પતિ આદિમાં અનંતકાલ વ્યતીત કરીને પુન: મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચમાં ભવિય દ્રવ્યદેવ બને છે તે અપેક્ષાથી અનંતકાલનું અંતર થાય છે.

**(૨) નરદેવનું અંતર :** જઘન્ય અંતર કંઈક અધિક એક સાગરોપમ છે. યથા-ચક્રવર્તી મરીને પ્રથમ નરકમાં ૧ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થાય, ત્યાંથી પુન: ચક્રવર્તી પણે ઉત્પન્ન થાય પરંતુ ચક્રરત્ન ઉત્પન્ન થાય, ત્યારે જ ચક્રવર્તી કહેવાય છે. ચક્રરત્ન ઉત્પન્ન ન થાય ત્યાં સુધીના કાલને અંતરમાં ગણતા કંઈક અધિક એક સાગરોપમ થાય છે.

કોઈ જીવ સમ્યગ્ દૃષ્ટિ થઈને પછી ચક્રવર્તી પદ પ્રાપ્ત કરે, ત્યાર પછી સમ્યગ્દર્શનનું વમન કરીને અર્ધ પુદ્ગલ પરાવર્તન કાલ પર્યંત સંસાર પરિભ્રમણ કરે અને ત્યાર પછી પુન:સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ચક્રવર્તીપણું પ્રાપ્ત કરે,તો તેનું ઉત્કૃષ્ટ અંતર દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન કાલનું થાય છે.

**(૩) ધર્મદેવનું અંતર:** જઘન્ય અંતર અનેક પલ્યોપમનું છે. યથા- કોઈ ધર્મદેવ (ચારિત્ર યુક્ત સાધુ) સૌધર્મ દેવલોકમાં અનેક (બે) પલ્યની સ્થિતિએ ઉત્પન્ન થાય, ત્યાંથી ચ્યવીને મનુષ્ય ભવને પ્રાપ્ત કરે ત્યાં સાધિક આઠ વર્ષે (ગર્ભ સહિત નવ વર્ષ) ચારિત્ર અંગીકાર કરે આ અપેક્ષાએ જઘન્ય અંતર અનેક (બે) પલ્યનું છે. ઉત્કૃષ્ટ અંતર દેશોન અર્ધ-પુદ્‌ગલ પરાવર્તનનું છે.

**(૪) ભાવદેવનું અંતર:** જઘન્ય અંતર અંતર્મુહૂર્તનું છે, યથા-દેવ મરીને અંતર્મુહૂર્તની સ્થિતિએ તિર્યંચ પંચેન્દ્રિયમાં રહી પુન: દેવ થઈ શકે છે, તેથી જઘન્ય અંતર અંતર્મુહૂર્ત છે. ઉત્કૃષ્ટ અંતર અનંતકાલનું છે. યથા-દેવ મરીને પૃથ્વી આદિમાં જન્મ ધારણ કરીને વનસ્પતિમાં જાય. ત્યાં અનંતકાલ વ્યતીત કરીને મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિયનો ભવ પ્રાપ્ત કરી પુન: દેવ થાય, તો ઉત્કૃષ્ટ અંતર અનંતકાલનું થાય છે.

## ૯. અલ્પબહુત્વદ્વાર

સર્વથી થોડા નરદેવ (૧) તેનાથી દેવાધિદેવ સંખ્યાત ગુણા (૨) તેનાથી ધર્મદેવ સંખ્યાત ગુણા (૩) તેનાથી ભવિય દ્રવ્યદેવ અસંખ્યાત ગુણા (૪) તેનાથી ભાવદેવ અસંખ્યાત ગુણા.

**સમજણ:**

અલ્પબહુત્વ - સર્વથી થોડા નરદેવ કારણકે પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલમાં પ્રત્યેક ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રમાં બાર-બાર જ ચક્રવર્તી ક્રમશ: થાય છે. એક મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયમાંથી એક સાથે. ઉત્કૃષ્ટ ૨૮ વિજયમાં ચક્રવર્તી અને ચાર વિજયમાં વાસુદેવ હોય છે. તેથી પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં ૨૮ x ૫ = ૧૪૦ અને તે સમયે પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં એક-એક ચક્રવર્તી હોય તો ૧૪૦ + ૧૦ = ૧૫૦ ચક્રવર્તી જ હોય છે.

(૨) તેનાથી દેવાધિદેવ સંખ્યાતગુણા છે કારણ કે તે ઉત્કૃષ્ટ ૧૭૦ હોઈ શકે છે.

મહાવિદેહ ક્ષેત્રમાં જઘન્ય ૨૦. એક મહાવિદેહક્ષેત્રમાં ચાર તીર્થંકર હોય તો પાંચ મહાવિદેહક્ષેત્રમાં ૫ x ૪ = ૨૦ તીર્થંકર થાય.

જ્યારે મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજયમાં દરેકમાં તીર્થંકર હોય તો પાંચ મહાવિદેહક્ષેત્રમાં ૩૨ x ૫ = ૧૬૦ થાય અને તે જ સમયે પાંચ ભરત અને પાંચ ઐરવતક્ષેત્રમાં એક-એક તીર્થંકર હોય તો ૧૬૦ + ૧૦ = ૧૭૦ તીર્થંકર ઉત્કૃષ્ટ થાય.

(૩) તેનાથી ધર્મદેવ સંખ્યાતગુણા છે કારણ કે તે એક સમયે જઘન્ય ઉત્કૃષ્ટ અનેક હજાર ક્રોડ હોય છે.

(૪) તેનાથી ભવિય દ્રવ્યદેવ અસંખ્યાતગુણા છે કારણ દેવગતિમાં જનારા દેશવિરતિ, અવિરતિ સમયગ્દ્દષ્ટિ આદિ (તિર્યંચ પંચેન્દ્રિય) અસંખ્યાતા છે.

(૫) તેથી ભાવદેવ અર્થાત ચારે જાતિના દેવો સ્વભાવત: અસંખ્યાતા જ છે.

| વિશેષ : અવગાહનાદ્વાર | | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|---|
| ૧. | ભવિય દ્રવ્યદેવની | અંગુલનો અસં. મો ભાગ | ૧૦૦૦ યોજન |
| ૨. | નરદેવની | સાત ધનુષ્ય | ૫૦૦ ધનુષ્ય |
| ૩. | ધર્મદેવની | બે હાથ | ૫૦૦ ધનુષ્ય |
| ૪. | દેવાધિદેવની | સાત હાથ | ૫૦૦ ધનુષ્ય |
| ૫. | ભાવદેવની | એક હાથ | સાત હાથ |

| પાંચ દેવનું સંક્ષિપ્ત વિવરણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | દ્વાર | ભવિયદ્રવ્યદેવ | નરદેવ | ધર્મદેવ | દેવાધિદેવ | ભાવદેવ |
| ૧ | આગતિ | ચારગતિના ૨૮૪ ભેદ | પ્રથમ નરક + ૮૧ દેવ ૮૨ ભેદ | ચાર ગતિના ૨૭૫ ભેદ | ત્રણ નરક + ૩૫ વૈમાનિકદેવ= ૩૮ ભેદ | મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિયના ૧૧૧ ભેદ |
| ૨ | ગતિ | દેવની ૧૯૮ ભેદની | નરકની સાત નરકના પર્યા. અપર્યા. કુલ ૧૪ ભેદની | વૈમાનિક દેવ ૭૦ ભેદની અથવા મોક્ષ | મોક્ષની | મનુષ્ય, તિર્યંચના ૪૬ ભેદ |
| ૩ | ભવસ્થિતિ | જઘ. અંતર્મુહૂર્ત ઉ. ત્રણ પલ્ય | જઘ.૭૦૦ વર્ષ ઉ.૮૪ લાખ પૂર્વ | જઘ. અંતર્મુહૂર્ત ઉ. દેશોન ક્રોડ પૂર્વ | જઘ. ૭૨ વર્ષ ઉ. ૮૪ લાખ પૂર્વ. | જઘ. ૧૦,૦૦૦ વર્ષ ઉ. ૩૩ સાગરોપમ. |
| ૪ | કાયસ્થિતિ સંચિઠ્ઠણા | ઉપર પ્રમાણે | ઉપર પ્રમાણે | જઘ. એક સમય ઉ. ઉપર પ્રમાણે | ઉપર પ્રમાણે | ઉપર પ્રમાણે |
| ૫ | વિકુર્વણા | જઘ.૧,૨,૩ ઉ.સંખ્યાત અસંખ્યાત | ભવિયદ્રવ્ય દેવ પ્રમાણે | ભવિયદ્રવ્ય દેવ પ્રમાણે | શક્તિ છે પણ બનાવે નહીં | ભવિયદ્રવ્ય દેવ પ્રમાણે |
| ૬ | અવગાહના | જ :અં.અસં. ભાગ ઉ.૧૦૦૦ યોજન | જઘ.૭ ધનુષ ઉ. ૫૦૦ ધનુષ્ય | જઘ.બે હાથ ઉ. ૫૦૦ ધનુષ્ય | જઘ.સાત હાથ ઉ. ૫૦૦ ધનુષ્ય | જઘ.એક હાથ ઉ. સાત હાથ |

## પાંચ દેવનું સંક્ષિપ્ત વિવરણ

| ક્રમ | દ્વાર | ભવિયદ્રવ્યદેવ | નરદેવ | ધર્મદેવ | દેવાધિદેવ | ભાવદેવ |
|---|---|---|---|---|---|---|
| ૭ | અંતર | જઘ.અંતર્મુહૂર્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ ઉ. અનંતકાલ | જઘ.સાધિક એક સાગરો. ઉ.અર્ધ પુદ્ગલ પરાવર્તન | જઘ.બે પલ્યોપમ ઉ. અર્ધ પુદ્ગલ પરાવર્તન | × | જઘ.અંતર્મુહૂર્ત ઉ. અનંતકાલ |
| ૮ | અલ્પબહુત્વ | અસંખ્યાત ગુણા ૪ | સર્વથી થોડા ૧ | સંખ્યાતગુણા ૩ | સંખ્યાતગુણા ૨ | અસંખ્યાતગુણા ૫ |

◈ **નોંધ : કોષ્ટમાં અલ્પબહુત્વનો ક્રમ ક્રમાંક પ્રમાણે સમજવા.**

**આખા સંસાર કાળમાં તીર્થંકર પદ ૧ વાર, ચક્રવર્તીપણું ૨ વાર, વાસુદેવ પદ ૩ વાર, આહારક લબ્ધિ ચાર ૪ વાર આવી શકે છે.**

# માર્ગણાની સમજણ

## જીવની માર્ગણાના ૫૬૩ ભેદ

**તિર્છાલોકમાં જીવના ભેદ**: તિર્યંચના-૪૮ + મનુષ્યના ૩૦૩ + દેવતાના ૭૨ = ૪૨૩ ભેદ.

તિર્ચ્છાલોકમાં ૨૬ ભેદ વાણવ્યંતર દેવ તથા ૧૦ ભેદ જ્યોતિષિ દેવ છે ૨૬+૧૦ = ૩૬ તેના અપર્યાપ્તા અને પર્યાપ્તા = ૭૨ ભેદ દેવતા.

**૧૭૬ - લવણ સમુદ્ર ત્રસ એકાંત મિથ્યાત્વીમાં**: લવણ સમુદ્રના તિર્યંચના ૪૮ ભેદ છે પરંતુ ત્રસ મિથ્યાત્વી ૩ વિક. + ૫ અ.તિ.પંચેના પર્યાપ્તા છે. લવણ સમુદ્રમાં ૫૬ અંતર દ્વીપના મનુષ્યના અપર્યાપ્તા, પર્યાપ્ત અને તેના જ સંમુર્ચ્છિમ ૫૬X૩ = ૧૬૮ ભેદ છે. તે એકાંત મિથ્યાત્વી હોય છે.


૮+૧૬૮ = ૧૭૬ ભેદ

**૧૮૭ - અભાષક મનુષ્ય એક સંસ્થાનીમાં**: ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્યને હુંડ સંસ્થાન હોય છે અને ૮૬ જુગલિયા મનુષ્યને સમચતુરસ્ત્ર એક જ સંસ્થાન હોય છે. તેના અપર્યા. અભાષક હોય છે. ૧૦૧+૮૬ = ૧૮૭ ભેદ

**૧૯૭ -એક વેદી ચક્ષુરિન્દ્રિયમાં**: નારકી + ચૌરેન્દ્રિય + અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય + સમુર્ચ્છિમ મનુષ્યને ફક્ત નપુસંક વેદ હોય છે તેમજ ૩ જા દેવલોકથી ઉપરના બધા જ એટલે કે અનુત્તર વિમાન સુધીના દેવને ફક્ત પુરૂષવેદ હોય છે.

૧૪ + ૧૨ + ૧૦૧ + ૭૦ = ૧૯૭

**વનસ્પતિકાયના ભેદ-૬**



## જીવની માર્ગણાના ૫૬૩ પ્રશ્નો અને ઉત્તરો

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૧ | તિર્છાલોક પંચેન્દ્રિય નપુંસકમાં | ૦ | ૨૦ | ૧૩૧ | ૦ | જ. | ૧૦ અસંજ્ઞી તિ. પંચે.+૧૦ સંજ્ઞી તિ. પંચે = ૨૦ + ૧૦૧ સમુર્ચ્છિમ મનુ.ના અપર્યા. + ૧૫ કર્મભૂમિના અપર્યા ને પર્યાપ્તા = ૧૩૧ | ૧૫૧ |
| ૧૫૨ | તિર્છાલોક પંચેન્દ્રિય શાશ્વતમાં | ૦ | ૧૫ | ૧૦૧ | ૩૬ | જ. | ૨૦ તિ. પંચે.માંથી ૫ સંજ્ઞી તિ. પંચે. અપર્યા વર્જીને ૧૫ + ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા + ૨૬ વાણ. + ૧૦ જ્યો. ના પર્યા. = ૩૬ | ૧૫૨ |
| ૧૫૩ | એકાંત નપુંસક વેદમાં | ૧૪ | ૩૮ | ૧૦૧ | ૦ | | ૧૪ ભેદ નારકીના + ૪૮ માંથી ૧૦ સંજ્ઞીના વર્જીને ૩૮ + ૧૦૧ સમુર્ચ્છિમ મનુ.નાં અપર્યા. | ૧૫૩ |
| ૧૫૪ | તિર્છાલોક ચક્ષુઇન્દ્રિય શાશ્વતા | ૦ | ૧૭ | ૧૦૧ | ૩૬ | | ૨ ચક્ષુ. ના અપ. ને પર્યા.+૨૦ તિ. પંચે. માથી ૫ સંજ્ઞી તિ. પંચેના અપ. વર્જીને ૧૫ + ૧૦૧ સંજ્ઞી મનુ. નાપર્યા + ૨૬ વાણ ૧૦ જ્યોતિષી ૩૬ ના પર્યા. | ૧૫૪ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૫ | તિર્છાલોકમાં પ્રત્યેક શરીર બાદર પર્યાપ્તામાં | ૦ | ૧૮ | ૧૦૧ | ૩૬ | | પર્યાપ્તા તિર્યંચના ૨૪ ભેદમાંથી ૫ સૂક્ષ્મ ને ૧ સાધા. વર્જીને ૧૮ + ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા + ૩૬ દેવના પર્યાપ્તા. | ૧૫૫ |
| ૧૫૬ | તિર્છાલોક બાદર પર્યાપ્તામાં | ૦ | ૧૯ | ૧૦૧ | ૩૬ | જ. | ઉપરના ૧૮માં ૧ સાધા. પર્યા. વધે = ૧૯ + ૧૦૧ ઉપરવત્ + ૩૬ ઉપરવત્. | ૧૫૬ |
| ૧૫૭ | મનુષ્ય એકાંત મિથ્યાત્વી અપર્યાપ્તામાં | ૦ | ૦ | ૧૫૭ | ૦ | જ. | ૧૦૧ સમુર્ચ્છિમ મનુ. અપર્યા અને ૫૬ અંતરદ્વીપા સંજ્ઞીના અપર્યાપ્તા | ૧૫૭ |
| ૧૫૮ | નોગર્ભજ એકાંત મિથ્યાદૃષ્ટિ બાદરમાં | ૧ | ૨૦ | ૧૦૧ | ૩૬ | જ. | ૭ મી નારકીનો અપર્યા + ૨૨ એકે. માંથી ૧૦ સૂ. વર્જીને ૧૨ + ૩ વિ.+ ૫ અસંજ્ઞી તિ. પંચે = ૨૦, ૧૦૧ સમુ. અપર્યા. + ૧૫ પરમાધામી + ૩ કિલ્વિષી = ૧૮ અપર્યા. પર્યા. = ૩૬ | ૧૫૮ |
| ૧૫૯ | તિર્છાલોક પર્યાપ્ત પ્રત્યેક શરીરમાં | ૦ | ૨૨ | ૧૦૧ | ૩૬ | જ. | પર્યાપ્ત ૨૪ માંથી ૨ સાધા. તથા સૂક્ષ્મના વર્જીને = ૨૨ + ૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યા + ૩૬ દેવના પર્યાપ્તા | ૧૫૯ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૦ | તિર્છાલોકમાં કૃષ્ણલેશી સમ્યગ દષ્ટિમાં | ૦ | ૧૮ | ૯૦ | ૫૨ | જ. | ૩ વિકલે અને ૫ અસંજ્ઞી તિ. પંચે = ૮ અપર્યા અને ૧૦ સંજ્ઞી તિ.ના = ૧૮ + ૧૫ કર્મભૂમિ + ૩૦ અકર્મભૂમિ = ૪૫ના અપર્યા. પર્યા = ૯૦ + ૨૬ વાણવ્યંતરના અપ., પર્યા = ૫૨ | ૧૬૦ |
| ૧૬૧ | તિર્છાલોકમાં પર્યાપ્તામાં | ૦ | ૨૪ | ૧૦૧ | ૩૬ | જ. | ૨૪ તિર્યચના પર્યાપ્ત + ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્ત + ૩૬ દેવના પર્યાપ્તા. | ૧૬૧ |
| ૧૬૨ | દેવતા સમ્યગ દષ્ટિમાં | ૦ | ૦ | ૦ | ૧૬૨ | જ. | ૧૯૮ માંથી ૧૫ પરમાધામી, ૩ કિલ્વિષી = ૧૮ નાઅપર્યાપ્ત, પર્યા. વર્જીને ૩૬ = ૧૬૨ | ૧૬૨ |
| ૧૬૩ | સ્ત્રીવેદ અવધિ દર્શનમાં | ૦ | ૫ | ૩૦ | ૧૨૮ | જ. | ૫ સંજ્ઞી તિ. પંચે પર્યા + ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા ને પર્યાપ્તા = ૩૦ + ૬૪ જાતની દેવીના અપર્યા અને પર્યા. = ૧૨૮ | ૧૬૩ |
| ૧૬૪ | પ્રત્યેક શરીર નોગર્ભજ એકાંત મિથ્યાદષ્ટિમાં | ૧ | ૨૬ | ૧૦૧ | ૩૬ | જ. | ૭ મી નારકીનો અપર્યા + એકાંત મિ. ૩૦ માંથી ૨સૂક્ષ્મ + ૨સાધારણના વર્જીને = ૨૬ + ૧૦૧ સમુ. મનુ. અપર્યા + ૩૬ દેવના. | ૧૬૪ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૫ | પંચેન્દ્રિય નપુંસક વેદના | ૧૪ | ૨૦ | ૧૩૧ | ૦ | જ. | ૧૪ નારકીના + ૨૦ તિ. પંચેન્દ્રિયના + ૧૦૧ સમુ. મનુ. ના અપર્યા. અને ૧૫ કર્મભૂમિના અપર્યા. પર્યાપ્તા = ૧૩૧ | ૧૬૫ |
| ૧૬૬ | અભાષક મરવાવાળામાં | ૦ | ૩૫ | ૧૩૧ | ૦ | જ. | ૪૮ તિર્યંચના ભેદ માંથી ૧૩ વચનજોગી વર્જીને ૩૫ + ૧૦૧ સમુ. મનુ. અપર્યા. + ૧૫ કર્મભૂમિના અપર્યા – ૧૫ પર્યા તે (કેવલી સમુદ્દ્ઘાત આશ્રી) ૧૩૧ | ૧૬૬ |
| ૧૬૭ | કૃષ્ણલેશી ઘ્રાણેન્દ્રિય વચનયોગીમાં | ૩ | ૧૨ | ૧૦૧ | ૫૧ | જ. | ૫, ૬, ૭ = ૩ નારકીના પર્યાપ્તા + ૧૩ વચનયોગીમાં બેઈ.ના પર્યાપ્તા વર્જીને = ૧૨ + ૧૦૧ સંજ્ઞી. મનુ. પર્યા + ૫૧ જાતિના પર્યાપ્તા. | ૧૬૭ |
| ૧૬૮ | કૃષ્ણલેશી વચનયોગીમાં | ૩ | ૧૩ | ૧૦૧ | ૫૧ | જ. | ઉપરના તિર્યંચના૧૨ અને બેઈ. પર્યા. વધ્યા = ૧૩ + ૧૦૧ સંજ્ઞી મનુષ્યનાં પર્યાપ્તા + ૧૦ ભવન., ૧૫ પરમાધામી, ૨૬ વાણવ્યંતર = ૫૧ પર્યાપ્તા. | ૧૬૮ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૯ | તિર્છાલોકમાં નોગર્ભજ કૃષ્ણલેશી ત્રસમાં | ૦ | ૧૬ | ૧૦૧ | ૫૨ | જ. | ૬ વિકલે, ૧૦ અસંજ્ઞી તિ. પંચે = ૧૬ + ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૨૬ વાણવ્યંતરના અપર્યા. ને પર્યાપ્ત = ૫૨ | ૧૬૯ |
| ૧૭૦ | તેજો લેશી વચનયોગીમાં | ૦ | ૫ | ૧૦૧ | ૬૪ | જ. | ૫ સંજ્ઞી તિર્યચના પર્યાપ્તા + ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા + ૬૪ જાતિના દેવના પર્યાપ્તા | ૧૭૦ |
| ૧૭૧ | નોગર્ભજ કૃષ્ણલેશી ત્રસ મરવાવામાં | ૩ | ૧૬ | ૧૦૧ | ૫૧ | જ. | ૫, ૬, ૭ = ૩ નરકમાં પર્યાપ્તા + ૬ વિકલે., ૧૦ અસંજ્ઞી તિ. પંચે. ના = ૧૬ + ૫૧ જાતિના દેવનાં પર્યાપ્તા | ૧૭૧ |
| ૧૭૨ | કૃષ્ણેલેશી સ્ત્રીવેદ સમ્યગ દૃષ્ટિમાં | ૦ | ૧૦ | ૯૦ | ૭૨ | જ. | ૫ સંજ્ઞી તિર્યચનાં અપર્યાપ્તા, પર્યાપ્તા = ૧૦ + ૧૫ કર્મભૂમિ અ ૩૦ અકર્મભૂમિ = ૪૫ અપર્યાપ્તા, પર્યાપ્તા = ૯૦ + ૧૦ ભવન, ૨૬ વાણ, ૩૬ ના અપર્યા અને પર્યા = ૭૨ | ૧૭૨ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૩ | તેજોલેશી અભાષકમાં | ૦ | ૮ | ૧૦૧ | ૬૪ | જ. | બાદર-પૃથ્વી, અપ. પ્રત્યેક વનસ્પતિ = ૩ના અપર્યા. ૫ સંજ્ઞી તિ. પંચે અપર્યા = ૮ । ૧૦૧ સંજ્ઞી મનુ. ના અપર્યા । ૬૪ જાતિના દેવના અપર્યાપ્તા. | ૧૭૩ |
| ૧૭૪ | નોગર્ભજ કૃષ્ણલેશી અપર્યાપ્તમાં | ૩ | ૧૯ | ૧૦૧ | ૫૧ | જ. | ૫, ૬, ૭ = ૩ નરકના અપર્યાપ્તા । નોગર્ભજ તિર્યચના ૩૮ ભેદ છે તેમાં ૧૯ અપર્યાપ્તા । ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા । ૫૧ જાતિના દેવના અપર્યાપ્તા | ૧૭૪ |
| ૧૭૫ | ઔદારિક શરીર ચાર લેશીમાં | ૦ | ૩ | ૧૭૨ | ૦ | જ. | બાદર-પૃથ્વીકાય, અપકાય, પ્ર. વનસ્પતિ = ૩નાં અપર્યાપ્તા । ૮૬ જાતિનાં જાુગલિયાનાં અપર્યાપ્તા અને પર્યાપ્તા ૧૭૨ | ૧૭૫ |
| ૧૭૬ | લવણસમુદ્ર ત્રસ એકાંત મિથ્યાત્વીમાં | ૦ | ૮ | ૧ | ૬ ૮ | જ. | ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યચ પંચે = ૮ ના પર્યાપ્તા । ૫૬ અંતરદ્વીપના સંજ્ઞી મનુષ્યના અપર્યાપ્તા, પર્યાપ્તા, ૫૬ સમુર્ચ્છિમ મનુ. ના અપર્યાપ્તા. ૫૬ x ૩ = ૧૬૮ | ૧૭૬ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૭ | તિર્છા લોકમાં પંચેન્દ્રિયમાં સમ્યગ્ દષ્ટિમાં | ૦ | ૧૫ | ૯૦ | ૭૨ | જ. | તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદમાંથી ૫ અસંજ્ઞી તિ. પંચે પર્યાપ્તા ઘટયા તેથી ૧૫ + ૧૫ કર્મભૂમિ અને ૩૦ અકર્મભૂમિ = ૪૫ અપર્યા, પર્યા = ૯૦ + ૨૬ વાણ ૧૦ જયો. = ૩૬ ના અપર્યા, પર્યા = ૭૨ | ૧૭૭ |
| ૧૭૮ | તિર્છાલોક ચક્ષુઈન્દ્રિય સમ્યગ દષ્ટિમાં | ૦ | ૧૬ | ૯૦ | ૭૨ | જ. | ઉપરના ૧૫ બેદ તેમાં ચૌરેન્દ્રિય અપર્યા વધ્યા = ૧૬ + ૯૦ ઉપરવત્ + ૭૨ ભેદ ઉપરવત્. | ૧૭૮ |
| ૧૭૯ | તિર્છાલોકમાં સમુચ્ચય નપુંસક વેદમાં | ૦ | ૪૮ | ૧૩૧ | ૦ | જ. | ૪૮ ભેદ તિર્યંચના + ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્યનાં અપર્યાપ્તા અને ૧૫ કર્મભૂમિ નાં અપર્યાપ્તાને પયાપ્તા = ૧૩૧ | ૧૭૯ |
| ૧૮૦ | તિર્છાલોક સમ્યગ દષ્ટિમાં | ૦ | ૧૮ | ૯૦ | ૭૨ | જ. | ત્રાણ વિક અને ૫ અસંજ્ઞી તિ. ના અપર્યા અને ૫ સંજ્ઞી તિ. ના પર્યા અને અપર્યા. ૧૮ ભેદ ૯૦ ઉપરવત્ + ૭૨ ઉપરવત્ | ૧૮૦ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮૧ | નોગર્ભજ ચક્ષુઈન્દ્રિય સમ્યગ દૃષ્ટિમાં | ૧૩ | ૬ | ૦ | ૧૬૨ | જ. | ૧૪ ભેદમાંથી ૭ મી નારકીનો અપર્યાપ્તો વર્જીને ૧૩ + ચૌરે., ૫ અસંજ્ઞી તિ. પંચે = ૬ અપર્યા + ૧૯૮ માંથી ૧૫ પરમાધામી, ૩ કિલ્વિષી = ૧૮ ના અપર્યા, પર્યા વર્જીને = ૧૬૨ | ૧૮૧ |
| ૧૮૨ | નોગર્ભજ ઘ્રાણેન્દ્રિય સમ્યગ દૃષ્ટિમાં | ૧૩ | ૭ | ૦ | ૧૬૨ | જ. | ૧૩ ભેદ ઉપરવત્ + ઉપરના ૬ માં તેઈન્દ્રિય અપર્યાપ્તો વધે = ૭ + ૧૬૨ ઉપરવત્ | ૧૮૨ |
| ૧૮૩ | નોગર્ભજ સમ્યગ દૃષ્ટિમાં | ૧૩ | ૮ | ૦ | ૧૬૨ | જ. | ૧૩ ભેદ ઉપરવત્ + ઉપરના ૭ તેમાં બેઈન્દ્રિય અપર્યાપ્તો વધે = ૮ + ૧૬૨ ઉપરવત્ | ૧૮૩ |
| ૧૮૪ | મિશ્રયોગી દેવતા વૈક્રિય શરીરમાં | ૦ | ૦ | ૦ | ૧૮૪ | જ. | ૧૯૮ ભેદમાંથી ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન ૧૪ પર્યાપ્તા ઘટે કેમકે તેઓ પર્યાપ્તા ઉત્તર વૈક્રિય કરતાં નથી. | ૧૮૪ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮૫ | કૃષ્ણલેશી સમ્યગ દ્રષ્ટિમાં | ૫ | ૧૮ | ૯૦ | ૭૨ | જ. | ૫, ૬ = ૨ નરકના અપર્યા ૫, ૬, ૭ મી નરકના પર્યા = ૫/૩ વિકલે + ૫ અસંજ્ઞી તિ. પંચે, ૮ અપર્યા + ૧૦ સંજ્ઞીના = ૧૮ + ૧૫ + ૩૦ = ૪૫ અપર્યા-પર્યા = ૯૦ મનુષ્યના + ૩૬ ના અપર્યા-પર્યા = ૭૨ દેવના | ૧૮૫ |
| ૧૮૬ | નીલલેશી સમ્યગ દ્રષ્ટિમાં | ૬ | ૧૮ | ૯૦ | ૭૨ | જ. | ૩, ૪, ૫ એ. ૩ નરકના અપર્યાપ્તા ને પર્યાપ્તા = ૬ + ૧૮ ઉપરવત્ + ૯૦ ઉપરવત્ + ૭૨ ઉપરવત્ | ૧૮૬ |
| ૧૮૭ | અભાષક મનુષ્ય એક સંસ્થાનીમાં | ૦ | ૦ | ૧૮૭ | ૦ | જ. | ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્યનાં અપર્યાપ્તા + ૮૬ જાતના જુગલિયાનાં અપર્યાપ્તા | ૧૮૭ |
| ૧૮૮ | વિભંગજ્ઞાની દેવતાઓમાં | ૦ | ૦ | ૦ | ૧૮૮ | જ. | ૧૯૮ ભેદમાંથી ૧૦ અનુત્તર વિમાનના વર્જીને ૧૮૮ | ૧૮૮ |
| ૧૮૯ | તિર્છાલોક નોગર્ભજ ત્રસમાં | ૦ | ૧૬ | ૧૦૧ | ૭૨ | | ૨૬ ત્રસમાંથી ૧૦ સંજ્ઞી વર્જીને ૧૬ + ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા + ૩૬ ના અપર્યા. ને પર્યાપ્તા = ૭૨ દેવતાના | ૧૮૯ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૦ | લવણસમુદ્રમાં ચક્ષુઈન્દ્રિયમાં | ૦ | ૨૨ | ૧૬૮ | ૦ | જ. | ૨ ચૌરે. + ૨૦ તિર્યંચ પંચેન્દ્રિય ૨૨ + ૫૬ સમુચ્છિંમ મનુ. અપર્યા. ૫૬ સંજ્ઞી મનુ. ના અપર્યા. પર્યા. તેથી ૫૬ x ૩ = ૧૬૮ | ૧૯૦ |
| ૧૯૧ | તિર્છાલોક કૃષ્ણલેશી નોગર્ભજમાં | ૦ | ૩૮ | ૧૦૧ | ૫૨ | જ. | ૪૮માં ૧૦ સંજ્ઞીના વર્જીને ૩૮ + ૧૦૧ સમુચ્છિંમ મનુષ્યના અપર્યાપ્તા + ૨૬ વાણવ્યંતરના અપર્યા. પર્યાપ્તા = ૫૨ દેવ | ૧૯૧ |
| ૧૯૨ | લવણ સમુદ્રમાં ઘ્રાણેન્દ્રિયમાં | ૦ | ૨૪ | ૧૬૮ | ૦ | જ. | ઉપરના ૨૨માં, તેઈન્દ્રિય વધે = ૨૪ + ૧૬૮ ઉપરવત્ | ૧૯૨ |
| ૧૯૩ | સમુચ્ચય નપુંસક વેદમાં | ૧૪ | ૪૮ | ૧૩૧ | ૦ | જ. | ૧૪ ભેદ નારકીના + ૪૮ ભેદ તિર્યંચના + ૧૦૧ સમુચ્છિંમ મનુ. ના અપર્યા અને ૧૫ કર્મભૂમિના અપર્યા. ને પર્યા. = ૩૦ = ૧૩૧ | ૧૯૩ |
| ૧૯૪ | લવણસમુદ્ર ત્રસ જીવોમાં | ૦ | ૨૬ | ૧૬૮ | ૦ | | ઉપરના ૨૪ માં ૨ બેઈન્દ્રિયના વધાતા ૨૬ + ૧૬૮ ઉપરવત્ | ૧૯૪ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૫ | સમ્યગ દૃષ્ટિ વૈક્રિય શરીરમાં | ૧૩ | ૫ | ૧૫ | ૧૬૨ | જ. | ૧૪ ભેદમાંથી ૭મી નરકનો અપર્યા, ઘટે = ૧૩ + ૫ સંજ્ઞી તિ. પંચે. પર્યા + ૧૫ કર્મભૂમિના પર્યા + ૧૯૮ માંથી ૩૬ વર્જીને ૧૬૨ દેવતાના | ૧૯૫ |
| ૧૯૬ | તેજોલેશી સમ્યગ દૃષ્ટિમાં | ૦ | ૧૦ | ૯ | ૦ | જ. | ૧૦ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયનાં + ૧૫ કર્મભૂમિ + ૩૦ અકર્મભૂમિ = ૪૫ ના અપર્યાપ્તા ને પર્યાપ્તા = ૯૦ + ૧૦ ભવ. ૨૬ વાણ. ૧૦ જ્યો. ૧, ૨ દેવ = ૪૮ ના અપર્યા. પર્યા = ૯૬ દેવતાના | ૧૯૬ |
| ૧૯૭ | એકવેદી ચક્ષુઈન્દ્રિયમાં | ૧૪ | ૧૨ | ૧૦૧ | ૭૦ | જ. | ૧૪ ભેદ નારકીનાં + ૨ ચૌરે. ૧૦ અસંજ્ઞી તિ. પંચે. + ૧૦૧ સમુચ્છિર્મ મનુષ્યના અપર્યા + ૩ થી ૧૨ દેવ ૨ જું, ૩ જું કિલ્વીષી. ૯ લો. ૯ ગ્રૈ. ૫ અનુ. = ૩૫ ના અપ. પર્યા = ૭૦ | ૧૯૭ |
| ૧૯૮ | એકાંત મિથ્યાત્વી અભાષકમાં | ૧ | ૨૨ | ૧૫૭ | ૧૮ | જ. | ૭મી નારકીનો અપર્યા, + ૨૨ એકેન્દ્રિય + ૧૦૧ સમુ. મનુ. અપર્યા, ૫૬ અંતર. અપર્યા = ૧૫૭ + ૧૫ પરમાધામી, ૩ કિલ્વીષી = ૧૮ અપર્યા. | ૧૯૮ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | ... | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯ | નોગર્ભજ વૈક્રિય મિશ્રયોગીમાં | ૧૪ | ૧ | ૦ | ૧૮૪ | જ. | ૧૪ ભેદ નારકીના + બાદર વાઉનો પર્યાપ્તો ૧ + ૧૯૮ માંથી ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર એ ૧૪ પર્યાપ્તા વર્જીને ૧૮૪ | ૧૯૯ |
| ૨૦૦ | વચનયોગી ત્રણ શરીરમાં | ૭ | ૮ | ૮૬ | ૯૯ | જ. | ૭ નારકીનાં પર્યાપ્તા + ૩ વિકલે + ૫ અસંજ્ઞી તિ. પંચે = ૮ પર્યાપ્તા + ૮૬ જુગલિયાનાં પર્યાપ્તા + ૯૯ દેવનાં પર્યાપ્તા. | ૨૦૦ |
| | | | | | | | | |
| | | | | | | | | |

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સઃ ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Naidu Colony, Pantnagar, Ghatkopar (E), Mumbai- 400075

**E-mail: jainshikshanboard@gmail.com** **Website: www.jainshikshan.org**

### Our Website

Contact Details of Shikshan Board office (Phone & Email)
News and Events related to examination and breaking news
Know Goals and Visions of Board
Facility to enroll for forth coming exam online
Historical exams and answer papers available form 2016
Download online Shreni books
Schedule of forth coming Shreni exams available
Access Photographs of various events
View Past exams results

Scan for Website

### વેબ સાઇટમાં માહિતી

શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
ઘર બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.
2016 થી પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકશો.
પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
પ્રોગ્રામના ફોટા જોઈ શકાશે.
ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઇ શકશો.

Scan to exam registration

# પાંચ દેવ



દેવાધિદેવ



ધર્મ દેવ



નરદેવ



ભવિયદ્રવ્ય દેવ



ભાવદેવ